# અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654




**પેજ-08**

સોનાલીની એક ઝલક ના મળતા ફેને આત્મહત્યા કરી લીધી :તળાવમાં કૂદીને જીવ આપી...

**પેજ-09**

ન્યૂઝીલેન્ડના લોકી ફર્ગ્યુસને રચ્યો ઈતિહાસ, પહેલીવાર નોંધાયો આવો રેકોર્ડ



**હવામાન**

| શહેર | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અમદાવાદ | 38.00 | 29.00 |
| વડોદરા | 37.00 | 28.00 |
| સુરત | 32.00 | 28.00 |


પેજ 5



શેરબજારમાં વિક્રમી તેજી, સેન્સેક્સ 77,326 અને નિફ્ટી 23,573ને સ્પર્શ્યો...

**19** JUNE-2024 WEDNESDAY

પુતિન 24 વર્ષ બાદ ઉત્તર કોરિયાની મુલાકાત લેશે:એરપોર્ટ પર...



પેજ 10

**શેરબજાર**

| | | | |
|---|---|---|---|
| સેન્સેક્સ | 77301.14 | ▲ | 308.37 |
| નિફ્ટી | 23557.90 | ▲ | 092.30 |
| સોનું | 71687.00 | ▲ | 237.00 |
| ચાંદી | 88965.00 | ▲ | 145.00 |


વર્ષ-13 । અંક-215 । વિક્રમ સંવત-2080 । જેઠ સુદ-12 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક


### હું દિવસ-રાત આવી જ રીતે મહેનત કરીશ : વડાપ્રધાન

# 'મા ગંગાએ મને દત્તક લીધો' : મોદી

## ત્રીજી વખત PM બન્યા બાદ નરેન્દ્ર મોદી આજે પ્રથમ વખત કાશી પહોંચ્યા

(એજન્સી) નવી દિલ્હી | તા.18

ત્રીજી વખત પીએમ બન્યા બાદ મોદી પહેલી વાર તેમની લોકસભા બેઠક વારાણસીની મુલાકાતે છે. વડાપ્રધાન મોદી અને યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે મા ગંગાની પૂજા કરી. ત્યારબાદ PMએ ગંગા આરતી પણ કરી છે. PMએ 9.60 કરોડ ખેડૂતોને સન્માન નિધિનો 17મો હપ્તો જાહેર કર્યો. તેમણે ખેડૂતોના ખાતામાં 20 હજાર કરોડ રૂપિયા જમા કરાવ્યા.

PMએ 27 મિનિટ સુધી ભાષણ આપ્યું. મોદીનું ફોકસ ખેડૂતો, મહિલાઓ, વિકાસ અને કાશી પર હતું. તેમણે વિરોધ અને રાજકારણ વિશે વાત કરી ન હતી. PMએ કહ્યું- ચૂંટણી જીત્યા બાદ અમે પહેલીવાર બનારસ ઓઈલની મુલાકાત લીધી. જનતા જનાર્દનને અમારી શુભેચ્છાઓ, કાશીની જનતાએ અમને તેમના પ્રતિનિધિ તરીકે સતત ચૂંટીને અમને આશીર્વાદ આપ્યા છે. હવે માતા ગંગાએ પણ મને દત્તક લીધો છે.



### મોદીએ પીએમ કિસાન યોજનાનો 17મો હપ્તો કર્યો રિલિઝ

ખેડૂતો માટે આજે સારા સમાચાર છે. PM કિસાન સન્માન નિધિ યોજનાનો 17મો હપ્તો આજે વડાપ્રધાન મોદીએ વારાણસીથી ખેડૂતોના બેન્ક એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યો છે. દેશના 9.26 કરોડ ખેડૂતોના ખાતામાં 20 હજાર કરોડ રૂપિયાની રકમ ડીબીટીના માધ્યમથી મોકલવામાં આવી છે. વડાપ્રધાન પદના શપથ ગ્રહણ કર્યા બાદ સૌથી પહેલા વડાપ્રધાન મોદીએ કિસાન સન્માન નિધિ યોજનાના 17મા હપ્તાને ઈસ્યુ કરવાને લઈ ફાઈલ પર હસ્તાક્ષર કર્યા હતા, ત્યારબાદ આજે ખેડૂતોના બેન્ક ખાતામાં આ રકમ મોકલવામાં આવી છે.

**9.26 કરોડ ખેડૂતોના ખાતામાં 20 હજાર કરોડ રૂપિયાની રકમ કરાઈ ટ્રાન્સફર**

### 60 વર્ષ પહેલા ભારતમાં આવું બન્યું હતું: PM

પીએમ મોદીએ કહ્યું કે આ ચૂંટણીમાં દેશની જનતાએ જે જનાદેશ આપ્યો છે તે ખરેખર અભૂતપૂર્વ છે. આ આદેશે એક નવો ઈતિહાસ રચ્યો છે. વિશ્વના લોકતાંત્રિક દેશોમાં એવું ભાગ્યે જ જોવા મળ્યું છે કે ચૂંટાયેલી સરકાર સતત ત્રીજી વખત પરત ફરે છે, પરંતુ આ વખતે ભારતની જનતાએ કરી બતાવ્યું છે. આવું 60 વર્ષ પહેલા ભારતમાં બન્યું હતું.

### હું તમારા સપના પૂરા કરવાનો પ્રયાસ કરીશ: પીએમ

પીએમ મોદીએ કહ્યું કે હું તમારા સપના અને સંકલ્પોને પૂરા કરવાના તમામ પ્રયાસ કરીશ. ખેડૂતો, યુવાનો, મહિલા શક્તિ અને ગરીબોને ભારતના મજબૂત સ્તંભ માનવામાં આવે છે. સરકાર બન્યા બાદ આને લગતો પહેલો નિર્ણય લેવામાં આવ્યો હતો. સાચા ઈરાદા સાથે સેવાની ભાવના હોય ત્યારે ખેડૂતો માટે કામ થાય છે. વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થામાં કૃષિ એક મોટી ભૂમિકા ભજવે છે.

# સુપ્રીમે NTAની ઝાટકણી કાઢી

## NEET વિવાદ પર સુપ્રીમ કોર્ટે કહ્યું, છેતરપિંડીથી ડૉક્ટર બનેલી વ્યક્તિ ખતરનાક હોય છે

(એજન્સી) નવી દિલ્હી | તા.18

મંગળવારે સુપ્રીમ કોર્ટમાં NEET-UG વિવાદ પર ગ્રેસ માર્ક્સ સંબંધિત અરજી પર સુનાવણી થઈ. કોર્ટે કહ્યું, 'જો કોઈની તરફથી 0.001% પણ બેદરકારી હોય તો તેની સાથે સંપૂર્ણ રીતે કાર્યવાહી થવી જોઈએ. બાળકોએ પરીક્ષાની તૈયારી કરી છે, અમે તેમની મહેનતને ભૂલી શકતા નથી.

બેન્ચે સરકાર અને એનટીએને એમ પણ કહ્યું હતું કે કલ્પના કરો કે જે વ્યક્તિ સિસ્ટમ સાથે છેતરપિંડી કરે છે તે ડૉક્ટર બને છે, તે સમાજ માટે એનાથી પણ વધુ ખતરનાક છે. અગાઉ 2015માં સુપ્રીમ કોર્ટે આવી જ ટિપ્પણી કરી હતી અને ઓલ ઈન્ડિયા પ્રી-મેડિકલ ટેસ્ટ પરીક્ષા રદ કરી હતી. ત્યારે કોર્ટે કહ્યું, 'જો એકપણ નકલી ડોક્ટર મળી આવે તો સમગ્ર પરીક્ષા રદ કરવી જોઈએ. પરીક્ષામાં ઈલેક્ટ્રોનિક ઉપકરણોનો ઉપયોગ થયો હોવાના પુરાવા છે, પરંતુ કેટલા વિદ્યાર્થીઓએ એનો ઉપયોગ કર્યો એ કહી શકાય નહીં. આવી સ્થિતિમાં પરીક્ષા રદ કરવી જરૂરી છે. NTA એ પરિણામ જાહેર કર્યા પછી ઉમેદવારોએ પ્રશ્નો ઉઠાવ્યા, પછી NTAએ કહ્યું કે 'સમયના નુકસાન'ને કારણે, કેટલાંક બાળકોને ગ્રેસ માર્ક્સ આપવામાં આવ્યા છે.



### 0.001 ટકાની બેદરકારી હોય તો કાર્યવાહી થવી જોઇએ

સુપ્રીમ કોર્ટે મંગળવારે NEET પરીક્ષામાં કથિત ગેરરીતિઓ અંગે દાખલ અરજી પર સુનાવણી કરી હતી. આ દરમિયાન કોર્ટે નેશનલ ટેસ્ટિંગ એજન્સી (NTA)ને ધારદાર સવાલો કર્યા હતા. કોર્ટે કહ્યું કે જો NEET પરીક્ષામાં 0.001 ટકા બેદરકારી હોય તો પણ તેની સામે કાર્યવાહી થવી જોઈએ.

### બાળકોની મહેનતને ભૂલી ન શકાય - સુપ્રીમ કોર્ટ

સુપ્રીમ કોર્ટે NTA અને કેન્દ્રને જવાબ આપવાનો નિર્દેશ આપ્યો છે. . સુપ્રીમ કોર્ટે કેન્દ્ર અને NTAને કહ્યું કે જો કોઈની તરફથી 0.001 ટકા પણ બેદરકારી હોય તો તેની સાથે સંપૂર્ણ રીતે કાર્યવાહી થવી જોઈએ. બાળકોએ પરીક્ષાની તૈયારી કરી છે અમે તેમની મહેનતને ભૂલી શકતા નથી.

**Quick Read**

### હિમાચલ પ્રદેશના સીએમ સુખુની પત્નીનો રાજકારણમાં પ્રવેશ, વિધાનસભાની પેટચૂંટણી લડશે

સિમલા| હિમાચલ પ્રદેશ વિધાનસભા અને પશ્ચિમ બંગાળની બે વિધાનસભા બેઠકો પર યોજાનારી પેટાચૂંટણી માટે કોંગ્રેસે તેના ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. કોંગ્રેસે હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુની પત્ની કમલેશ ઠાકુરને પણ ટિકિટ આપી છે. તે કોંગ્રેસના ઉમેદવાર તરીકે દેહરા વિધાનસભા બેઠક પરથી પેટાચૂંટણી લડશે. અગાઉ તેમને હમીરપુર લોકસભા બેઠક પરથી ચૂંટણી લડવાની તૈયારીઓ ચાલી રહી હતી પરંતુ કોંગ્રેસે તેમને તે સમયે ઉમેદવાર બનાવ્યા ન હતા.

### પીએમ મોદીની 'મન કી બાત' 30 જૂનથી ફરી શરૂ, દેશવાસીઓ પાસે વિચારો કર્યા આમંત્રિત

દિલ્હી | PM મોદીએ ચૂંટણીના કારણે ટૂંકા વિરામ બાદ મન કી બાત કાર્યક્રમના આગામી એપિસોડ વિશે ખુશી વ્યક્ત કરી હતી. તેમણે માહિતી આપી હતી કે, આ મહિનાનો મન કી બાત કાર્યક્રમ 30 જૂન, રવિવારના રોજ નક્કી કરવામાં આવ્યો છે. PM નરેન્દ્ર મોદીએ લોકોને MyGov ઓપન ફોરમ, નમો એપ પર લખીને અથવા 1800 11 7800 પર સંદેશ રેકોર્ડ કરીને મન કી બાતના 111મા એપિસોડ માટે તેમના વિચારો અને ઈનપુટ્સ શેર કરવા વિનંતી કરી.

### દિલ્હી મ્યુ.કોર્પો.ના નવા કમિશનર તરીકે IAS અશ્વિની કુમારની નિયુક્તિ કરાઇ

દિલ્હી | દિલ્હીમાં વરિષ્ઠ અમલદારોની બદલીની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આ શ્રેણીમાં ગૃહ મંત્રાલયે IAS અધિકારી અમિત યાદવની બદલી કરી જેઓ નવી દિલ્હી મ્યુનિસિપલ કાઉન્સિલ એટલે કે NDMCના અધ્યક્ષ હતા. એ જ રીતે દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશન કમિશનર જ્ઞાનેશ ભારતીની બદલી કરવામાં આવી છે. ગૃહ મંત્રાલયે 1992 બેચના વરિષ્ઠ IAS અધિકારી અશ્વિની કુમારને દિલ્હી મ્યુનિસિપલ કોર્પોરેશનના નવા કમિશનર તરીકે નિયુક્ત કર્યા છે.

### બિહારના અરરિયાના સિકટીમાં બકરા નદી પર બનેલો પુલ આજે અચાનક તુટી પડ્યો

પટના | બિહારના અરરિયાના સિકટીમાં બકરા નદી પર બનેલો પુલ આજે અચાનક તુટી પડ્યો, જણાવવામાં આવી રહ્યું છે કે બકરા નદી પર બનેલા આ પુલનું ઉદ્ઘાટન પણ હજુ બાકી હતુ અને તે પહેલા જ કરોડો રૂપિયાના ખર્ચે બનેલો આ પુલ ધ્વસ્ત થઈ ગયો. આ પુલ સિકટી બ્લોક વિસ્તારમાં પાદરિયા ઘાટ પર બનાવવામાં આવ્યો હતો. મંગળવારે પુલના 3 પિલર નદીમાં ધસી ગયા અને પુલ તુટી ગયો. પુલ નિર્માણ કરનારી એજન્સીના લોકો ઘટનાસ્થળ પર પહોંચી ગયા છે અને તંત્રની ટીમ પણ આવી પહોંચી છે.

### પત્નીના મોતના આઘાતમાં

# આસામના ગૃહ સચિવની આત્મહત્યા

(એજન્સી) દિશપુર | તા.18

આસામના ગૃહ સચિવ સિલાદિત્ય ચેતિયાએ એક ખાનગી હોસ્પિટલમાં પોતાને ગોળીમારી આત્મહત્યા કરી લીધી છે. તેમણે પત્નીના મોતના આઘાતમાં આવી આ દુ:ખદ પગલું ભર્યું છે. પોલીસે જણાવ્યું કે, ચેતિયાએ ગુવાહાટીની એક ખાનગી હોસ્પિટલના આઈસીયુમાં આત્મહત્યા કરી છે. તેમની પત્નીનું લાંબી બિમારીને કારણે મંગળવારે નિધન થયું હતું. તેમના પત્નીને બ્રેન ટ્યૂમર હતું, જેના કારણે તેઓ ઘણા સમયથી હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. સિલાદિત્ય ચેતિયા વર્તમાનમાં આસામના ગૃહ સચિવની જવાબદારી સંભાળી રહ્યા હતા. આ પહેલા તેમણે તિનસુકિયા અને સોનિતપુર જિલ્લામાં પોલીસ અધિક્ષક તરીકે ફરજ અદા કરી હતી. આ ઉપરાંત તે પહેલા તેમણે આસામ પોલીસની ચોથી બટાલિયનના કમાન્ડન્ટ તરીકે જવાબદારી સંભાળી હતી. તેમણે પોતાની સરકારી રિવોલ્વરથી પોતાને ગોળી મારી, જ્યાં તેમની પત્નીનું મૃત્યુ થયું. ગૃહ સચિવ તરીકે પોસ્ટિંગ કરતા પહેલા તેઓ તિનસુકિયા અને સોનિતપુર જિલ્લાના પોલીસ અધિક્ષક (SP) રહી ચૂક્યા છે.



### રિવોલ્વરથી હોસ્પિટલમાં પોતાને જ ગોળી મારી

પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે, વર્ષ 2009ની બેંચના આઈપીએસ અધિકારી ચેતિયાએ આઈસીયુમાં આત્મહત્યા કરી હતી. તેમણે સર્વિસ રિવોલ્વરથી પોતાને જ ગોળી મારતા તેમનું ઘટનાસ્થળે મોત થયું હતું.

### આસામના પોલીસ મહાનિર્દેશક શોક વ્યક્ત કર્યો

આસામના પોલીસ મહાનિર્દેશક જે.પી.સિંહે એક્સ પર માહિતી આપી છે કે, આસામના ગૃહ સચિવ શિલાદિત્ય ચેતિયાએ આજે સાંજે આત્મહત્યા કરી લીધી છે. ડૉક્ટરોએ થોડી મિનિટો પહેલા જ ચેતિયાના પત્નીનું મોત થયું હોવાની જાહેર કર્યું હતું. તેમના પત્ની લાંબા સમયથી કેન્સર સામે લડી રહ્યા હતા. તેમના પત્નીનું નિધન અને તેમની આત્મહત્યાના કારણે આસામ પોલીસ શોકમાં છે.

### હરિયાણામાં કોંગ્રેસને ફટકો

# ધારાસભ્ય કિરણ ચૌધરીએ તેમની પુત્રી શ્રુતિ સાથે રાજીનામુ આપ્યું

(એજન્સી) ચંદીગઢ | તા.18

હરિયાણામાં કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. કોંગ્રેસના ધારાસભ્ય કિરણ ચૌધરીએ તેમની પુત્રી અને પૂર્વ સાંસદ શ્રુતિ ચૌધરી સાથે રાજીનામું આપી દીધું છે. સૂત્રોના જણાવ્યા અનુસાર કોંગ્રેસ નેતા અને ધારાસભ્ય કિરણ ચૌધરી તેમની પુત્રી શ્રુતિ ચૌધરી સાથે ભાજપમાં જોડાઈ શકે છે. શ્રુતિ ચૌધરી પૂર્વ સાંસદ પણ છે. એવી ચર્ચા છે કે કિરણ ચૌધરી બુધવારે દિલ્હી પહોંચી શકે છે અને ભાજપમાં જોડાઈ શકે છે. કિરણ ચૌધરી હાલમાં હરિયાણાની તોશામ સીટથી ધારાસભ્ય છે.

એવું માનવામાં આવે છે કે કિરણ ચૌધરી ભિવાની-મહેન્દ્રગઢ લોકસભાથી ટિકિટ ન મળવાથી પોતાની પુત્રી શ્રુતિથી નારાજ હતા. બે દિવસ પહેલા ભિવાનીમાં પ્રેસ કોન્ફરન્સ કરીને કિરણે પાર્ટી છોડવાના સંકેત પણ આપ્યા હતા. જો કિરણ ચૌધરી ભાજપમાં જોડાય છે તો હરિયાણા રાજ્યસભાની ચૂંટણીમાં કોંગ્રેસ માટે મુશ્કેલી પડી શકે છે. કિરણે કહ્યું કે કોંગ્રેસને હરિયાણામાં કોઈ ભવિષ્ય દેખાતું નથી. તેણે રાજ્યના પૂર્વ સીએમ ભૂપેન્દ્ર સિંહ હુડ્ડા પર પણ ગંભીર આરોપ લગાવ્યા હતા. હરિયાણામાં વિધાનસભા ચૂંટણીને લઈને કિરણે કહ્યું કે કેટલાક લોકોએ 5 નેતાઓને ઉમેદવાર તરીકે નિયુક્ત કર્યા છે જ્યારે કોઈને ટિકિટ મળવાની નથી.



**પ્રેસ કોન્ફરન્સમાં પાર્ટી પર પ્રહારો કર્યા :** કોઈનું નામ લીધા વિના કિરણ ચૌધરીએ થોડા ઈશારામાં કહ્યું કે હરિયાણામાં લોકસભાની ટિકિટોની વહેંચણીમાં ષડયંત્ર રચવામાં આવ્યું છે. જો રાજ્યમાં ટિકિટોનું વિતરણ યોગ્ય રીતે થયું હોત તો કોંગ્રેસ પાર્ટી ભિવાની અને ગુરુગ્રામની બેઠકો જીતી શકી હોત. આ સાથે તેમણે સોનીપતમાં કોંગ્રેસની જીતને નાની જીત ગણાવી હતી. તેમણે કહ્યું કે, બધા જાણે છે કે કોંગ્રેસ 10 વર્ષ પહેલા ક્યાં હતી અને હવે ક્યાં આવી ગઈ છે.

### જમ્મુ કાશ્મીરના પૂંછમા આતંકીઓએ કર્યુ ફાયરિંગ

(એજન્સી) શ્રીનગર | તા.18

જમ્મુ કાશ્મીરના પૂંછ જિલ્લામાં આતંકી અને સુરક્ષા જવાનો વચ્ચે અથડામણ થયુ હોવાનું સામે આવ્યું છે. કહેવામાં આવી રહ્યું છે કે પૂંછ વિસ્તારમાં પેટ્રોલિંગ કરી રહેલી ટીમ પર આતંકીઓએ ફાયરિંગ કર્યુ. ઘટનાની જાણ થતા જ મોટી સંખ્યામાં સૈન્ય દળ મોકલવામાં આવ્યું છે. પુંછ વિસ્તારમાં બે આતંકવાદીઓની હાજરીના અહેવાલ બાદ વિસ્તારમાં વધારાની ફોર્સ મોકલવામાં આવી હતી.

# NCPના 19 ધારાસભ્યો સંપર્કમાં હોવાનો રોહિત પવારનો દાવો

(એજન્સી) નવી દિલ્હી | તા.18

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીના ધારાસભ્ય અને શરદ પવારના પૌત્ર રોહિત પવારે સોમવારે દાવો કર્યો હતો કે NCPના 19 ધારાસભ્યો તેમના સંપર્કમાં છે. વિધાનસભાના ચોમાસુ સત્ર બાદ તેઓ પાર્ટી બદલવા માટે તૈયાર છે. ચોમાસુ સત્ર બાદ પાર્ટી સુપ્રીમો અને દાદા શરદ પવાર નક્કી કરશે કે તેમાંથી કોને પાર્ટીમાં સામેલ કરવામાં આવશે અને કોને નહીં.

મહારાષ્ટ્ર વિધાનસભાનું સત્ર 27 જૂનથી 12 જુલાઈ સુધી ચાલશે. ઓક્ટોબરમાં વિધાનસભાની 288 સીટો પર ચૂંટણી થઈ શકે છે. મહાવિકાસ અઘાડીએ સાથે મળીને ચૂંટણી લડવાની જાહેરાત કરી છે. 2019ની વિધાનસભા ચૂંટણીમાં NCPને 53 બેઠકો મળી હતી. જુલાઈ 2023 અજિત પવાર પાર્ટી તોડીને 41 ધારાસભ્યો સાથે NDAમાં જોડાયા. એનડીએની મહાગઠબંધન સરકારમાં તેમને ડેપ્યુટી સીએમ બનાવવામાં આવ્યા હતા. રોહિતે કહ્યું- કોંગ્રેસ-શિવસેનાને લોકસભામાં વધુ બેઠક આપવામાં આવી હતી, હવે અમારે જરૂર છે વિધાનસભા ચૂંટણી માટે MVAમાં બેઠકોની વહેંચણી અંગે રોહિત પવારે કહ્યું કે લોકસભા ચૂંટણીમાં અમે શિવસેના અને કોંગ્રેસને ચૂંટણી લડવા માટે વધુ બેઠકો આપી હતી.



### સિક્કિમના મંગનમાં સતત વરસાદમાં 1200થી વધારે પ્રવાસીઓ ફસાયેલા

# BROએ ચુંગથાંગમાં ફસાયેલા 50 ટુરિસ્ટને બચાવ્યા

(એજન્સી) ગંગટોક | તા.18

સિક્કિમમાં ભારે વરસાદને કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ છે. તેવામાં BRO દ્વારા સિક્કિમના ચુંગથાંગથી મંગન સુધી ફસાયેલા 50 પ્રવાસીઓની પ્રથમ બેચને બહાર કાઢવામાં આવી હતી.મહત્વનું છે કે 12 જૂનથી સતત થઈ રહેલા વરસાદથી મંગન સ્થિતિ ગંભીર બની હતી. ઘણી જગ્યાએ ભૂસ્ખલન તેમજ જિલ્લાના કેટલાક મહત્વના ભાગો સાથે સંપર્ક કપાઈ ગયો હતો.

17 જૂને BRO દ્વારા સિક્કિમના ચુંગથાંગથી મંગન સુધી ફસાયેલા 50 પ્રવાસીઓની પ્રથમ બેચને બહાર કાઢવામાં આવી હતી. 12 જૂનથી ભારે વરસાદને કારણે ઉત્તર સિક્કિમમાં નોંધપાત્ર નુકસાન થયું છે, જેના કારણે રસ્તાઓ બ્લોક થયા છે. લગભગ 1200-1500 પ્રવાસીઓ ફસાયા છે.



**પ્રવાસીઓએ વ્યક્ત કર્યો આભાર :** સ્થાનિક જિલ્લા વહીવટીતંત્ર અને એનડીઆરએફની ટીમે બચાવ કામગીરીમાં મદદ કરી હતી, જેના પરિણામે લગભગ 50 પ્રવાસીઓનો બચાવ થયો હતો. જે બદલ પ્રવાસીઓએ BRO ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

**2000 પ્રવાસીઓ ફસાયેલા :** સતત વરસાદ અને ભૂસ્ખલનને કારણે સિક્કિમમાં સ્થિતિ વણસી ગઈ છે. ઉત્તર સિક્કિમ તબાહ થઈ ગયું છે. 2000 પ્રવાસીઓ હજુ પણ અહીં ફસાયેલા છે. સતત વરસાદને કારણે મંગનથી લાચુંગ સુધી ઘણી જગ્યાએ ભૂસ્ખલનને કારણે માર્ગ પરિવહનને ખરાબ અસર થઈ છે. સિક્કિમ પ્રશાસન દ્વારા પ્રવાસીઓને બહાર કાઢવાના પ્રયાસો ચાલુ છે. હેલિકોપ્ટર પણ પ્રવાસીઓને બચાવવા માટે તૈયાર છે, પરંતુ ખરાબ હવામાનને કારણે એરલિફ્ટ શક્ય નથી.

# મહારાષ્ટ્ર કોંગ્રેસ પ્રમુખે કાર્યકરો જોડે પગ ધોવડાવ્યા

(એજન્સી) મુંબઇ | તા.18

મહારાષ્ટ્ર કોંગ્રેસ અધ્યક્ષ નાના પટોલે વિવાદમાં આવ્યા છે. વાસ્તવમાં, તેમનો એક વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહ્યો છે જેમાં પટોલેના પગ પાર્ટી કાર્યકર્તાઓ ધોતા જોવા મળી રહ્યા છે. આ વીડિયો પર કોંગ્રેસ પર નિશાન સાધતા ભાજપે કહ્યું કે આ નવાબી માનસિકતા નથી તો બીજું શું છે.

સોમવારે પટોલે અકોલા જિલ્લાના વાડેગાંવમાં એક કાર્યક્રમમાં હાજરી આપવા ગયા હતા ત્યારે આ ઘટના બની હતી. અહીં તેમણે સંત ગજાનન મહારાજના દર્શન કર્યા હતા, જ્યારે દર્શન કરવા જતા પટોળે કાદવમાંથી પસાર થવું પડ્યું હતું. દર્શન કરીને પરત ફરતી વખતે કાર્યકર કારમાં બેઠેલા પટોલેના પગ ધોતો જોવા મળ્યો હતો.

### ભાજપે શરમજનક વાત ગણાવી

ભાજપના મુંબઈ વિભાગના સોશિયલ મીડિયા X પર આ વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો હતો અને લખવામાં આવ્યું હતું કે, 'કેટલું દુર્ભાગ્યપૂર્ણ છે કે આજે પણ કોંગ્રેસના નેતાઓ પાર્ટી કાર્યકર્તાઓનું અપમાન કરે છે.

## હાજીપીર ફાટક પાસે મીઠું ભરેલું ટ્રેઈલર પલટી ગયું



મહેશ સોની | નખત્રાણા

આજે વહેલી સવારે એક મીઠા ભરેલું ટ્રેઈલર હાજીપીર ફાટક ની પાસે આવેલ ગોલાઈ પાસે પલ્ટી ખાઈ ગયું હતું. જેમાં ભરેલું મીઠું જમીનમાં વેર વિખેર થઈ ગયું હતું. આ અકસ્માતમાં સદભાગ્યે કોઈ જાનહાનિ થઈ નથી હોવાનું સ્થાનિક લોકો દ્વારા જાણવા મળ્યું હતું.

## સાગબારા સોનગઢ હાઇવે ઉપર ઇકો ગાડી ઉપર હાઈવા ટ્રક પલ્ટી ખાતા ઇકો ચાલકનું મોત નિપજ્યું

ભરત શાહ | રાજપીપળા

સાગબારા થી સોનગઢ જતા સ્ટેટ હાઈવે ઉપર બોરડા નજીક સેલટીપાડા ગામની સીમમાં ઈકો ગાડી ઉપર હાઈવા ટ્રક પલ્ટી ખાઈ જતા ઈકો ચાલકનું ઘટના સ્થળે જ કરૂણ મોત થવા પામ્યું હતું. મળતી માહિતી મુજબ સાગબારા તાલુકાના અમિયાર ગામના આંગણવાડી ફળિયાનો વતની દિનેશ અજેસિંગ વસાવા ઉ.વ. 40 સોમવારની મોડી સાંજે ઈકો ગાડી નંબર GJ 15 CD 7949 લઈને સોનગઢ તરફ થી પોતાના ગામ અમિયાર આવી રહ્યો હતો.

ત્યારે સાગબારા સોનગઢ સ્ટેટ હાઈવે ઉપર બોરડા ગામ નજીક સેલટીપાડા ગામની સીમમાં થી તે ઈકો ગાડી લઈને પસાર થઈ રહ્યો હતો ત્યારે સામેથી ડામરવાળી કપચી ભરેલ હાઈવા નંબર GJ 05 AV 6847 ને ક્રોસ કરી રહ્યો



108 ને ફોન કર્યો હતો ત્યારબાદ બચાવ કામગીરી હાથ ધરી હતી જેમાં સાગબારા ખાતેથી 108 એમ્બ્યુલન્સ ગણતરીની મિનિટોમાં જ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી જોકે સદનસીબે ઈકો ચાલક દિનેશ વસાવા ને બચાવી શકાયા ન હતા . જેસીબી અને ક્રેન ની મદદ લઈને હાઈવા નીચે દબાયેલા દિનેશ વસાવા અને ઈકો ગાડીને બહાર કાઢવામાં આવી હતી.

ઘટના અંગે સોનગઢ પોલીસમાં ફરિયાદી અજેસિંગ મોગીયા વસાવા રહે અમિયાર આંગણવાડી ફળિયું તા.સાગબારાએ ફરિયાદ કરતા પોલીસે ગુનો દાખલ કરી ફરાર હાઈવા ટ્રક ચાલકની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા છે.

સાગબારા સહિત ડેડીયાપાડા, ઉમરપાડા અને બાજુમાં આવેલ તાપી જિલ્લાના સોનગઢ, નિજર અને કુકરમુંડા તાલુકામાં આવા ઓવરલોડ રેતી કપચી સહિત ખાણ ખનીજની વસ્તુઓ ભરેલ હાઈવા ટ્રકો માતેલા સાંઢ ની માફક દોડી રહ્યા છે છતાં પોલીસ કે વહીવટી તંત્ર દ્વારા કોઈપણ જાતની કાર્યવાહી કરવામાં આવતી નથી અને ગરીબ નિર્દોષ વ્યક્તિઓ ભોગ બની રહ્યા છે. માટે આવા વાહન ચાલકો ઉપર કાર્યવાહી થશે ખરી ?કે પછી તપાસના નામે ભીનું સંકેલી લેવાશે ?

### નાગવીરી ગામનાં ભાગોળે

## વાછરા દાદા મંદિરના વિશાળ પટાંગણમાં વૃક્ષો લહેરાશે



### પાટીદાર સમાજ તેમજ કે.એન.બી. ગ્રુપ રામપર સરવાનું સંયુક્ત સાહસ

મહેશ સોની | નખત્રાણા

નાગવીરી ગામના ભાગોળે આવેલા પ્રાચીન વાછરાદાદા મંદિરના પટાંગણમાં આજે તારીખ ૧૭/૬/૨૦૨૪ ના રોજ ૫૫૦ વૃક્ષો સમસ્ત ગ્રામજનોની હાજરીમાં વાવવામાં આવ્યા હતાં. કુલ્લ ૯૦૦ જેટલા વૃક્ષો વાવવાનું આયોજન છે. બીજા તબક્કામાં બાકીના વૃક્ષો વાવવામાં આવશે. નાગવીરી પાટીદાર સમાજના નેજા હેઠળ કે. એન. બી . ગ્રુપ રામપર સરવાના સહયોગથી આભગીરથ કાર્ય કરવામાં આવી રહ્યું છે આ વિસ્તારની અંત્યંત ખારાશ યુક્ત જમીનમાં માત્ર બે ફૂટનો ખાડો ખોદતાં ખારું પાણી નીકળી પડે છે એવી ખારાશ યુક્ત જમીનમાં વૃક્ષો વાવવાનો નવતર પ્રયોગ કરી આ વિસ્તારને હરિયાળું બનાવવાનું મિશન હાથ ધરાયું છે. ૬ ફૂટ બાય ૬ ફૂટ તેમજ ૪ ફુટ જેટલી ઊંડાઈ ધરાવતા ખાડામાં ફળદ્રૂપ કાંપ નાખી તેમાં વૃક્ષો વાવવામાં આવશે. હાલમાં કપાતાં જતાં વૃક્ષોને કારણે ગરમીનું પ્રમાપત્ર વધતું જાય છે ત્યારે વૃક્ષોને કપાતાં અટકાવવા તેમજ નવા વૃક્ષોને વાવવામાં આવે તો મહદ અંશે રાહત મળી શકે એમ છે. મંદિર ની અંદાજીત ૬એકર ક્ષારયુક્ત જમીનમાં હાથ ધરવામાં આવેલ વૃક્ષો વાવેતર લીધે મંદિરનું સંકુલ હરિયાળું બનશે તેમજ અન્ય લોકો માટે પ્રેરણારૂપ બનશે એવું ગામનાં અગ્રણી શ્રી ગોવિંદભાઈ હિરજી લીંબાણી તેમજ પાટીદાર સમાજનાં મહામંત્રી શ્રી હીરાલાલ ભાઈ પોકારે જણાવ્યું હતું.

## વાઈઝેગથી ગુજરાતઃ યુવાને નિઃસ્વાર્થપણે લોહીનું કેન્સરનાં દર્દીનું જીવન બચાવ્યું

### કેન્સરનાં દર્દી સયાલી અને પરોપકારી સ્ટેમ સેલ દાતા સતિશ એકબીજાને મળ્યાં

અમદાવાદ | તા.18

મુંબઈનાં 43 વર્ષીય હેલ્થકેર ક્લિનિકલ રિસર્ચ પ્રોફેશન સાયલી રાણેને એક અજાણી વ્યક્તિનાં નિઃસ્વાર્થ કામને કારણે નવું જીવન મળ્યું છે. લ્યુકેમિયા સામે લડીને બ્લડ કેન્સર સામે જંગ જીતનાર રાણે આજે તેમનાં સ્ટેમ સેલ દાતા સતિશ રેડ્ડીને પહેલી વાર મળ્યાં હતાં. આ બેઠકમાં સયાલી રાણે ભાવુક થઈ ગયા હતા. વાઈઝેગનાં 32 વર્ષીય સોફ્ટવેર એન્જિનીયર સતિશ રેડ્ડીએ જુલાઈ, 2016માં ડીકેએમએસ બીએમએસટી ફાઉન્ડેશન ઈન્ડિયામાં સ્ટેમ સેલ દાતા તરીકે નોંધણી કરાવી હતી. નોંધપાત્ર રીતે, તેમનો અનન્ય આનુવંશિક મેકઅપ રાણે માટે સંપૂર્ણ મેચ સાબિત થયો, જેનાં પગલે રાણેને લ્યુકેમિયા સામે જંગ જીતવાની તક મળી હતી. રેડ્ડીએ



ઓગસ્ટ, 2021માં પોતાનાં લોહીનાં સ્ટેમ સેલનું દાન કર્યું હતું. આ પ્રક્રિયાથી સયાલી રાણેને જીવન બચાવતી સ્ટેમ સેલ ટ્રાન્સપ્લાન્ટ સર્જરીમાં મદદ મળી હતી. સયાલીની સારવાર કરતાં અમદાવાદની વેદાંતા એચઓસીના ટ્રાન્સપ્લાન્ટ ફિઝિશિયન ડો. સંદીપ શાહ અને ડો. સંકેત શાહે કહ્યું હતું કે, "લોહીનાં કેન્સરમાં લ્યુકેમિયા, લીમ્ફોમા અને માએલોમા જેવી બિમારીઓ સામેલ છે, જે શરીરની કામ કરવાની ક્ષમતાને નુકસાનકારક અસર કરે છે.

## આસરા કેન્દ્ર, ખેડા-નડિયાદ દ્વારા દિવ્યાંગજનો અને સિનિયર સિટીઝનોને સાધન સહાય વિતરણ કરાયું

અશેષ વ્યાસ | ખેડા

ખેડા સાંસદ શ્રી દેવુસિંહ ચૌહાણની મુખ્ય ઉપસ્થિતિમાં ભારત સરકારના સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય અંતર્ગત ભારતીય કૃત્રિમ અંગ નિર્માણ નિગમ ના અધિકૃત વેચાણ અને સેવા કેન્દ્ર (આસરા) નડિયાદ દ્વારા તા. 16 અને 17 જુન 2024ના રોજ દિવ્યંગજનો અને સિનિયર સિટીઝન માટે સાધન સહાય વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ સાધન સહાય વિતરણ કાર્યક્રમમાં ખેડા જિલ્લાના કુલ 452 જેટલા દિવ્યાંગજનો વિવિધ પ્રકારના કુલ 776 સાધનો અને 58 જેટલા સિનિયર સિટીઝનોને 278 સાધનો વિતરણ કરવામાં આવ્યું.

સાધન સહાય ભારત સરકારના એ.ડી.આઈ.પી અને રાષ્ટ્રીય વયોશ્રી યોજના અંતર્ગત વિતરણ કરવામાં આવ્યું. આસરા કેંદ્ર ના ડાયરેક્ટર ડો. ચંદ્રગોપાલના જણાવ્યા અનુસાર આ કેમ્પમાં કુલ 1.4 કરોડની કિંમતના વિવિધ સાધન સહાયનું



વિતરણ કરવામાં આવેલ છે જેમાં કુલ 172 દિવ્યાંગજનોને બેટરી સંચાલિત મોટરાઈઝ ટ્રાય સાયકલ, 146 ટ્રાયસાયકલ, 47 વ્હીલ ચેર, 216 બગલ ઘોડી, 54 વોકીંગ સ્ટીક, 4 સી.પી. ચેયર, 42 શ્રવણ યંત્ર અને 19 અંધ જનો માટે સુગમ્ય કેન વિગેરે જુદી જુદી સાધન સહાય આપવામાં આવેલ. સાથે સાથે 60 વર્ષથી વધુ ઉંમરના સીનીયર સીટીઝનોને ઘુટણ ના પટ્ટા, કમરના બેલ્ટ, વોકીંગ સ્ટીક, વોકર, કાનનું મશીન, કમોડ ચેર, વગેરે જેવા અત્યંત ઉપયોગી સાધનો ની:શુલ્ક વિતરણ કરવામાં આવેલ છે. આસરા કેંદ્રના કોર્ડીનેટર શ્રી રાકેશ ચાવડાએ જણાવ્યું કે આ બધા સાધનો જરૂરિયતમંદ લાભાર્થીઓને આસરા કેંદ્ર પર રજિસ્ટ્રેશન કરાયા પછી ડોકટરી તપાસ બાદ ની:શુલ્ક મળે છે. આ બધા લાભાર્થીઓને અગાઉ ફેબ્રુઆરી મહિનામાં રજિસ્ટ્રેશન અને ડોક્ટરી તપાસ થઈ ગયા હતા તેનું વિતરણ કાર્યક્રમ યોજાયા છે. અને નવા લાભાર્થીઓને પણ રજિસ્ટ્રેશન સતત ચાલુ છે અને ડોક્ટરી તપાસ બાદ દર મહિને આ પ્રકારના કેમ્પનું આયોજન કરવામાં આવશે.

આ કાર્યક્રમમાં માતર વિધાનસભાના ધારાસભ્ય શ્રી કલ્પેશભાઈ પરમાર, અલિમ્કો ઉજ્જૈન તરફ થી આવેલ જુનિયર મેનેજર શ્રી ધર્મેન્દ્ર યાદવ, પુનર્વાસ વિશેષગ્ય ડો. ચંદન ચંદ્રા, ઓડિયોલોજિસ્ટ ડો. ધીરજ કુમાર અને આસરા કેન્દ્ર નડિયાદના ડાયરેક્ટર ડો. ચંદ્ર ગોપાલ ઉપસ્થિત રહ્યાં.

## રાજુલા તાલુકાના ભચાદરની જોખમી અને જર્જરિત શાળામાંઅભ્યાસકરતાવિધાર્થીઓ

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા તાલુકાના ભચાદરની શાળા ની છત ઉપરથી ખડીયહ્યા છે મસમોટા પોપડા અતિશય જર્જેરિત હોવા છતાં પણ નવનિર્માણ ક્યારે રાજ્ય ની સરકાર શિક્ષણ માટે મસમોટા દાવાઓ કરી નવી શાળાઓ બનાવી કરોડોના ખર્ચ કરવામાં આવી રહ્યા હોવાનો વારંવાર શિક્ષણ પ્રધાન દાવો કરી રહ્યા છે. તેમ છતાં હજુ છેવાડાની પ્રાથમિક શાળા ઓની હાલતબેહાલ ને અત્યંત ખરાબ જોવા મળી રહી છે. અમરેલી જિલ્લામાં આવેલ રાજુલા તાલુકાના નાનકડા એવા ભચાદર ગામની પ્રાથમિક શાળાના ભયાનક દ્રશ્યો સામે આવી રહ્યા છે. ગ્રામજનો સરપંચો તથા વિધાર્થીઓ તથા વાલીઓ દ્વારા જિલ્લા શિક્ષણ અધિકારી અને રાજ્ય સરકાર સુધી મૌખિક તથા લેખિત રજૂઆતો કરવામાં આવી છે. આ પ્રાથમિક શાળા અતિશય જર્જેરિત હોવા થી ગ્રામજનો વાલીઓમાં ચિંતા સાથે આક્રોશ પણ જોવા મળી રહ્યો છે.



અહીં વિધાર્થીઓ જોખમી સ્કૂલ કે જેમાં ઉપરથી મોટા મોટા પોપડા ખરી રહ્યા છે. અતિશય જોખમી શાળા હોવા છતાં વિધાર્થીઓ આ ઝળુંબતુ મોત નીચે બેસી અભ્યાસ કરી રહ્યા છે. કોઈ મોટી દુર્ઘટના ઘટી તો જવાબદારી કોની ? ગ્રામજનોની માંગ છે કે રાજ્ય સરકાર ભચાદર ગામને નવી શાળા તાત્કાલિક આપવામાં આવે તેવી સ્થાનિક ગ્રામજનોની માંગણી કરવામાં આવી રહી છે. હાલ ચોમાસાની શરૂઆત થઈ છે. ત્યારે અહીં ચોમાસામાં દરમિયાન સ્કૂલ માં વરસાદી પણી પણ પડી રહ્યું છે. મસમોટા ગાબડા પણપડી ગયા છે. ત્યારે રાજ્ય સરકાર તાત્કાલિક શાળા આપે તેવી માંગ ઉઠાવવામાં આવી રહી છે. પ્રાથમિક શાળા જોખમી અને જર્જેરિત હોવાને કારણે ગામના સરપંચ દ્વારા શિક્ષણ વિભાગ માં રાજ્ય સરકારના શિક્ષણ પ્રધાન સુધી રૂબરૂ રજૂઆત કરવામાં આવી છે. શાળાની હાલત ૬ માસ કરતા વધુ સમયથી આ સ્થિતિ છે. સરપંચ સહિત ગ્રામજનો કહીં રહ્યા છે. અહીં જે ઘટના રોજકોટ અથવા તક્ષશિલા જેવી ઘટના ના ઘટે તે પહેલાં પગલાં ભરવામાં આવે તેવી લોક માગણી ઉઠી છે. ઉપરાંત વિભાગ એ અન્ય ગામમાં શાળાને હાલ પૂરતી ટ્રાન્સફર કરવાની વાત કરવામાં આવી રહી છે. પરંતુ દૂર થવાનાં

## જાફરાબાદની એસબીઆઇ બેંકમાં કર્મચારીઓ ગ્રાહકો સાથે કરી રહ્યા છે ઉદ્ધતાઈ ભર્યું વર્તન

કિશોર આર. સોલંકી-જાફરાબાદ

જાફરાબાદ ખાતે આવેલ એસબીઆઈ બેંક માં ગ્રાહકો સાથે કર્મચારી રહ્યા છે ઉદ્ધતાઈ ભર્યું વર્તન આ એસબીઆઈ બેંક માં શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારની જનતાને બેન્કના કામકાજ અંગે ભારે હાડમારી પડે છે. જેમાં ખાસ કરીને સિનિયર સિટીઝન વ્યક્તિઓને પારાવાર મુશ્કેલીનો પડે છે. અને બેંકના લેવડદેવડ ના કામ સ્ટાફના અભાવે સમયસર થતાં નથી ગ્રામ્ય લોકો દુર દુરથી ટીકીટ ખર્ચ કરી અહીં એસબીઆઈ બેંક માં આવતા હોય છે. સવારના અસંખ્ય ગરમીમાં બેઠા હોય પરંતુ બેંકમાં અમુક ખુરશી ઓ ખાલીખમ હોય રાહ જોતા કોઈ કર્મચારી ન હોવાથી નિરાશ થઈ પાછા ફરશે આ બેંકમાં અમુક કર્મચારી પોતાની માલિકીની બેંક હોય તેવી રીતે ગ્રાહકો સાથે ઉદ્ધતાઈ ભર્યું વર્તન કરતા હોય તેવું આ બેંકમાં થી બહાર નીકળતા ગ્રાહકો માં ગણગણાટ સાંભળવા મળે છે. જાફરાબાદ એસબીઆઈ શાખા આર.બી.આઇ. ના નિયમો નું કરી રહીં છે. ઉલાળીયો ગ્રાહકો ને સારી એવી સુવિધા ઓ આપવામાં થતાં ઠાગાથૈયા ખાતાં ધારોકો થઈ રહ્યાં છે. હેરાન આ બાબતની જાગૃત નાગરિકો દ્વારા અવારનવાર રજૂઆતો કરવા છતાં પણ આંખ આડા કાન કરવામાં આવી રહ્યા છે.



આ બેંકમાં લંચ ટાઈમ નું બહાનું કાઢીને કર્મચારીઓ ચાલ્યા જાય છે. જે કાયદાની વિરુદ્ધ બાબત છે. હકીકતમાં કોઈપણ બેંકમાં લંચ ટાઈમ હોતો નથી બેંક નો કોઈ એક કર્મચારી જમવા જાય તો તેની જગ્યાએ બીજા કર્મચારીએ ડ્યુટી પર હોવી જરૂરી છે. પરંતુ આ બેંકમાં કલાકો સુધી લાઈનમાં ઊભી એક વાગ્યે કર્મચારી જમવા જતા રહેતા ગ્રાહકો હેરાન પરેશાન થતાં હોય છે. આ એસબીઆઈ બેંકમાં ગ્રાહકો સાથે અમુક કર્મચારી નું ગ્રાહકો સાથેનું બેહુદુ વર્તન રાખવામાં આવી રહ્યું છે.

### એકતા નગર રેલવે સ્ટેશન ખાતે

## રેલવે વિભાગ દ્વારા વન સ્ટેશન વન પ્રોડક્ટ નો હેંડીક્રાફટ સ્ટોલ શરૂ કરાયો

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના કેવડિયા એક્તા નગર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી બનાવવામાં આવ્યું છે, અહીંયા લોકોને રોજગારી મળે તે માટે દરેક વિભાગ સહયોગ કરી રહ્યો છે. ત્યારે એકતા નગર રેલવે સ્ટેશન પાસે સ્થાનિકો પોતાની પ્રોડક્ટ વેચી શકે તે માટે વન સ્ટેશન સ્ટોર શરૂ કરવામાં આવ્યો.

દેશના રેલવે વિભાગ દ્વારા તેના રેલવે સ્ટેશન પર લોકલ પર વોકલના ઉદ્દેશથી વન સ્ટેશન વન પ્રોડક્ટનું અભિયાન પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન અને સૂચનથી શરૂ કરવામાં આવ્યું છે. જેના ભાગરૂપે સ્ટેચ્યુ ઓફ યુનિટી પર એકતાનગર રેલવે સ્ટેશન ખાતે પણ આવો સ્ટોર શરૂ કરવામાં આવ્યો છે જેથી કરીને અહીંયા દૂર દૂરથી આવતા પ્રવાસીઓ લોકલ વસ્તુઓ ખરીદે અને લોકલ




વ્યક્તિઓ ને રોજગારી મળી શકે નર્મદા જિલ્લાના કેવડિયા એકતાનગર રેલવે સ્ટેશન ખાતે રેલવે વિભાગ દ્વારા વન સ્ટેશન વન પ્રોડક્ટ નો સ્ટોર શરૂ કરવામાં આવ્યો હતો સ્થાનિક આદિવાસી સમાજ ને રોજગારી મળે તે હેતું થી રેલવે વિભાગ દ્વારા નજીવા દરના ભાડે આ સ્ટોર આપવામાં આવે છે જેની શરૂઆત એકતાનગર રેલવે સ્ટેશન ખાતે કરવામાં લોકલ સામાજિક સસ્થા હેપ્પી ફેસીસ ફાઉન્ડેશન માં કામ કરતી મહિલાઓ અંતરિયાળ વેચાણ હાથ બનાવટની ગુથણ ની વસ્તુઓ, જેમાં મોબાઈલ કવર,બેગ સાથે મીણબત્તી બનાવી તેનું વેચાણ કરવા આ પ્લેટફોર્મ પૂરૂં પાડવામાં આવ્યું હતું આ પ્રસંગે પશ્રિમ રેલવે વિભાગના કોમર્શિયલ ઈન્સ્પેક્ટર વિશાલ સક્સેના, પશ્રિમ રેલવેના સલાહકાર સમિતિના મેમ્બર ડો. રાહુલ પટેલ, રેલવેના સ્ટાફ સહિત સ્થાનીક મહીલાઓ ઉપસ્થિત રહયા હતા.

## NEETની એક્ઝામમાં ગેરરીતી જોવા મળતા 'આપ' દ્વારા તમામ જિલ્લાઓમાં કલેકટરને આવેદનપત્ર આપી એક્ઝામ ફરી કરાવવાની માંગ કરવામાં આવી



અમદાવાદ | તા.18

NEET ની પરીક્ષામાં દેશવ્યાપી મોટું કૌભાંડ અચરવામાં આવ્યું છે, જેના કારણે લાખો વિદ્યાર્થીઓના સપના પર પાણી ફરી ગયા છે. આ મુદ્દા પર આમ આદમી પાર્ટીના પ્રદેશના નેતાઓ, પદાધિકારીઓ તથા તમામ જિલ્લાના પદાધિકારીઓ અને કાર્યકર્તાઓ દ્વારા ગુજરાતના તમામ જિલ્લાઓમાં કલેક્ટરને આવેદનપત્ર આપીને NEETની એક્ઝામ રદ કરાવવાની અને ફરી એક્ઝામ લેવાની માંગણી કરી. આવેદનપત્રમાં વિસ્તારપૂર્વક જણાવવામાં આવ્યું છે કે, સરકારી કોલેજમાં એડમીશન મેળવવા માટે વિદ્યાર્થીઓ દિવસ-રાત તનતોડ મહેનત કરે છે અને વાલીઓ કોચિંગ સેન્ટરોમાં મસમોટી ફી ભરે છે. અત્યાર સુધી એવું જોવામાં આવતું હતું કે સરકારી ભરતીની પરીક્ષાઓના ગોટાળાઓ સામે આવતા હતાં પણ આ વખતે તો NEET-UG જેવી પરીક્ષાઓમાં પણ ગોટાળાઓ થયા છે જે અતિગંભીર બાબત છે. આ સમગ્ર ઘટનામાં અનેક શંકાના બિંદુઓ છે જે અલગ અલગ સમાચારપત્રો, ચેનલો અને સોશિયલ મીડિયાના માધ્યમથી વિદ્યાર્થીઓએ, વાલીઓએ અને શિક્ષણવિદોએ ઉઠાવ્યા છે. પરીક્ષાના રજીસ્ટ્રેશનની તારીખ વારંવાર લંબાવવી, પરિણામ અગાઉ જાહેર કરી દેવું, પ્રશ્નપત્રમાં છબરડાઓ, OMR જવાબપત્રના ગોટાળાઓ, રેન્કિંગમાં ગોટાળાઓ, ગ્રેસ માર્ક્સ આપવામાં ગોટાળાઓ, વગેરે જેવી અનેક ગંભીર ક્ષતિઓ આ ઘટનામાં સામે આવી છે જે દર્શાવે છે કે આ માનવીય ભૂલો નથી પણ જાણીજોઈને કરાયેલો એક ગંભીર ગુનો છે.

## રાસાયણિક પદ્ધતિ વડે પકવેલ પાક જમીનની તો ગુણવતા ઘટાડે છે સાથે જ આપણા શરીરમાં પણ બેહદ નુકસાન કરે છે

દિપક રાવલ | દાહોદ

ગુજરાતના વર્તમાન રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રત ગાય આધારિત પ્રાકૃતિક ખેતીનું અનુસરણ કરનારા અને હિમાયતી છે. રાજ્ય સરકારે ગાય આધારિત ખેતી માટે ગૌ પાલનને પ્રોત્સાહિત કરતી યોજના અમલમાં મૂકી છે જેનાથી ગરબાડા તાલુકાના બોરિયાળા ગામના ખેડૂત બરસીંગભાઈ પરમાર સહિત અન્ય મોટાભાગના ખેડૂત મિત્રોનો ઉત્સાહ ખૂબ વધ્યો છે. તેઓ ગાય આધારિત ખેતીના વિવિધ પ્રયોગો કરી રહ્યા છે. તે સૌ ખેડૂતોએ મળીને સમગ્ર ગરબાડા તાલુકાને ગાય આધારિત પ્રાકૃતિક ખેતીની પાઠશાળા બનાવવાનો સંકલ્પ કર્યો છે.

ગરબાડા તાલુકાના બોરિયાળાના રહેવાસી અને ગાય આધારિત ખેતી-પ્રાકૃતિક ખેતીને વરેલા ખેડૂત બરસીંગભાઈ પરમાર કહે છે કે, એમણે પ્રાકૃતિક ખેતીના હિમાયતી સુભાષ પાલેકરજીની શિબિરમાં ગાય આધારિત સાત્વિક ખેતીની તાલીમ લીધી હતી અને તેથી તેમણે આ ખેતી કરવાનો સંકલ્પ લીધો હતો. તેમની ખેતીમાં ગાયના છાણ-મૂત્રનો વિવિધ રીતે ઉપયોગ કરી રહ્યા છે. રસાયણોથી ખેતરોને મુક્ત રાખવા અને શુદ્ધ ખેતી કરવી એ એમનું ધ્યેય છે.

પ્રાકૃતિક ખેતી અપનાવ્યા પછી તેઓનું માનવું છે




કે, હાલના સમયમાં આપણા શરીરમાં જે રોગોએ ઘર કર્યા છે એનું મૂળ કારણ આપણી ખાવાની પદ્ધતિ તેમજ અનાજ પકવવાની રાસાયણિક પદ્ધતિ છે. આજની પરિસ્થિતિ જોતા નાનાં એવા બાળકોને પણ કોઈ રોગે છોડ્યા નથી. અકાળે હૃદય રોગનો હુમલો થવો, અકારણે મરણ થવું જેવા ઘણાય એવા રોગો જેને અટકાવવા શક્ય નથી. બલ્કિ વધતા જ જાય છે. જો આ પેઢી આ બધી ગંભીરતા નહીં સમજે તો આવનાર પેઢી કદાચ જ ઘરડાપણુ ભોગવશે. કારણ કે, એમનું આયુષ્ય ઓછું જ હશે.

કહેવાય છે ને કે, આપણા ખાવા - પીવા પર આપણા શરીરની તંદુરસ્તી કેળવાય છે. જો આપણે ઝેર યુક્ત રાસાયણિક ખાતર અપનાવીશું તો આપણને ૧૦૦ % કોઈને કોઈ તો ગંભીર રોગ થવાના જ છે. જેથી આ બાબત રાસાયણિક ખેતી કરતા દરેક ખેડૂતો અને આજની પેઢી સમજે એ જરૂરી છે.

બરસીંગભાઈ પરમાર પોતે ગાય પાળે છે અને એમના ખેતરમાં ગાયના મૂત્ર અને ગાયના દૂધમાંથી બનાવેલી ખાટી છાશ ના પિપડા ભરેલા પડ્યા છે. તેઓ કહે છે કે મોંઘા યુરિયાનો સસ્તો વિકલ્પ આ ખાટી છાસ અને ગૌ મૂત્રમાં થી બનાવેલું જીવામૃત છે. જો ઘરે થોડી મહેનતમાં વગર ખર્ચ કર્યે કુદરતી ખાતર બની જતું હોય તો પછી બજારથી મોંઘા ભાવનું રાસાયણિક ખાતર ખરીદી આર્થિક બોજો કેમ ઉઠાવવો..!

હાલ ગવારસીંગ, ભીંડા, મરચા તેમજ રીંગણ કરતા બરસીંગભાઈ સમયાંતરે અન્ય પાક પણ લે છે જેમકે, સોયાબીન, મકાઈ, તુવેર તેમજ બાવટા એમ કહેનાર બરસીંગભાઈ પરમાર વધુમાં જણાવે છે કે તેઓ એટલે સુધી દાવો કરે છે કે ગ્લોબલ વોર્મિંગ ને લોકલ લેવલે ટાળવાનો ઉત્તમ ઉપાય ગાય આધારિત ખેતી બની શકે છે. ખુબ ઓછા પાણીની જરૂરિયાત હોય છે. ટૂંકમાં કહીએ તો પાણી કરતા ભેજની વધુ જરૂર હોય છે. આમ, ખરેખર પ્રાકૃતિક ખેતી અપનાવવામાં આપણી જમીનની ફળદ્રુપતા-ગુણવતા તેમજ આપણું સ્વાસ્થ્ય જળવાઈ રહે છે.

**શરીરમાં ગંભીર રોગોનું મૂળ કારણ આપણી ખાવાની પદ્ધતિ તેમજ અનાજ પકવવાની રાસાયણિક પદ્ધતિ છે.- બરસીંગભાઈ પરમાર**

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

બુલેટ પર સવાર મહિલાને ગાયે નીચે પાડી દીધી : અઠવાડિયા પહેલાં હિંમતનગરમાં આખલાએ શિક્ષિકાને અડફેટે લીધી હતી...

# રખડતાં ઢોરે બુલેટ પર સવાર દંપતીને અડફેટે લીધાં

**બાયપાસ રોડ પર રખડતાં પશુએ મહિલાને પાડી દઈ રોડ પર રગદોળી, સમગ્ર ઘટના CCTVમાં કેદ**



(એજન્સી) અરવલ્લી (મોડાસા) | તા.18

કોઈપણ શહેર હોય કે ગામડું રખડતાં પશુઓનો ત્રાસ દરેક જગ્યાએ જોવા મળે છે. તેના પર નિયંત્રણ લાવવામાં દરેક જગ્યાએ તંત્ર નિષ્ફળ રહ્યું છે ત્યારે આવી જ રખડતાં પશુના હુમલાની એક ઘટના મોડાસા શહેરમાં સામે આવી છે. મોડાસા શહેરમાં આવેલા બાયપાસ રોડ પર એક દંપતી બુલેટ પર જઈ રહ્યું હતું. ત્યારે તેની પાછળ એક ગાય દોડે છે, આ દોડતા પશુથી બચવા બુલેટચાલકે બ્રેક મારી છતાં પશુએ બુલેટ પાછળ બેઠેલી મહિલાને બુલેટ પરથી પાડી દઈ અને રગદોળી નાખી હતી. આ સમગ્ર ઘટના CCTVમાં કેદ થઈ હતી. મોડાસા શહેરના બાયપાસ રોડ પર રખડતાં ઢોરે બુલેટ પર સવાર દંપતીને અડફેટે લીધી હતી. જેમાં બુલેટ પર પાછળ સવાર મહિલાને ગાયે નીચે પાડી દઈ રોડ પર રગદોળી હતી. ત્યારે મહિલાને બચાવવા તેના પતિ સહિત આસપાસના અનેક લોકો દોડી આવ્યા પરંતુ પશુ આક્રમક બનીને મહિલાને ઈજા પહોંચાડતું રહ્યું હતું. છેવટે બાજુમાં આવેલા પેટ્રોલપંપના કર્મચારીએ લાકડીથી મહિલાને પશુની ચુંગલમાંથી છોડાવી હતી. રખડતા પશુના હુમલામાં મહિલા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઈ છે જેને સારવાર અર્થે ખસેડાઈ છે. આ ઘટના 16 જૂનની છે.

તંત્ર કુંભકર્ણની નિદ્રામાં મોડાસા શહેરમાં પશુ હુમલાની આ પહેલી ઘટના નથી. શહેરમાં ઠેર ઠેર પશુઓનાં ટોળેટોળાં જોવા મળે છે. અનેક નિર્દોષ રાહદારીઓ અને વાહનચાલકો એના ભોગ બને છે, પરંતુ તંત્ર આ બાબતે કોઈ નક્કર કામગીરી કરતું નથી અને તંત્ર કુંભકર્ણની નિદ્રામાં હોય તેમ જણાઈ રહ્યું છે. પશુ માલિક પણ આ રીતે પશુઓને રખડતાં મૂકી દે છે. ત્યારે તંત્ર અને પશુમાલિકોએ આ બાબતે નક્કર કામગીરી કરી શહેરમાં થતા પશુ હુમલાઓ અટકાવવા પ્રયત્નો હાથ ધરવા જોઈએ. અઠવાડિયા પહેલાં હિંમતનગરમાં સવારે ઘરેથી એક્ટિવા લઈને સ્કૂલમાં જતી મહિલા શિક્ષિકાને આખલાએ અડફેટે લીધી હતી. જે સમગ્ર ઘટના CCTVમાં કેદ થઈ હતી.

મહિલાને ઘટનાને પગલે ઈજા પહોંચતા સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ત્યારે મહિલાએ પાલિકા દ્વારા રોડ પર રખડતાં ઢોર સામે યોગ્ય કાર્યવાહી કરવામાં આવે તેવી રજૂઆત કરી હતી. હિંમતનગરમાં વારંવાર રોડ આખલાઓની લડાઈ જોવા મળતી હોય છે. ત્યારે લડતા આખલા રાહદારીઓને પણ નુકસાન પહોંચાડે છે, પરંતુ આવા બનતા બનાવો બાદ પણ પાલિકા એક્શનમાં નથી આવતી અને પરિણામે બનાવો અટકતા નથી.

## ન્યૂઝ કોર્નર

### પાટણા ગામે તળાવ કામગીરી શરૂ કરાતા ગામ લોકોમાં આનંદ

બોટાદ | પાટણા ગામના સરપંચ અને ગામના લોકો દ્વારા છેલ્લાં કેટલાય દિવસોથી ગામનું તળાવ ઊંડું ઉતારવા માટે સરકારમાં રજૂઆત કરવામાં આવી હતી. જેના કારણે સરકાર દ્વારા આજે પાટણા ગામે તળાવ ઊંડું ઉતારવાની કામગીરી શરૂ કરવામાં આવતા ગામ લોકોમાં આનંદ છવાયો છે.

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના પાટણા ગામે આવેલ તળાવ જેને ઊંડું ઉતારવા માટે ગામના સરપંચ તેમજ ગામના ખેડૂતો દ્વારા રાજ્યનાં કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાને રજૂઆત કરીને જણાવ્યું હતું કે, તળાવ ઊંડું ઉતારવાના કારણે પાણીનો સંગ્રહ થાય તેમજ ગામના પાણીના તળ ઉંચા આવે જેના કારણે ખેડૂતોને સિંચાઈ માટે તેમજ ગામના લોકોને પિવાના પાણીની સમસ્યામાં રાહત રહે તેથી રાજ્યનાં કેબિનેટ મંત્રી કુંવરજી બાવળિયાએ પાટણા ગામલોકોની સમસ્યાને ધ્યાને લઈને તળાવને ઊંડું ઉતારવાની મંજુરી આપવામાં આવી હતી. જેથી આજથી તંત્ર દ્વારા પાટણા ગામના તળાવને ઊંડું ઉતારવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

### નશામાં પોલીસને ધમકી:'તમે પોલીસ અમારૂ શું ઉખાડી લેશો?

નર્મદા | નર્મદા જિલ્લાના સાગબારા તાલુકાના દેવમોગરા ગામમાં ઝઘડો કરનારા વ્યક્તિઓને પોલીસ માણસો અટકાવવા જતા પોલીસ ફરજમાં રૂકાવટ કરતા બે વિરૂદ્ધ ગુનો દાખલ થયો છે.

મળતી માહિતી અનુસાર જગદીશ ધીરૂભાઈએ સાગબારા પોલીસ સ્ટેશને આપેલી ફરિયાદ મુજબ તાપી જિલ્લાના ડોલવણ ગામના નિલેશ કનુભાઈ ગામીત તથા જીતુ કનુભાઈ ગામીતે દેવમોગરા પુલ ઉપર મોટેમોટેથી બોલાચાલી કરી ઝઘડો કરતા હતા. જેથી તેમને કોન્સ્ટેબલ જગદીશભાઈ તથા અન્ય પોલીસ સ્ટાફે તમારે શું પ્રશ્નો છે? તેમ કહી સમજાવતા આ બંને ઈસમો એકદમ ઉશ્કેરાઈ જઈ કોન્સ્ટેબલ તથા પોલીસના સ્ટાફને અપશબ્દો બોલી ઝપાઝપી કરી હતી. 'તમે પોલીસ અમારૂ શું ઉખાડી લેશો?

ભરૂચના અંકલેશ્વરમાં મેઘરાજાની ધબધબાટી, અમરેલીના બાબરામાં સવા બે ઈંચ ખાબકતા ચારે તરફ પાણી જ પાણી...

# સૌરાષ્ટ્ર બાદ દક્ષિણ ગુજરાતમાં ધોધમાર વરસાદ...

અમરેલી | રાજ્યમાં ચોમાસાએ વિધિવત્ દસ્તક દઈ દીધી છે. છેલ્લા કેટલાક દિવસથી દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં વરસાદી માહોલ છવાયો છે. ક્યાંક ધોધમાર તો ક્યાંક ધીમીધારે મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. તો આ તરફ મધ્ય ગુજરાત અને ઉત્તર ગુજરાતમાં પણ ક્યાંક વરસાદી ઝાપટાં પડી રહ્યાં છે. છેલ્લા 24 કલાકમાં રાજ્યના 21 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ અમરેલી જિલ્લાના બાબરામાં સવા બે ઈંચ વરસાદ નોંધાયો છે. તો આ તરફ દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ છવાયો છે. સૌરાષ્ટ્ર બાદ દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ હેત વરસાવવાનું ચાલુ ક્યું છે. નવસારી, સુરત બાદ ભરૂચ જિલ્લામાં વરસાદી માહોલ છવાયો છે. જિલ્લાના અંકલેશ્વર પંથકમાં ધોધમાર વરસાદ શરૂ થયો છે. તાલુકાના ભડકોદ્રા, કાપોદ્રા પીરામણ, ગડખોલ, અંદાડા કોસમડી સહિતના ગામોમાં વરસાદ પડતાં ધરતીપુત્રોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.



| તાલુકો | વરસાદ |
|---|---|
| બાબરા | 45 |
| ગારિયાધાર | 29 |
| લીલિયા | 25 |
| ક્વાંટ | 25 |
| ઉમરગામ | 21 |
| નાંદોદ | 20 |
| લાઠી | 15 |
| માંડવી | 15 |
| દ્વારકા | 10 |
| લાલપુર | 5 |
| સિહોર | 5 |
| નેત્રંગ | 5 |
| પાલિતાણા | 4 |
| વઘઈ | 3 |
| ડાંગ-આહવા | 3 |
| અમરેલી | 2 |
| ગઢડા | 2 |
| ભાંણવડ | 1 |
| પોરબંદર | 1 |



### બાબરામાં વધુ વરસાદ

અમરેલી જિલ્લામાં સતત પાંચમા દિવસે મેઘમહેર જોવા મળી છે. રાજુલા-જાફરાબાદમાં મેઘરાજા મનમૂકીને વરસી રહ્યા છે. તો સોમવારે સાવરકુંડલાના જીરા, બોરાળા, ખડકલા, જૂના સાવર, લાઠીના હરસુરપુર, બાબરાના વાંડળિયા સહિતના વિસ્તારમાં ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો. જ્યારે બાબરા અને લીલિયા વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. તો ભાવનગરના ગારિયાધારમાં પણ ધોધમાર વરસાદ પડતા સ્થાનિક નદીઓ વહેતી થઈ હતી

**માંડવીમાં બે કલાકમાં અડધો ઈંચ વરસાદ** આ ઉપરાંત સોમવારે બોટાદ જિલ્લાના ગઢડા શહેર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં બપોર બાદ વાતાવરણમાં પલટો આવ્યો અને વરસાદ શરૂ થયો હતો. ત્યારે ગઢડા તાલુકાના રામપરા અને વાવડી ગામે વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ પડ્યો હતો. રામપરા અને વાવડી ગામે પડેલા ધોધમાર વરસાદથી ખેતરમાં પાણી ભરાયાં હતાં. જ્યારે રામપરા ગામે વોકળામાં પાણી આવ્યાં હતાં. આ તરફ કચ્છ જિલ્લાના માંડવીમાં સવારે બે કલાકમાં અડધો ઈંચ વરસાદ વરસ્યો હતો. તેમજ ભાવનગર, દ્વારકા, ભાણવડ અને પોરબંદરમાં હળવો વરસાદ વરસ્યો હતો.

### ગઈકાલે ક્યાં વરસાદ પડ્યો?

સોમવારે અમરેલી જિલ્લામાં સૌથી વધુ વરસાદ પડ્યો હતો. જેમાં વધુ વરસાદના કારણે સ્થાનિક નદીઓમાં નવાં નીર આવ્યાં છે. તો વરસાદી માહોલને લઈ જિલ્લાના દરિયાકાંઠે કરંટ જોવા મળ્યો હતો. આ તરફ છોટાઉદેપુર જિલ્લામાં પણ ધોધમાર વરસાદ પડ્યો હતો.

જિલ્લાના કવાંટ તાલુકાના તાડ કાછલાં અને કાનાબેડા ગામમાં સાંજના લગભગ 4થી 5 વાગ્યાના અરસામાં ધોધમાર વરસાદ પડ્યો હતો. ગીર સોમનાથ જિલ્લાના ભાલકા, વેરાવળ સહિત વિસ્તારમાં ક્યાંક ધીમીધારે તો ક્યાંક વધુ માત્રામાં વરસાદ વરસ્યો હતો. તો કચ્છ, નવસારી અને વલસાડ જિલ્લામાં પણ હળવો વરસાદ પડ્યો હતો.

### કયા જિલ્લાઓમાં વરસાદ પડશે?

હવામાન વિભાગની આગાહી પ્રમાણે 18 જૂનના રોજ એટલે કે આજે ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, દમણ, દાદરા અને નગર-હવેલી, સૌરાષ્ટ્રના જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં વરસાદ પડી શકે છે. તો આવતીકાલે એટલે કે 19 જૂનના રોજ પંચમહાલ, દાહોદ, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા અને નગર-હવેલી તેમજ સૌરાષ્ટ્રના જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં વરસાદની શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે.

**સુરત-નવસારીમાં હળવો વરસાદ :** સુરત શહેરમાં આજે સવારથી વાદળછાયું વાતાવરણ જોવા મળી રહ્યું છે. ત્યારે પીપલોદ સહિતના વિસ્તારમાં હળવો વરસાદ પડ્યો હતો. હળવા વરસાદના કારણે વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. આ સાથે જ સવારે સ્કૂલ અને નોકરી પર જતા લોકોને અટવાવાનો વારો આવ્યો હતો. તો નવસારી શહેર અને જિલ્લામાં વહેલી સવારથી વાદળછાયા વાતાવરણ વચ્ચે હળવો વરસાદ પડ્યો હતો. જેને લઈને બફારાથી લોકોને રાહત મળી છે.

છેલ્લા 24 કલાકમાં રાજ્યના 21 તાલુકામાં વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ અમરેલી જિલ્લાના બાબરામાં સવા બે ઈંચ વરસાદ નોંધાયો છે. તો આ તરફ દક્ષિણ ગુજરાતમાં વરસાદી માહોલ છવાયો છે. સૌરાષ્ટ્ર બાદ દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ હેત વરસાવવાનું ચાલુ ક્યું છે. નવસારી, સુરત બાદ ભરૂચ જિલ્લામાં વરસાદી માહોલ છવાયો છે. જિલ્લાના અંકલેશ્વર પંથકમાં ધોધમાર વરસાદ શરૂ થયો છે.

## મીટરમાં આગ લાગતાં 500થી વધુ વિદ્યાર્થીઓને બહાર કઢાયા

(એજન્સી) જામનગર | તા.18

જામનગરની મોદી સ્કૂલમાં આગ લાગવાની ઘટના સામે આવી છે. શહેરના સરુસેક્સન રોડ પર આવેલી મોદી સ્કૂલમાં ચાલુ શૈક્ષણિક કાર્ય દરમિયાન ઈલેક્ટ્રીક પેનલમાં આગ લાગતાં ભારે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે, શાળાના સ્ટાફની સમયસૂચકતાથી તમામ 592 વિદ્યાર્થીઓને હેમખેમ બહાર કાઢવામાં આવ્યા હતા અને આગને કાબૂમાં લેવામાં આવી હતી. જ્યારે મહાનગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમે દોડી જઈ સમયસર શાળાની ફાયર સિસ્ટમનો ઉપયોગ કરીને આગ બુજાવી દેતાં સર્વે એ હાશકારો અનુભવ્યો હતો. આ અંગે મળતી પ્રાથમિક માહિતી પ્રમાણે જામનગરની મોદી સ્કૂલમાં ઈલેક્ટ્રિક પેનલમાં શોર્ટ સર્કિટને કારણે આગ લાગવાની ઘટના બની હતી. જોકે, આગ લાગતાની સાથે સ્ટાફ દ્વારા વિદ્યાર્થીઓને શાળાની બહાર કાઢવાની પ્રક્રિયા ચાલુ કરી દેવામાં આવી હતી અને તુરંત 592 વિદ્યાર્થીઓને હેમખેમ બહાર કાઢવામાં આવ્યા હતા. શાળાના સ્ટાફ દ્વારા આગને કાબૂમાં લેવામાં આવી હતી. આ સાથે સ્ટાફે ફાયર ફાઈટરની ટીમને પણ જાણ કરતા તેઓની ટીમો પણ ઘટનાસ્થળે આવી પહોંચી હતી. આગની જાણ કંટ્રોલ રૂમમાં થતાં જ ફાયરના જવાનો તુરંત મોદી સ્કૂલે પહોંચ્યા હતા.

## પ્રેમ સબંધથી ગર્ભવતી બનેલી યુવતીને બાળક જન્મ્યું : મા-બાપે ત્યજી દીધું...

ગોધરા | નવજાતને ત્યજી દેવાની ઘટના ગ્રામીણ વિસ્તારોમાં સામાન્ય બનતી હોય તેવુ લાગી રહ્યુ છે. પોતાના પ્રેમી સાથેના સબંધથી ગર્ભવતી બનેલી મહિલા કે યુવતિઓ બાળકને જન્મ આપીને નિષ્ઠુર બનીને તરછોડી દેતી હોય છે. ત્યારે ગોધરાની એક દર્દનાક ઘટના સામે આવી છે. જેમાં સગી દિકરીને પ્રેમસબંધમાં ગર્ભ રહ્યો અને પ્રસુતીની સ્થિતિ આવી.. દિકરીના બીજે લગ્ન નક્કી થઈ ગયા હતાં. ત્યારે માતા-પિતા માટે દિકરીના જીવનનો સવાલ માતા-પિતા સામે આવીને ઉભો રહ્યો.. અને માતા-પિતાએ પણ તમામ લાગણીઓને બાજુ પર મુકીને દિકરીની પ્રસુતી કરાવવાનું નક્કી કર્યુ અને તેને રજા મળ્યા બાદ બાળકને ત્યજી દેવાયું. જોકે બાદમાં પોલીસ તપાસમાં આ ઘટનામાં મહિલા અને તેના માતા-પિતાની ઓળખ થતા ત્રણે સામે પોલીસ ફરિયાદ નોંધાઈ હતી. ગોધરા બસ સ્ટેન્ડ પાસેથી તા. 12ના રોજ એક ત્યજી દેવાયેલુ નવજાત શીશુ મળી આવતા લોકોએ 108 ને જાણ કરી હતી. બસ સ્ટેન્ડમાં કોઈ નિષ્ઠુર માતા, પિતા કે કોઈ પાપ છુપાવવા નવજાતને ત્યજી દીધા હોવાની ચર્ચાઓ ચાલતી હતી.

દરમિયાન નવજાત શીશુએ શ્રીજી આરોગ્ય ટ્રસ્ટ શહેરાની કીટ પહેરેલી હતી. ગોધરા શહેર એ ડીવીઝન પોલીસ મથકે જાણવા જોગ નોંધીને તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસ નવજાત બાળકને પહેરેલા શ્રીજી આરોગ્ય ટ્રસ્ટ શહેરા નામની શીશુ કીટના આધારે તપાસ હાથ ધરી હતી. પોલીસે શ્રીજી આરોગ્ય ટ્રસ્ટ સંચાલીત હોસ્પીટલમાં તપાસ કરતા જાણવા મળ્યુ કે, 12 જૂનના દિવસે વહેલી સવારે એક મહીલા ડિલેવરી માટે હોસ્પીટલ આવતા હોસ્પીટલની બહાર ડીલેવરી થતા બાળકનો જન્મ થયો હતો.

## માહી ડેરીના ટેન્કરમાંથી દૂધ ચોરી ભેળસેળ કરી વેચતા 6 ઝડપાયા

(એજન્સી) રાજકોટ | તા.18

ખાદ્ય-પદાર્થો, ચીજવસ્તુઓ અને ડેરી પ્રોડક્ટમાં સમાવિષ્ટ પનીર, ઘી, મીઠાઈ અને દૂધમાં મોટાપાયે ભેળસેળના સમાચારો અનેક વખત સામે આવી રહ્યા છે. ત્યારે વધુ એક વખત જેતપુર-જૂનાગઢ નેશનલ હાઈવે પર આવેલી સોરઠ હોટલના કમ્પાઉન્ડમાં એલસીબીએ દરોડો પાડી માહી ડેરીના ટેન્કરોમાંથી દૂધની ચોરી કરી તેની જગ્યાએ પાણી મિક્સ કરવાનું કારસ્તાન ઝડપી પાડી 6 શખસોની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટ LCB પીઆઈ વી.વી. ઓડેદરા અને ટીમે જેતપુર-જૂનાગઢ હાઈવે ઉપર આવેલ સોરઠ હોટલના કમ્પાઉન્ડમાં પાછળના ભાગે ફૂડ એન્ડ ડ્રગ વિભાગના અધિકારીઓને સાથે રાખીને દરોડો પાડ્યો હતો. માહી ડેરીના ટેન્કરમાંથી દૂધની ચોરી કરતા જૂનાગઢના હીરાભાઈ ગોવિંદભાઈ કલોતરા, જસભાઈ ગોવિંદભાઈ કલોતરા, અર્જુનભાઈ રમેશભાઈ ભારાઈ, જેતપુરના ભીખુભાઈ ઘેલાભાઈ રામાણી, વારાણસીના બલીરામ લાલબહાદુર વિશ્વકર્મા અને રાજુ ગુલાબભાઈ યાદવની ધરપકડ કરી હતી. જ્યારે જૂનાગઢના બાલુ ઉર્ફે ઘેલીયો પરબતભાઈ કોડિયાતરની સંડોવણી ખૂલતા તેની શોધખોળ હાથ ધરી છે. ટેન્કરમાંથી દૂધની ચોરી કરી તેની જગ્યાએ તેટલું જ પાણી મિક્સ કરવાનું કારસ્તાન ચલાવતા હતા.

**બ્રેકિંગ ન્યૂઝ**

### ઉત્રાણની હોસ્પિટલમાં નવજાતનું મોત, ડોકટર સામે બેદરકારીનો આક્ષેપ

સુરત | ગર્ભવતી મહિલાની ખાનગી હોસ્પિટલમાં સિઝરીયન પ્રસૂતિ કરતા મૃત બાળકીને જન્મ થયો હતો. જોકે બાળકીના કાન પાસે ઈજા નિશાન દેખાયા હોવાથી બાળકીનો મૃતદેહ લઈને પરિવારજનો હોસ્પિટલ જઈને હોબાળો મચાવ્યો હતો. જોકો ડોકટરની બેદકારીથી બાળકીના મોત થયા હોવાના આક્ષેપ તેના પરિવારે કર્યા હતા. મોટાવરાછામાં સુમન નિવાસ આવાસમાં રહેતી ૨૪ વર્ષીય ગર્ભવતી લક્ષ્મીદેવી દિનેશ કનોજીયા ગત તા. ૧૫મી સાંજે પ્રસૂતિની પીડા થતા ઉત્રાણમાં સિલ્વર બિઝનેસ પોઈન્ટ ખાતેની પવાસીયા હોસ્પિટલમાં દાખલ કરી હતી.

### ભેસ્તાનમાં ગુમ થયેલા 34 વર્ષના યુવાનની કોહવાયેલી લાશ મળી

સુરત | ભેસ્તાન- સચીન ખાતે રેલવે ટ્રેક પાસે રવિવારે સવારે અઠવાડીયા પહેલા ગુમ થયેલા ભેસ્તાના યુવાનનો કોહવાયેલી લાશ મળી આવી હતી. જોકે તેના મોત અંગે શંકા કુશંકાઓ સેવાતા ફોરેન્સીક પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યુ હતુ. નવી સિવિલથી મળેલી વિગત મુજબ મુળ ઉતરપ્રદેશમાં ફતેપુર હસ્વાનો વતની અને હાલમાં ભેસ્તાન ખાતે આસ્માનગરમાં હેન્ડ વર્કના ખાતામાં રહેતો અને ત્યાં કામ કરતો ૩૪ વર્ષીય ઈર્શાદ શેખ અઠવાડીયા પહેલા કોઈને જાણ કરવા વગર નીકળી ગયો હતો.

## હડતાળની જાહેરાતનો ફિયાસ્કો:સ્કૂલવાન ચાલકો ન જોડાયા, વાલીઓએ હાશકારો અનુભવ્યો...

(એજન્સી) વડોદરા | તા.18

વડોદરા શહેરમાં આજે સ્કૂલ વાનચાલકોએ હડતાળનું એલાન કર્યું હતું. જો કે, સ્કૂલ વાનચાલકોની હડતાળની અસર જોવા મળી નહોતી. સવારથી જ સ્કૂલ વાનચાલકો બાળકોને લેવા માટે પહોંચી ગયા હતા, જેને કારણે વાલીઓએ રાહતનો શ્વાસ લીધો હતો. બીજી તરફ વાનચાલકોએ જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓનું ભણતર ન બગડે તે માટે હડતાળ પર ગયા નથી.

રાજ્યભરમાં નવા શૈક્ષણિક સત્રની શરૂઆત થઈ ચૂકી છે, ત્યારે સ્કૂલ વાનચાલકોને આરટીઓ દ્વારા પાસિંગ ના આપવામાં આવતું હોવાની વાતને લઈને આજે સ્કૂલ વાન એસોસિએશનને હડતાળનું શસ્ત્ર ઉગામ્યું હતું. જો કે, ગઈકાલે કેટલાક સ્કૂલ વાનચાલકોએ હડતાળમાં ન જોડાવાની જાહેરાત કરી હતી. જો કે, સ્કૂલ વાન એસોસિએશન હડતાળ પાડવાની વાત પર અડગ રહ્યું હતું. જો કે, દિવ્ય ભાસ્કરની ટીમ જ્યારે આજે સ્કૂલોમાં પહોંચી ત્યારે સ્કૂલ વાનચાલકો બાળકોને લઈને સ્કૂલમાં આવતા જોવા મળ્યા હતા. જેથી સ્કૂલ વાનની હડતાળનો ફિયાસ્કો થયેલો જોવા મળ્યો હતો. સ્કૂલ વાનચાલક વિશાલભાઈ દળવીએ જણાવ્યું હતું કે, જો અમે હડતાલ પાડી દઈશું તો વિદ્યાર્થીઓનું ભણતર બગડશે, જેથી વિદ્યાર્થીઓનું ભણતર ન બગડે તે માટે અમે સ્કૂલ વાન ચાલુ રાખી છે. આ ઉપરાંત અમે જો હડતાળ પર જઈશું તો વાલીઓ પણ હેરાન થશે. જેથી અમે વિદ્યાર્થીઓ અને વાલીઓના હિતમાં હડતાળ પર ગયા નથી. ભવિષ્યમાં અમને જરૂર લાગશે તો અમે હડતાળમાં જોડાઈશું. પણ હાલ પૂરતા અમે હડતાળમાં જોડાયેલા નથી.

વધુમાં જણાવ્યું હતું કે, આરટીઓમાં વાનચાલકોના પાસિંગની વ્યવસ્થા કરવામાં આવી રહી છે. જો કે, તંત્ર દ્વારા અમને જે હેરાનગતિ કરવામાં આવે છે તે ન કરવામાં આવે તેવી અમારી માગણી છે. આરટીઓ અને પોલીસ અમને સપોર્ટ કરે તો અમે પણ તેમને સપોર્ટ કરવા માટે તૈયાર છીએ.

## ફૂટપાથ પર ન સૂવા સમજાવ્યા : જ્યાં નોકરી કરો છો ત્યાંના બિલ્ડર કે કોન્ટ્રાક્ટર સૂવાની વ્યવસ્થા ન કરે તો પોલીસને જાણ કરો...



(એજન્સી) સુરત | તા.18

ઘણીવાર રાત્રિના સમયે ફૂટપાથ પર રહેતા લોકો અકસ્માતના શિકાર બને છે. આ અકસ્માતો બનતા રોકવા સિંગણપોર પોલીસે ફૂટપાથ પર રહેતા લોકોને સમજણ આપી હતી. સાથે બિલ્ડરોને કન્સ્ટ્રક્શન સાઈટ પર કામદારોને સૂવાની સગવડ કરવાની સૂચના આપી હતી. જો કોઈ કોન્ટ્રાક્ટર આનાકાની કરે તો લોકોને પોલીસનો સંપર્ક કરવા પણ જણાવ્યું હતું.

રોજગારની શોધમાં વિવિધ રાજ્યોમાંથી લોકો સુરત આવે છે. ઘણા લોકો બાંધકામ સાઈટ પર મજૂર તરીકે કામ કરે છે. પરંતુ રહેવાની સગવડના અભાવે તે પોતાના પરિવાર સાથે રોડ અને ફૂટપાથ પર સૂઈ જાય છે. આવી સ્થિતિમાં અનેકવાર ફૂટપાથ પર રહેતા લોકો રોડ અકસ્માતના શિકાર થાય છે. જેમાં ઘણા કિસ્સાઓમાં કામદારો ઈજાગ્રસ્ત થયા છે અથવા મૃત્યુ પામે છે. આવી ઘટનાઓને રોકવા માટે સુરત શહેરની સિંગણપોર પોલીસ દ્વારા વિસ્તારમાં ફૂટપાથ પર રહેતા અને સૂતા કામદારો સાથે વાતચીત કરવામાં આવી હતી. ફૂટપાથ પર રહેતા કામદારોને સમજાવવામાં આવ્યા હતા કે, ફૂટપાથ પર સૂવું તેમના જીવ માટે જોખમી છે. અનેકવાર લોકો હિટ એન્ડ રનના પણ શિકાર બન્યા છે.

સિંગણપોર પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટર વી.બી. ગોહિલ ફૂટપાથ પર રહેતા લોકોને મળ્યા અને તેમને જણાવ્યું હતું કે, જે લોકો ફૂટપાથ પર રહે છે તેઓ માટે સુરત મહાનગરપાલિકા દ્વારા સેલ્ટર હોમની વ્યવસ્થા કરવામાં આવી છે. જ્યાં તેઓ નોકરી કરે છે ત્યાં બિલ્ડર દ્વારા સૂવાની વ્યવસ્થા કરવામાં આવે છે. જો આવી વ્યવસ્થા ના હોય તો લોકો પોલીસ સ્ટેશન આવીને જાણ કરી શકે છે. સુવિધા આપનાર વ્યક્તિ કે કોન્ટ્રાક્ટર આનાકાની કરે તો શ્રમિકો પોલીસનો સંપર્ક કરી શકે છે.

સાથે તેઓએ જણાવ્યું હતું કે, પાલિકાના વહીવટી તંત્ર સાથે સંકલન કરી કતારગામ વિસ્તારમાં તેમની માટે રહેવાની સગવડ કરવામાં આવી છે. અન્ય રાજ્યોથી રોજગારી માટે લોકો અહીં આવે છે, રોજગાર મેળવી પરત સુરક્ષિત પોતાના વતન જાય તે માટે લોકો ફૂટપાથ પર ન રહે અને હંમેશા સલામત રહે તેવી સમજણ આપવામાં આવી હતી.

# ભાવનગર શહેર અને જિલ્લામાં જુગટૂં ખેલતા 35 પત્તાપ્રેમી ઝબ્બે

(એજન્સી) ભાવનગર | તા.18

ભાવનગર શહેર ઉપરાંત જિલ્લાના ઓથા, ઉમરાળા, મહુવા, કરેડા, સિહોર,પાડાપણ, ટીંબી, તોતણિયાળા ગામે જુગટૂં ખેલતા ૩૫ પત્તાપ્રેમીને પોલીસે દરોડો પાડી રોકડ, ગંજીપાના સહિતના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. પ્રથમ બનાવમાં મહુવા તાલુકાના ઓથા ગામે આવેલ પાટી વિસ્તારમાં કાળુભાઈ હડિયાની વાડીના શેઢે ખુલ્લી જગ્યામાં જુગાર રમી રહેલા ત્રણ જુગારી વિપુલ સવજીભાઈ સોલંકી, સાજીદ દાદુભાઈ સોરઠીયા અને રણછોડ જાદવભાઈ કળસરિયા (રહે, ત્રણેય ઓથા, તા. મહુવા )ને બગદાણા પોલીસે ઝડપી લઈ રોકડ અને જુગારનું સાહિત્ય સહિતનો મુદ્દામાલ કબજે કરી ત્રણેય શખ્સ સામે જુગારધારાની કલમ ૧૨ હેઠળ ગુનો દાખલ કર્યો હતો. બીજા બનાવમાં ઉમરાળા ગામે એસટીડી પાછળ વિપુલ દીપકભાઈ જાદવના ઘરની બહાર ખુલ્લી જગ્યામાં સ્ટ્રીટલાઈટના અજવાળે તીનપત્તીનો જુગાર રમતા પાંચ પત્તાપ્રેમી વિપુલ દીપકભાઈ જાદવ, પરેશ કરશનભાઈ પાટડિયા, પુનિત ઉર્ફે પિન્ટુ ભાવેશભાઈ બારૈયા, વિશાલ અશોકભાઈ વાઘેલા અને ભાવિક મુકેશભાઈ બલોલિયાને ઉમરાળા પોલીસે ઝડપી લીધા હતા. ત્રીજા બનાવમાં ટીંબી ગામે ઈન્દીરાનગર ચોકમાંથી સંદીપ બીજલભાઈ પરમાર, રાહુલ મનજીભાઈ રાઠોડ અને ઈમરાન યુનુસભાઈ ખેરડિયા નામના શખ્સોને ઉમરાળા પોલીસે રોકડ, ગંજીપાના સાથે પકડી પાડયા હતા.

## ન્યુઝ ફ્લેશ

### રસનાળ ગામે યુવકની ભાલાનો ઘા ઝીંકી હત્યા કરનાર શખ્સ ઝડપાયો

ગઢડા | ગઢડા (સ્વામીના) તાલુકાના રસનાળ ગામની સીમ વિસ્તારમાં વાડીમાંથી ઘઉંનું કુંવળ કાઢવા મામલે ભાગિયા પિતા-પુત્રે એક યુવકને ભાલાના ઘા ઝીંકી હત્યા કરી નાંખ્યાની ચકચારી ઘટનામાં પોલીસે ૪૦ દિવસે એક હત્યારા શખ્સને ઘેલા સોમનાથ મંદિરેથી દબોચી લીધો હતો.આ અંગે વધારે જાણવા મળતી વિગત અનુસાર ગઢડાના રસાનાળ ગામે રાંદલ માતાજીના મંદિર પાસે રહેતા સુરેશભાઈ પરષોતમભાઈ સોજીત્રા (ઉ.વ.૪૫)ની ગામની સીમમાં આંબરડી રોડ પર ખેતીની જમીનમાં ભાગિયા તરીકે કામ કરતા મગન મનજીભાઈ પાંચાણી અને તેના દીકરા જીતેન્દ્ર ઉર્ફે જીતુ ઉર્ફે ગતિયો નામના શખ્સોએ ગત ૮મી મેના રોજ ઘઉંની કુંવળ કાઢવા બાબતે સુરેશભાઈ સાથે બોલાચાલી કરતા તેઓ તેમના કુટુંબી ભત્રીજા અશોકભાઈ ઘુસાભાઈ સોજીત્રાને લઈ વાડીએ જતાં ત્યાં મગન પાંચાણીએ તેના દિકરાને ઉશ્કેરણી કરી બન્ને શખ્સે જાનથી મારી નાંખવા ધમકી આપી.

### પૂરઝડપે જતી બાઈક સ્લીપ થઈ જતાં પત્નીનું મોત : પતિને ઈજા

દેડિયાપાડા : દેડિયાપાડાના ગેસ્ટ હાઉસ સામે બાઈક સ્લીપ થઈ જતા પાછળ બેસેલી પત્નીનું મોત નિપજ્યું હતું. જ્યારે ચાલક પતિને ઈજા થઈ હતી. ઝઘડિયા તાલુકાના તવડી ગામે રહેતાં પ્રભુભાઈ જગદીશભાઈ વસાવા તા.૧૫મીએ સાંજના સમયે બાઈક પર પત્ની જાગૃતિબેન (ઉં.વ.૨૮) સાથે દેડિયાપાડાના ગેસ્ટ હાઉસ પાસેથી પસાર થઈ રહ્યા હતાં. તે સમયે પૂરઝડપે બાઈક હંકારતાં તેમણે સ્ટિયરિંગ પરનો કાબુ ગુમાવી દેતાં બાઈક રોડ પર સ્લીપ થઈ ગઈ હતી. જેમાં બંને પતિ - પત્ની રોડ પર પટકાયા હતાં. જેથી પત્ની જાગૃતિબેનને પેટમાં ગંભીર ઈજા થઈ હતી, જ્યારે પ્રભુભાઈને પણ ઈજા થઈ હતી.

### નડિયાદની મહિલાએ રોકાણ કરેલા 4.17 લાખ ગુમાવ્યા

નડિયાદ | ખેડા જિલ્લામાં સાયબર ફ્રોડના બે ગુનાઓ નોંધાયા છે. નડિયાદની મહિલા સાથે રોકાણના નામે કુલ રૂ.૪.૧૭ લાખ તથા ચકલાસીના યુવક સાથે પેન્સિલ પેક કરી ઘરે બેઠા રૂપિયા કમાવવાના નામે રૂ. ૭૫ હજારની છેતરપિંડી આચરવામાં આવી હોવાની પોલીસ ચોપડે ફરિયાદ નોંધાઈ છે. નડિયાદના મંજીપુરા રોડ પર રહેતા રીનાબેન જયપ્રકાશ આઈલાએ તેમની મોટીબેન મારફતે નાણાં ઈન્વેસ્ટમેન્ટની એક લીંકમાં પોતાનું અને પોતાના મિત્રોના કુલ ૪,૧૭,૦૦૦ રૂપિયાનું તા.૧૦ મે ૨૦૨૪ના રોજ રોકાણ કર્યું હતું.

બાદમાં આ નાણાં પરત ના મળતા રીનાબેનના બહેને રાજકોટ સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી હતી. બાદમાં રીનાબેને નડિયાદ ગ્રામ્ય પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે નીતા ત્રિવેદી અને ઈવલાન લેઝારડ નામના બે શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## ઉપરવાસમા વરસાદ બાદ જિલ્લાના સૌથી મોટા ડેમમાં નવા નીર આવ્યા

# ભાવનગરની જીવાદોરી સમાન શેત્રુંજી ડેમની સપાટીમાં 2 દિવસમાં 20 સેમીનો વધારો

(એજન્સી) ભાવનગર | તા.18



ગારિયાધાર, જેસર અને પાલિતાણા પંથકમાં પડેલા વરસાદથી જિલ્લાના સૌથી મોટા શેત્રુંજી ડેમમાં નવા નીરની આવક થઈ છે. ત્રણ દિવસ દરમિયાન ઉપરવાસમાં પડેલા વરસાદથી ડેમની જળસપાટીમાં ૨૦ સેમીનો વધારો થયો છે. ઉપસવાસમાં પડેલા વરસાદથી જળાશયમાં થઈ રહેલી પાણીની આવક આજે સવારે ૬ વાગ્યે બંધ થઈ હતી. આજે પણ ગારિયાધાર અને પાલિતાણામાં વરસાદના પગલે ડેમની જળસપાટી આગામી દિવસોમાં વધવાની સંભાવના છે. છેલ્લા ત્રણ દિવસ દરમિયાન જિલ્લાના ગારિયાધાર, પાલિતાણા અને જેસર પંથકમાં પડેલા વરસાદથી ભાવનગર જિલ્લાની જીવાદોરી સમાન શેત્રુંજી ડેમની જળસપાટીમાં વધારો થયો છે. હવામાન વિભાગની આગાહી અનુસાર ઉપરવાસ તથા ભાવનગર જિલ્લાના ત્રણ તાલુકાઓમાં પડેલા વરસાદથી છેલ્લા ૩ દિવસ દરમિયાન ડેમની જળસપાટીમાં ૨૦ સેમીનો વધારો થયો છે. સિંચાઈ વિભાગના આકડાંઓ અનુસાર ૧૫ જુનના રોજ શેત્રુંજી ડેમમાં ૫૬.૪૬ મિલિયન ઘનમીટર (૧૬.૩૦ ટકા) પાણી સંગ્રહ હતો. ઉપરવાસમાં પડેલા વરસાદના લીધે બીજા દિવસે તા.૧૬ જુનના રોજ ૧.૨૬ મિલિયન ઘનમીટરના વધારા સાથે ૫૭.૭૫ મિલિયન ઘનમીટર (૧૬.૬૭ ટકા) પાણીનો સંગ્રહ નોંધાયો હતો. જે બાદ આજે ૧૭ જુનના રોજ ૪.૦૧ મિલિયન ઘનમીટરના વધારા સાથે ૬૧.૭૬ મિલિયન ઘનમીટર (૧૭.૮૨ ટકા) પાણીનો સંગ્રહ નોંધાયો છે. આજે સવારે ૬ વાગ્યાથી ડેમમાં નવા નીરની આવક બંધ થઈ છે. આમ કુલ ત્રણ દિવસમાં શેત્રુંજી ડેમમાં ૫.૩ મિલિયન ઘનમીટર (૧.૫૨ ટકા) નવા પાણીની આવક થઈ છે. ઉલ્લેખનીય છે કે, શેત્રુંજી ડેમની ડિઝાઈન ગ્રોસ સ્ટોરેજ ક્ષમતા ૩૪૬.૪૮ મિલિયન ઘનમીટર છે જેની સામે ડેમમાં ૧૭ જુનની સ્થિતિએ ૬૧.૭૬ મિલિયન ઘનમીટર (૧૭.૮૨ ટકા) પાણીનો સંગ્રહ છે. ૧૬મી જુને ડેમમાં અંદાજીક આવર ૨૦૩૦ ક્યૂસેક હતી. હજુ ચોમાસાનો પ્રારંભ છે આગામી દિવસોમાં ઉપસવાસમાં વરસાદ પડયા બાદ ડેમમાં નવા નીરની આવક શરૂ થશે. આજે પણ ગારિયાધાર અને પાલિતાણામાં અનુક્રમે ૨૯ એમએમ અને ૪ એમએમ વરસાદ નોંધાયો છે ત્યારે ઉપરવાસમાં વરસાદને પગલે આગામી દિવસોમાં શેત્રુંજી ડેમની જળસપાટી હજુ વધવાની સંભાવના છે.

## ઠાસરા તાલુકામાં શાળાના જર્જરિત 218 માંથી 40 ઓરડા સીલ કરાયા

(એજન્સી) ડાકોર | તા.18

ઠાસરા તાલુકામાં ૧૬૧ શાળાઓમાં ૨૧૮ ઓરડાઓ જર્જરિત હાલતમાં છે. શિક્ષણ વિભાગ દ્વારા હાલમાં જોખમી ઓરડાઓને સીલ મારવાની અને તેનો વપરાશ સંપૂર્ણ બંધ કરાવવાની કાર્યવાહી હાથ ધરાઇ છે. જેમાં અત્યાર સુધીમાં ૪૦ ઓરડાઓને સીલ કરી દેવાયા છે.

ઠાસરા તાલુકામાં શાળાઓમાં ફાયર સેફ્ટી સહિતની તપાસનું અભિયાન શરૂ કરી દેવાયું છે. ત્યારે તાલુકામાં શાળામાં જર્જરિત હોય તેવા કુલ ૪૦ ઓરડાઆને સીલ કરી નિયમ અનુસાર કાર્યવાહી કરાઈ રહી છે. ત્યારે બીજી તરફ તાલુકાની દીપકપુરા શાળામાં જર્જરિત ઓરડામાં બેસેલા બે વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત બન્યાની ઘટનાને ૬૦ દિવસ જેટલો સમય વીતિ ગયો હોવા છતાં શિક્ષણ વિભાગ કે તંત્ર તે સંદર્ભે સરકારી પરિપત્ર મુજબ નિયમ અનુસાર કાર્યવાહી કરવા હરફ પણ ઉચ્ચારતું નથી. ત્યારે વાલીએ આ સંદર્ભે ન્યાય માટે કોર્ટના દ્વાર ખટખટાવવાનો નિર્ણય કર્યો છે. રાજકોટ ઘટનાના પગલે ઘોડા છૂટી ગયા પછી ઠાસરા તાલુકામાં તબેલે તાળા મારવા શિક્ષણ વિભાગના સર્વશીક્ષણ અભ્યાનના અધિકારીઓ નીકળ્યા હતા.

## શાકભાજીના વિકલ્પમાં કઠોળની માંગમાં ઉછાળો

# ઉનાળો પૂર્ણતાના આરે છતાં લીલા શાકભાજીના ભાવ આસમાને : ગૃહિણીઓ



(એજન્સી) ભાવનગર | તા.18

ઉનાળાની આકરી ગરમીના અંતિમ તબકકામાં લીલા શાકભાજીના ભાવમાં ફરી વખત ઉછાળો થતા મધ્યમવર્ગીય ગૃહિણીઓમાં દેકારો જોવા મળી રહ્યો છે. એક બાજુ ગરમી ઘટવાનું નામ ન લેતી હોય અને બીજી બાજુ વધતી જતી ગરમી તેમજ અછતના બહાના તળે લીલા શાકભાજીના ભાવ નીચા ન ઉતરતા હોય સ્થાનિક શાકમાર્કેટમાં શાકભાજીના વિકલ્પમાં કઠોળના વેચાણમાં વધારો થયો છે.

છેલ્લા એક સપ્તાહથી ગ્રીષ્મકાલીન ઋતુના આખરી દિવસોમાં શહેરની મુખ્ય અને પરા વિસ્તારોની શાકમાર્કેટમાં ગરમીને લઈને કેટલાક શાકભાજીની આવક ઘટી જતા તેની સામે એકાએક તેની માંગ વધી જતા વિક્રેતાઓ દ્વારા શાકભાજીના ભાવ વધારી દેવામાં આવતા મધ્યમવર્ગીય ગૃહિણીઓના કિચન બજેટમાં તેની અસર થવા પામેલ છે. શહેરની મુખ્ય શાકમાર્કેટ તેમજ કાળીયાબીડ, સીદસર, રૂવા રોડ અને શહેર ફરતી સડક આસપાસના પરા વિસ્તારોમાં શાકભાજીના રાજા ગણાતા સારી ગુણવત્તાવાળા મોટા બટેટા રૂા ૩૫ થી ૪૦ ના કિલોના ભાવે, ગુવાર રૂા ૮૦ ના કિલો, ટમેટા, રીંગણા, ભીંડો સહિતના અન્ય શાકભાજી રૂા ૭૦ થી ૮૦ ના કિલોના ભાવે વેચાઈ રહ્યા છે. લીલા શાકભાજીના ભાવ ક્રમશ પેટ્રોલ અને ડિઝલના ભાવને આંબવા ઉંચે જઈ રહ્યા હોય નીમ્ન સ્તરના પરિવારજનોને હવે દરરોજ શેના શાકભાજી ખાવા અને પરિવારના સભ્યોને ખવડાવવા તેની ચિંતા કોરી ખાય છે. કોલ્ડ સ્ટોરેજમાં લીલા શાકભાજીનો સ્ટોક અપૂરતા પ્રમાણમાં હોય, આવકમાં ઘટાડો થતો હોય અને માંગમાં વધારો થઈ રહ્યો હોય ગ્રાહકોની મજબૂરીનો શાકભાજીના છુટક અને જથ્થાબંધ વિક્રેતઓ લાભ લઈ રહ્યા હોય તેવી મધ્યમવર્ગીય પરિવારજનોમાં વ્યાપક પ્રમાણમાં રાવ ઉઠવા પામેલ છે.



## કાસોરથી અજરપુરાને જોડતા કાંસમાં ઝાડી-ઝાંખરાનું સામ્રાજ્ય

(એજન્સી) આણંદ | તા.18

આણંદ તાલુકાના કાસોર તરફથી અજરપુરા સીમ વિસ્તારમાંથી પસાર થતા કાંસમાં ઝાડી-ઝાંખરા તથા જંગલી વનસ્પતિનું સામ્રાજ્ય ફેલાયું છે. ચોમાસાના આગમનની તૈયારી છે, ત્યારે તંત્ર દ્વારા સત્વરે આ કાંસની સાફસફાઈ કરવામાં આવે તેવી માંગ ઉઠી છે. કાસોરથી વિજયપુરા થઈ અજરપુરાને જોડતા કાંસમાં છેલ્લા ઘણા વર્ષોથી જંગલી વનસ્પતિ તથા ઝાડી-ઝાંખરા ઉગી નીકળ્યા છે. વર્ષોથી આ કાંસમાં સાફસફાઈ ન કરવામાં આવતા કાંસ છીછરો થઈ ગયો છે. કાસોરથી અજરપુરાને જોડતા આ કાંસમાં ઉમરેઠ તાલુકાના રતનપુરા, દાગજીપુરા સહિતના અનેક ગામોમાંથી વરસાદી પાણી આવતું હોય છે. ભારે વરસાદ થાય ત્યારે કાંસમાં ફેલાયેલા ઝાડી-ઝાંખરાના કારણે પાણી અવરોધાવાની શક્યતા છે અને કાંસ છીછરો બની જતા આસપાસના ખેતરોમાં કાંસનું પાણી ફરી વળવાની સંભાવના રહેલી છે. જેને લઈ ખેડૂતોના પાકનું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.



## કારમાં લઈ જવાઈ રહેલો 1.12 લાખનો વિદેશી દારૂ અને બીયર ઝડપાયો

(એજન્સી) દાહોદ | તા.18

દેવગઢ બારીઆ તાલુકાના ઉધાવળા ગામેથી પોલીસે નાકાબંધી કરી કારમાં લઈ જવાઈ રહેલો રૂ.૧,૧૨,૩૨૦નો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપી પાડયો હતો. જ્યારે કારનો ચાલક પોલીસને જોઈને કાર સ્થળ પર છોડીને નાસી ગયો હતો. દેવગઢ બારીઆ તાલુકાના ઉધાવળા ગામે મોટા ફળિયામાં રોડ પરથી વિદેશી દારૂ ભરેલી કાર પસાર થવાની હોવાની બાતમીના આધારે દેવગઢબારીઆ પોલીસે ગઈકાલે તે સ્થળે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાશી હાથ ધરી હતી. તે સમયે ત્યાંથી બાતમીવાળી કાર પસાર થતાં પોલીસે તેને ઊભા રહેવાનો ઈશારો કરતાં કારનો ચાલક વિજય શનાભાઈ પટેલ (રહે. અંતેલા, તા.દેવગઢ બારીઆ) પોલીસને જોઈ સ્થળ પર કાર મૂકીને નાસી ગયો હતો. પોલીસે ગાડી પાસે જઈ તેની તલાશી લેતાં કારમાંથી વિદેશી દારૂ તથા બીયરની બોટલો મળી આવી હતી. પોલીસે કુલ રૂા.૧,૧૨,૩૨૦નો વિદેશી દારૂ અને બીયરનો જથ્થો ઝડપી લઈ કાર સહિત કુલ રૂા.૪,૧૨,૩૨૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.



## બાવળિયારી-સનેસ રોડ ઉપર બસની ટક્કરે મહારાજ સાહેબને ગંભીર ઈજા

(એજન્સી) ભાવનગર | તા.18

ભાવનગર-અમદાવાદ હાઈવે પર બાવળિયારીથી સનેસ જવાના રસ્તા પર વહેલી સવારે એક અજાણ્યા લકઝરી બસના ચાલકે વ્હીલચેરને ટક્કર મારતા મહારાજ સાહેબને ગંભીર ઈજા પહોંચી હતી. જેઓને સારવાર માટે ભાવનગરની ખાનગી હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યા છે. સેવકગણ અને અનુયાયીઓમાં ચિંતા પ્રસારવતી ઘટનાની સૂત્રો પાસેથી મળતી વિગત અનુસાર આગમોધારક સમુદાયવર્તી આચાર્યદેવ ચંદ્રસાગરસૂરીસ્વરજી મ.સા. આદી ઠાણા-૪ મધ્યપ્રદેશથી પાલિતાણા વિહાર કરવા આવી રહ્યા હતા. દરમિયાનમાં આજે વહેલી સવારે ૫-૧૫ કલાકે બાવળિયારીથી સનેસ રોડ ઉપર પ.પૂ.આચાર્યદેવ દેવચંદ્રસાગરસૂરી મ.સા. વ્હીલચેરમાં બેસીને પસાર થઈ રહ્યા હતા. ત્યારે કોઈ અજાણ્યા લકઝરી બસના ચાલકે વ્હીલચેરને ટક્કર મારતા દેવચંદ્રસાગરસૂરી મહારાજ સાહેબને ગંભીર ઈજા થતાં તેઓને સારવાર માટે ભાવનગરની બજરંગદાસ બાપા આરોગ્યધામ ખાતે ખસેડવામાં આવ્યા હતા. અહીં તેમની તબિયત સ્થિર હોવાનું સૂત્રોએ જણાવ્યું છે.



## ગણેશગઢ ગામ નજીક વિદેશી દારૂ ભરેલા ટ્રક સાથે 4 શખ્સ ગિરફ્તાર

(એજન્સી) ભાવનગર | તા.18

લોખંડના દાણાની આડમાં અંગ્રેજી દારૂનો જથ્થો ભાવનગરમાં ઘૂસાડી રહેલા ચાર શખ્સને લોકલ ક્રાઈમ બ્રાંચની ટીમે ગણેશગઢ ગામ નજીક એપેક્સ હોટલ પાસેથી ઝડપી લઈ ટ્રક, એક્સેસ ગાડી, મોબાઈલ ફોન, દારૂનો જથ્થો મળી રૂા.૧૩.૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. પ્રાપ્ત વિગત મુજબ ભાવનગર-અમદાવાદ હાઈવે, નીરામ ચોકડી પાસેથી લોખંડના દાણા (ગીટી) ભરેલા ટ્રક નં.જી.જે.૦૪.એડબલ્યુ.૭૪૧૪માં વિદેશી દારૂનો જથ્થો ભરી ભાવનગર લવાઈ રહ્યો છે અને બે શખ્સ દારૂ ભરેલા ટ્રકનું પાઈલોટીંગ કરી રહ્યાની ચોક્કસ બાતમીના આધારે ભાવનગર લોકલ ક્રાઈમ બ્રાચની ટીમે ભાવનગર-અમદાવાદ શોર્ટ રૂટ પર ગણેશગઢ ગામ નજીકની એપેક્સ હોટલ પાસે ગઈકાલે રવિવારે મોડી રાત્રિના સમયે વોચ ગોઠવતા દીપક ઉર્ફે દીપો રમેશભાઈ વાઘેલા અને વિશાલ ઉર્ફે બાઠિયો રમેશભાઈ ચૌહાણ નામના શખ્સોને ઝડપી લઈ ચારેય સામે ગુનો દાખલ કરા તપાસ હાથ ધરી છે.

## નો ડ્રગ્સ કેમ્પેઈન : ભાવનગરના યુવાને માઉન્ટ યુનમની 20,050 ફૂટની ટોચે તિરંગો લહેરાવ્યો

(એજન્સી) ભાવનગર | તા.18



ભાવનગરના યુવાન સહિત ૧૨ સાહસિક યુવાઓની ટીમ દ્વારા તાજેતરમાં ખુબ મુશ્કેલ ગણાતા પીર પંજાલ રેન્જ સ્થિત હિમાચલના માઉન્ટ યુનમ કે જેની ઊંચાઈ ૨૦,૦૫૦ ફૂટ છે.જેમાં દુર્ગમ ચઢાણ અને અત્યંત નીચા તાપમાનનો સામનો કરી નો ડ્રગ્સ કેમ્પેઈનના ઉપક્રમે ગુજરાતના યુવાનોની ટીમે સફળતાપૂર્વક આરોહણ કરીને તેના પર તિરંગો લહેરાવ્યો હતો. ભારત આજે વિશ્વ ગુરૂ તરીકે આગવી ઓળખ ધરાવે છે. જેમાં ઐતિહાસિક સમયથી ભારતના નિર્માણમાં ગુજરાતની ભૂમિકા મહત્વપૂર્ણ રહી છે. જેમાં વધુ એક ગુજરાતી યુવાને પ્રેરક કાર્ય કર્યું હતું. ઈન્વિન્સિબલ એનજીઓ-ભારતનું ટ્રેકિંગ અને એડવેન્ચર ઓર્ગેનાઈઝેશન છે. દરરોજ પાંચ કિ.મી.નું રનીંગ, સામાન સાથે ચઢ-ઉતરની પ્રેક્ટિસ, યોગ પ્રાણાયામનો અભ્યાસ, ટ્રેકિંગ અને પર્વતારોહણનો આગવો અનુભવ ધરાવતા પ્રતિયોગીઓની શારીરિક કસોટીના આધારે પસંદગી કરાઈ હતી. આ ઉપરાંત વીડિયો લેક્ચર દ્વારા ટેકનિકલ તાલીમ અપાઈ હતી. ત્યારબાદ ગત તા.૫ જૂને મુશ્કેલ ગણાતા માઉન્ટ યુનમ તરફ પ્રયાણ કર્યું હતું અને ૧૧ જૂને સમિટ કરી ૨૦,૦૫૦ ફૂટની ઊંચાઈએ તિરંગો લહેરાવ્યો હતો.

## ભાવનગર મહાપાલિકાએ 59 એકમને સીલ માર્યા હતા

# ભાવનગરમાં ફાયર સેફ્ટી સહિતના મામલે સીલ મારવાની કામગીરીને બ્રેક

(એજન્સી) ભાવનગર | તા.18

રાજકોટની અગ્નિકાંડની ઘટના બાદ ભાવનગર મહાપાલિકાએ ગેમઝોનને સીલ માર્યા હતા અને ત્યારબાદ ફાયર સેફ્ટી, બી.યુ.પરમીશન સહિતના નિયમનુ પાલન ન થતુ હોય તેવા એકમોને સીલ મારવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી તેથી વેપારીઓમાં દોડધામ મચી જવા પામી હતી, ત્યારબાદ વેપારીઓએ વિરોધ નોંધાવ્યો હતો અને રજૂઆત કરી હતી, જેના પગલે સીલ મારવાની કામગીરીને બ્રેક લાગી હોવાનુ લોકમુખે ચર્ચાય રહ્યુ છે. આ મામલે નોટિસ આપવાની કામગીરી યથાવત છે.

રાજકોટની અગ્નિકાંડની ઘટના બાદ સરકારની સૂચના મુજબ ભાવનગર મહાનગરપાલિકા વિસ્તાર અને જિલ્લામાં આવેલ ગેમીંગ ઝોન, હોટલ્સ, મોલ્સ, રેસ્ટોરન્ટ તથા બેન્કવેટ હોલ વગેરે જેવી જગ્યાઓ જયા નાગરિકો મોટા પ્રમાણમાં એકત્રીત થાય છે તેવી જગ્યાઓમાં ફાયર સેફટી અને તેને સંલગ્ન અન્ય બાબતોની ચકાસણી કરવા કમિટીની રચના કરવામાં આવી હતી. મહાપાલિકાએ અધ્યક્ષ સહિત ૭ સભ્યની કમિટી બનાવી હતી. આ કમિટિ દ્વારા તપાસ કરી ગેમઝોન સીલ કરવામાં આવ્યા હતા અને ત્યારબાદ શહેરમાં ફાયર સેફ્ટી, બી.યુ.પરમીશન સહિતના નિયમનુ પાલન ન થતુ હોય તેવા આશરે ૫૯ એકમને સીલ કરવામાં આવ્યા હતા તેથી વેપારીઓમાં ફફડાટ ફેલાયો હતો. મહાપાલિકાએ સીલ મારવાની કામગીરી કેટલાક દિવસ યથાવત રાખતા વેપારીઓમાં દોડધામ મચી જવા પામી હતી અને ત્યારબાદ વેપારીઓએ વિરોધ નોંધાવ્યો હતો તેમજ ફાયર સહિતની કામગીરી માટે સમય આપવા માંગણી કરી હતી, જેના પગલે મહાપાલિકાએ સીલ મારવાની કામગીરીને બ્રેક મારી હોવાની ચર્ચા છે.


મહાપાલિકાએ વેપારીઓની રજૂઆત બાદ ફાયર સહિતની કામગીરી કરવા માટે વર્ક ઓર્ડર, બોન્ડ લઈ એકમોના સીલ ખોલી આપ્યા હતાં. હાલ મોટાભાગના એકમના સીલ ખુલ્લી ગયા હોવાનુ ફાયર વિભાગના સુત્રોએ જણાવેલ છે. હાલ મહાપાલિકા દ્વારા ફાયર સેફ્ટી સહિતના મામલે એકમોને નોટિસ આપવાની કામગીરી ચાલી રહી છે પરંતુ સીલ મારવાની કામગીરી બંધ હોવાથી વેપારીઓને રાહત છે.

## પીપાવાવમાં રેલવે ટ્રેક પર સિંહનું ટોળુ જોઈને લોકો પાઈલોટે બ્રેક મારી 10 સિંહને બચાવ્યા

(એજન્સી) ભાવનગર | તા.18

ભાવનગર રેલ્વે ડિવિઝનમાં પીપાવાવ પોર્ટ સ્ટેશનથી પીપાવાવ પોર્ટ સાઈડિંગ તરફ માલગાડી જતી હતી ત્યારે ટ્રેક પર ૧૦ સિંહને જોતા જ લોકો પાઈલોટે ઈમર્જન્સી બ્રેક લગાવી હતી. જેના પરિણામે ૧૦ સિંહનો બચાવ થયો હતો. ભાવનગર ડિવિઝનના સીનીયર ડીસીએમ માશૂક અહમદના જણાવ્યા અનુસાર પશ્ચિમ રેલવેના ભાવનગર ડિવિઝન દ્વારા સિંહો-વન્ય જીવોના રક્ષણ માટે સતત પ્રયાસ થઈ રહ્યા છે. મંડળના નિર્દેશ મુજબ ટ્રેનોનું સંચાલન કરતા લોકો પાઈલોટ નિર્ધારિત ગતિનું પાલન કરે છે અને વિશેષ સાવધાની સાથે કામ કરી રહ્યા છે ત્યારે આજે સવારે લોકો પાઈલટ મુકેશકુમાર મીના પીપાવાવ પોર્ટ સ્ટેશનથી પીપાવાવ પોર્ટ સાઈડિંગ તરફ માલગાડી સંખ્યા એલએલયુ-પીપીએસપી, લોકો નંબર ૨૪૬૯૦ ને જ્યારે લઈ જતા હતા ત્યારે સિંહોને ટ્રેક પર બેઠેલા જોયા અને તાત્કાલિક ઈમરજેન્સી બ્રેક લગાવીને ટ્રેનને રોકી દીધી. સિંહોની કુલ સંખ્યા ૧૦ હતી.

## આપનો આજનો દિવસ



**મેષ (અ,લ,ઇ)** આજે તમે પરિવારના સભ્યો સાથે દિવસ પસાર કરી શકો છો. પરંતુ વ્યવસાય તરફ ધ્યાન આપવું એ તમારી પ્રાથમિકતા હોવી જોઈએ. જેથી તમે પૈસા મેળવી શકો.

**વૃષભ (બ,વ,ઉ)** ધંધામાં નસીબ સાથ આપશે અને કાર્યક્ષેત્રમાં પ્રગતિ થશે તેમજ લાભ પણ મળશે. સામાજિક અને કાર્યક્ષેત્રમાં તમારું માન અને પ્રભાવ આજે વધવા જઈ રહ્યો છે.

**મિથુન (ક,છ,ઘ)** આજે તમારી શક્તિ વધશે. તેમજ ધંધા અથવા કાર્યક્ષેત્રમાં કોઈ વિશેષ વ્યવસ્થા કે પરિવર્તન કરવાનો આજનો દિવસ રહેશે. દ્રષ્ટિકોણ આ દિવસમાં બદલાઈ શકે છે.

**કર્ક (ડ,હ)** આજે તમે ધંધા કે કામ સંબંધિત પ્રવાસ કરી શકો છો. ઉપરાંત બધા કાર્ય તમારા દ્વારા પૂરા થશે. શુભ અથવા ધાર્મિક કાર્યો આજે પરિવારમાં થઈ શકે છે. કોઈ પણ ધાર્મિક સ્થળની મુલાકાત પણ લઈ શકો છો.

**સિંહ (મ,ટ)** આજે તમને રાજ્ય તરફથી સન્માન અને સાંસારિક પ્રતિષ્ઠાથી મળશે. વેપારના ક્ષેત્રમાં નવા ભાગીદારો મળશે અને લાભ પ્રાપ્ત કરશો.

**કન્યા (પ,ઠ,ણ)** આજે તમને કાર્યક્ષેત્ર અને ધંધામાં ભાગ્યનો સાથ મળી શકે છે. તમારા માટે શુભ સાબિત થશે. આજે તમે વેપારમાં સેવકો અને ભાગીદારો સાથે સારો તાલમેલ જાળવશો .

**તુલા (ર,ત)** આજનો દિવસ તમારા ધંધા અને કાર્યમાં ભાગદોડ તેમજ વિશેષ ચિંતમાં વિતાવશો. તમે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યની ચિંતા કરી શકો છો, તમારે તેમની સંભાળ લેવી પડશે.

**વૃશ્ચિક (ન,ય)** આજે વેપાર અને કાર્યક્ષેત્રના સંબંધમાં તમે જે પણ નવા પ્રયત્નો કરો છો તેમાં તમને વિજય મળશે. આજે ઓફિસના કામમાં સુધારો કરવાની જરૂર છે, જે તમને સારા પરિણામ આપશે.

**ધન (ભ,ધ,ફ)** કોઈ ચીજવસ્તુ ખરીદી શકો છો, જેમાં કેટલાક પૈસા પણ ખર્ચ થઈ શકે છે. સંતાન તરફથી કેટલાક સારા સમાચાર મળી શકે છે. જેના કારણે પરિવારમાં આનંદનો માહોલ રહેશે.

**મકર (ખ,જ)** આજે તમને વ્યવસાય અને ક્ષેત્રમાં લાભથી સંતોષ મળશે. તેમજ આજે આનંદનો દિવસ રહેશે. આજે તમારા વ્યક્તિત્વમાં એક અલગ આકર્ષણ રહેશે અને લોકો તમારાથી પ્રભાવિત થશે.

**કુંભ (ગ,શ,સ)** આજે તમારા મિત્રો અથવા સગા-સંબંધીઓ ઘણાં દિવસો સુધી રોકાવા તમારા ઘરે આવી શકે છે. તેમનું સન્માન કરવું તમારા માટે ફાયદાકારક રહેશે.

**મીન (દ,ચ,ઝ,થ)** ધંધા અને કાર્યક્ષેત્રમાં અચાનક પૈસા મળવાના સંકેત છે. જે તમને આર્થિક શક્તિ આપશે. આજે તમારી જાતે વ્યવસાયિક સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ કરો.

## DA વધારા પહેલા કેન્દ્રીય કર્મચારીઓને ઝટકો

મુંબઇ | જો તમે પણ કેન્દ્ર સરકારના કર્મચારી છો તો આ સમાચાર તમારા માટે છે. લાખો કેન્દ્રીય કર્મચારીઓ માટે મોંઘવારી ભથ્થાની જાહેરાત પહેલા એક મોટું અપડેટ આવ્યું છે. માર્ચમાં વધારા બાદ કેન્દ્રીય કર્મચારીઓનો DA વધીને 50 ટકા થઈ ગયો છે. હવે ડીએ અંગેનો નિર્ણય સરકાર સામાન્ય બજેટની રજૂઆત બાદ લેશે. પરંતુ આ પહેલા કેન્દ્રીય કર્મચારીઓ માટે એક મોટું અપડેટ આવ્યું છે. કર્મચારીઓ મોડા ઓફિસે પહોંચશે તો કડક કાર્યવાહીની ચેતવણી સરકારે આપી છે. એવું પણ કહેવામાં આવ્યું છે કે જે કર્મચારીઓ વારંવાર ઓફિસમાં મોડા આવે છે અથવા વહેલા નીકળે છે તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. સરકારને ખબર પડી હતી કે કર્મચારીઓ આધાર સક્ષમ બાયોમેટ્રિક એટેન્ડન્સ સિસ્ટમ (AEBAS) માં તેમની હાજરીને ચિહ્નિત કરી રહ્યા નથી. આટલું જ નહીં કેટલાક કર્મચારીઓ દરરોજ ઓફિસે મોડા આવતા હતા. આ અંગેની માહિતી મળ્યા બાદ સરકારે આ પગલું ભર્યું હતું. આ ક્રમમાં કર્મચારી મંત્રાલયે મોબાઈલ ફોન આધારિત ફેસ ઓથેન્ટિકેશન સિસ્ટમનો ઉપયોગ કરવાનું સૂચન કર્યું છે જે હાજરી રેકોર્ડ કરવા સિવાય ‘લાઈવ લોકેશન ડિટેક્શન અને જિયો-ટેગિંગ’ જેવી સુવિધાઓ પણ પ્રદાન કરે છે.

## નવી સરકારની રચના બાદ બજેટમાં આ મુદ્દાઓ પર ભાર મૂકાશે

મુંબઇ | કેન્દ્રીય નાણાપ્રધાન નિર્મલા સીતારમણ આ અઠવાડિયે ઉદ્યોગ અને ખેડૂતોના સંગઠનો અને રાજ્યોના નાણાપ્રધાનો સાથે પ્રિ-બજેટ ચર્ચા કરશે. તમને જણાવી દઈએ કે, નવી સરકારની રચના પછી, નાણાકીય વર્ષ 2024-25નું સંપૂર્ણ બજેટ જુલાઈના અંતમાં રજૂ થવાનું છે. મળતી માહિતી મુજબ નાણામંત્રી ગુરુવારે ભારતીય કંપનીઓ સાથે બેઠક કરી શકે છે. આ સિવાય શુક્રવારે ખેડૂત સંગઠન અને અર્થશાસ્ત્રીઓ સાથે બેઠક યોજવામાં આવી શકે છે. સિનિયર અધિકારીઓએ કહ્યું કે સરકારના 100 દિવસના એજન્ડા હેઠળ બજેટ સાથે સંબંધિત ઘણું કામ પૂર્ણ થઈ ગયું છે. આ સિવાય સીતારમણ શનિવારે નવી દિલ્હીમાં રાજ્યોના નાણા મંત્રીઓ સાથે બજેટ પર બેઠક કરી શકે છે. કેન્દ્ર સરકાર રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશોની સરકારોની મદદથી 108 કેન્દ્રીય ભંડોળવાળી યોજનાઓ ચલાવી રહી છે. નાણાકીય વર્ષ 2024-25માં તેમનું અંદાજિત બજેટ 5.01 લાખ કરોડ રૂપિયા છે, જે નાણાકીય વર્ષ 2023-24માં 4.76 લાખ કરોડ રૂપિયા હતું. ઉદ્યોગો અને ખેડૂતોના સંગઠનો વચ્ચેની વાતચીત બાદ સરકારને સમસ્યાઓ વિશે વધુ માહિતી મળશે અને તેના ઉકેલો સરળતાથી શોધી શકાશે.

## મોટા રિટેલર્સને હવેથી સપ્તાહમાં બેદિવસ કઠોળનો સ્ટોક જાહેર કરવો પડશે

મુંબઇ । ડિ-માર્ટ, રિલાયન્સ રિટેલ, બિગબાસ્કેટ, એમેઝોન અને ફ્લિપકાર્ટજેવી ખાનગી રિટેલ ચેઈન્સ અને ઓનલાઈન અનાજ વિક્રેતાઓને હવેથી સપ્તાહમાં બે દિવસ પોતાના અનાજનો જથ્થો જાહેર કરવો પડશે. કઠોળની કિંમતોમાં તીવ્ર ભાવ વધારાને કાબૂ કરવાની કવાયત હેઠળ સરકાર દ્વારા આ પગલું ભરવામાં આવ્યું છે. કેન્દ્ર સરકારે તાજેતરમાં મિલર્સ, રિટેલર્સ અને જથ્થાબંધના વેપારીઓ તેમજ બિગ રિટેલ ચેઈન્સ, આયાતકારો, પ્રોસેસર્સ તથા સ્ટોકિસ્ટને નિર્દેશ કર્યો છે કે, તેઓ દર સપ્તાહે પોતાના સ્ટોક અંગેની માહિતી સાર્વજનિક કરે. અલબત્ત રિટેલ ચેઈન્સ માટે તાજેતરમાં આ નિયમમાં ફેરફાર કરવામાં આવ્યો છે. બિગ રિટેલ ચેઈન્સને હવેથી સપ્તાહમાં બે દિવસ પોતાના સ્ટોક અંગે માહિતી આપવા જણાવવામાં આવ્યું છે. બિગ રિટેલ ચેઈન્સના અધિકારીઓએ બંદરો અને આ ક્ષેત્રના ઈન્ડ્રસ્ટ્રી કેન્દ્રો ખાતે રહેલા સ્ટોક્સની ચકાસણી કરવી પડશે. સરકારી અધિકારીએ જણાવ્યુ હતું કે, એવું ધ્યાન પર આવ્યું હતું કે, નિયમ બનાવ્યો હોવા છતાં બિગ રિટેલર્સ ચેઈન્સ પોતાના સ્ટોક અંગેની માહિતી આપતા નથી. ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા યેલો પીસ અને બિગ ચેઈન રિટેલરને કંપની તરીકે સામેલ કરવા સ્ટોક ડિસ્કલોઝર પોર્ટલમાં સુધારો કરવામાં આવ્યો હતો.

### ગત નાણાં વર્ષમાં જીડીપીની સરખામણીએ આ ખર્ચમાં અડધી વૃદ્ધિ

# ઉપભોગ વધારવા બજેટમાં વ્યક્તિગત આવકવેરાના દરમાં ઘટાડો થવા સંભવ

(એજન્સી) મુંબઇ | તા.18

ઊંચા ફુગાવા, બેરોજગારી તથા આવકમાં ઘટાડાને ધ્યાનમાં રાખી વર્તમાન નાણાં વર્ષ માટે જુલાઈમાં રજૂ થનારા બજેટમાં નાણાં પ્રધાન આવક વેરાના દરમાં ઘટાડો કરે તેવી શક્યતા જોવાઈ રહી છે. વ્યક્તિગત આવક વેરા દર ઘટાડી ઉપભોગમાં વધારો કરવા નાણાં મંત્રાલય યોજના ધરાવે છે. ગયા નાણાં વર્ષમાં ભારતનો આર્થિક વિકાસ દર ૮.૨૦ ટકા રહ્યો છે પરંતુ ઉપભોગમાં વૃદ્ધિનો દર તેનાથી અડધો રહ્યો છે. ગત નાણાં વર્ષમાં ખાનગી અંતિમ ઉપભોગ ખર્ચમાં ૪ ટકા વૃદ્ધિ રહી હતી.




કેન્દ્રમાં ત્રીજી વખત સત્તા પર આવેલી નરેન્દ્ર મોદી સરકાર પોતાની નવી મુદતનું પ્રથમ બજેટ જુલાઈમા રજૂ કરવા ધારે છે. સામાન્ય રીતે કરદાતાના હાથમાં વધુ નાણાં પૂરા પાડવાથી ઉપભોગમાં વધારો થતો હોવાનું જોવા મળે છે. રૂપિયા દસ લાખથી વધુની આવક સાથેના વ્યક્તિગત કરદાતાને આવક વેરામાં રાહત મળી રહેવા સંભવ છે એમ નાણાં મંત્રાલયના સુત્રોએ જણાવ્યું હતું. વર્તમાન નાણાં વર્ષના અંતે સરકાર રાજકોષિય ખાધ જીડીપીના ૫.૧૦ ટકા સુધી સીમિત રાખવા યોજના ધરાવે છે. રાજકોષિય ખાધના જોખમે બજેટમાં મોટી રાહત અપાવાની શકયતા જણાતી નથી એમ એક વિશ્લેષકે જણાવ્યું હતું. ગુડસ એન્ડ સર્વિસીસ ટેકસ (જીએસટી) મારફત મજબૂત આવક અને રિઝર્વ બેન્ક તરફથી પ્રાપ્ત થયેલા જંગી ડિવિડન્ડસને પરિણામે કેન્દ્ર સરકારની બેલેન્સ શીટસ હાલમાં મજબૂત છે.

## ચીનમાં ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ ધીમી પડી જો કે રિટેલ વેચાણમાં વધારો

(એજન્સી) બીજિંગ | તા.18

ચીનમાં ઔદ્યોગિક ઉત્પાદન વૃદ્ધિ મેમાં ધીમી પડી હતી પરંતુ રિટેલ વેચાણ અપેક્ષા કરતા સારુ જોવા મળ્યું છે. મેમાં ઔદ્યોગિક ઉત્પાદનમાં ૫.૬૦ ટકા વૃદ્ધિ જોવા મળી છે જે એપ્રિલમાં ૬.૭૦ ટકા રહી હતી એમ નેશનલ બ્યુરો ઓફ સ્ટેટિસ્ટિકસના આંકડા જણાવે છે. ચીન સત્તાવાળાએ નીચા વ્યાજ દર યથાવત રાખ્યા છે. રિટેલ વેચાણ આંકમાં ૩ ટકાની વૃદ્ધિની



અપેક્ષા સામે ૩.૭૦ ટકા વધારો જોવા મળ્યાનું પણ પ્રાપ્ત ડેટામાં જણાવાયું હતું. ચીનમાં રિટેલ વેચાણ આંક પ્રોત્સાહક જોવા મળી રહ્યા છે. વપરાશ વધારવા ચીનની સરકાર દ્વારા વ્યાપક પ્રયાસો છતાં, વપરાશકારો છેલ્લા કેટલાક સમયથી બિનજરૂરી ખર્ચ કરવાથી દૂર રહેતા હતા. દરમિયાન પીપલ’સ બેન્ક ઓફ ચાઈનાએ ૨.૫૦ ટકા વ્યાજ દર જાળવી રાખવા નિર્ણય કર્યો છે. ચીનની હાઉસિંગ માર્કેટ હજુપણ દબાણ હેઠળ હોવાનું ધ્યાનમાં રાખી નીચા વ્યાજ દર યથાવત રખાયા હોવાનું માનવામાં આવે છે.

## સીઆઈઆઈ પ્રેસિડન્ટની બજેટમાં ઈનકમ ટેક્સ સંદર્ભે આ સુધારા કરવા ભલામણ, અન્ય સૂચનો પણ કર્યા

(એજન્સી) મુંબઈ | તા.18

Confederation of Indian Industry: કન્ફેડરેશન ઑફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (CII)ના નવા પ્રેસિડન્ટ સંજીવ પુરીએ 2024-25ના આગામી સંપૂર્ણ બજેટમાં ફુગાવાના ઊંચા સ્તરને ધ્યાનમાં લેતાં ઈનકમ ટેક્સના સૌથી નીચા સ્લેબમાં ઘટાડો કરવા ભલામણ કરી છે. સંજીવ પુરીએ એક ઈન્ટરવ્યુમાં કહ્યું કે તેમણે જમીન, શ્રમ, વીજળી અને કૃષિ સંબંધિત તમામ સુધારાઓને સફળતાપૂર્વક આગળ વધારવા માટે કેન્દ્ર અને રાજ્યો વચ્ચે સહમતિ દર્શાવવા એક સંસ્થાકીય પ્લેટફોર્મ બનાવવા પર પણ વિચાર રજૂ કર્યો છે. કેન્દ્રીય બજેટ જુલાઈના બીજા પખવાડિયામાં રજૂ થઈ શકે છે. સંજીવ પુરીએ ઈનકમ ટેક્સ સંદર્ભે સરળીકરણની પ્રક્રિયા ચાલુ રાખવા અપીલ કરી છે. તેમણે કહ્યું કે કેપિટલ ગેઈન અંગે કેટલાક સૂચનો આપ્યા છે અને તેના પર વિચાર કરવામાં આવ્યો છે. તેમને નથી લાગતું કે, ગઠબંધનની રાજનીતિની મજબૂરીઓ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ત્રીજા કાર્યકાળમાં આર્થિક સુધારાને અવરોધશે. અમારું માનવું છે કે ભારતીય અર્થતંત્રનું પ્રદર્શન અને છેલ્લી બે ટર્મમાં નીતિઓની સફળતા આ પ્રક્રિયાને વેગ આપી શકે છે. પુરીએ નાણાકીય વર્ષ 2024-25 માટેના સંપૂર્ણ બજેટમાં કેટલીક અપેક્ષા દર્શાવી છે. વધુ જાહેર મૂડી ખર્ચ, સામાજિક માળખાકીય સુવિધાઓમાં રોકાણ માટે ભંડોળ, ગ્રીન ફંડ અને ગામડાઓ અને ગ્રામીણ વિસ્તારોમાં વધુ હશે. રોકાણના સિદ્ધાંતો મહત્વપૂર્ણ છે. રાજકોષીય વૃદ્ધિનું લક્ષ્ય હાંસલ કરવા માટે આ ક્ષેત્રે વિચારવુ જરૂરી છે.

## શેરબજારમાં વિક્રમી તેજી, સેન્સેક્સ 77,326 અને નિફ્ટી 23,573ને સ્પર્શ્યો, રોકાણકારોને ફાયદો

(એજન્સી) મુંબઇ | તા.18

Stock Market Opening: શેરબજાર આજે ફરી નવી ઊંચાઈએ પહોંચી ગયું છે. ટ્રેડિંગ દરમિયાન સેન્સેક્સ 77,326ના સ્તરને સ્પર્શ્યો હતો. હાલમાં તે 150થી વધુ પોઈન્ટના ઉછાળા સાથે 77,150ના સ્તરે કારોબાર કરી રહ્યો છે. જ્યારે NSEની નિફ્ટીએ પણ ઓલટાઈમ હાઈ સાથે 23,500ની સપાટીને કૂદાવી ગઈ છે. શેરબજારમાં લાંબા વીકએન્ડ બાદ આજે ફરી એકવાર શાનદાર ઓપનિંગ થયું છે, જેમાં બોમ્બે સ્ટોક એક્સચેન્જનો સેન્સેક્સ 243 પોઈન્ટના વધારા સાથે 77,235 ના સ્તર પર ખુલ્યો હતો. જ્યારે નેશનલ સ્ટોક એક્સચેન્જના નિફ્ટીએ 105 પોઈન્ટના વધારા સાથે ટ્રેડિંગ શરૂ કર્યું હતું અને 23570ના સ્તરે ખુલ્યો હતો. ઉલ્લેખનીય છે કે શનિ-રવિ વિકએન્ડ તેમજ સોમવારે બકરી ઈદની રજા હોવાથી ત્રણ દિવસ



બજાર બંધ રહ્યું હતું. ત્યારે આજે માર્કેટ ગ્રીન નિશાન સાથે ખુલ્યું હતું. સેન્સેક્સ અને નિફ્ટી ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યા નિફ્ટીએ આજે ઈતિહાસમાં પહેલીવાર 23500ની જાદુઈ સપાટીને ક્રોસ કરી હતી. વિશ્લેષકો અનુમાન લગાવી રહ્યા છે કે જૂન એક્સપાયરી સિરીઝમાં નિફ્ટી 24000નું લેવલ જોઈ શકે છે. આજે નિફ્ટીએ 23570ની નવી ઓલ ટાઈમ હાઈ પર પહોચ્યો છે, જ્યારે સેન્સેક્સ 77,327ની નવી ઓલ ટાઈમ હાઈ પર પહોંચ્યો છે. નોંધનીય છે કે ગયા સપ્તાહના છેલ્લા ટ્રેડિંગ દિવસે શુક્રવારે સેન્સેક્સ 76,992.77ના સ્તર પર જ્યારે એનએસસી ઈન્ડેક્સ 23,465ના સ્તરે બંધ થયો હતો.

## ખુલ્યા પહેલા જ 177 ટકા પ્રીમિયમ પર પહોંચ્યો આ IPO


(એજન્સી) મુંબઇ | તા.18

જો તમે IPOમાં પૈસા લગાવવાનું વિચારી રહ્યા છો, તો આ તમારા માટે ઉપયોગી સમાચાર છે. આવતા અઠવાડિયે રોકાણ માટે વધુ એક મોટી કંપનીનો IPO ખુલી રહ્યો છે. આ IPO મેડિકમેન ઓર્ગેનિક્સનો છે. આ IPO 21 જૂને રોકાણ માટે ખુલશે અને રોકાણકારો 25 જૂન સુધી તેમાં રોકાણ કરી શકે છે. મેડિકમેન ઓર્ગેનિક્સ IPOની પ્રાઈસ બેન્ડ રૂ. 34 નક્કી કરવામાં આવી છે. IPOના લોટનું કદ 4,000 શેર છે અને છૂટક રોકાણકારો માટે જરૂરી લઘુત્તમ રોકાણ રકમ રૂ.1,36,000 છે. મેડિકમેન ઓર્ગેનિક્સ IPO એ SME IPO છે. IPO ડિસ્ટ્રીબ્યુશનની તારીખ 26 જૂન છે અને લિસ્ટિંગની તારીખ 28 જૂન છે. મેડિકમેન ઓર્ગેનિક્સના શેર NSE SME પર લિસ્ટ થશે. GYR કેપિટલ એડવાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ મેડિકમેન ઓર્ગેનિક્સ IPO ના બુક રનિંગ લીડ મેનેજર છે.

## ગોદરેજ લૉક્સના પ્રીમિયમ ક્વોલિટી ડિજિટલ લૉક્સ સાથે સુરક્ષામાં વધારો

(એજન્સી) મુંબઇ | તા.18

ગોદરેજ એન્ડ બોય્સના બિઝનેસ યુનિટ ગોદરેજ લૉક્સ એન્ડ આર્કિટેક્ચરલ ફિટિંગ્સ (જીએલએએફએસ) ઉત્કૃષ્ટતાની તેની અવિરત શોધમાં લૉક્સ ઈન્ડસ્ટ્રીમાં નવા માપદંડો સ્થાપવાનું ચાલુ રાખે છે. બ્રાન્ડને તાજેતરમાં જ ક્વોલિટી વધારતી પહેલને પ્રોત્સાહન આપતી મહત્વની સંસ્થા તરીકે રહેલી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્વોલિટીની પ્રતિષ્ઠિત કન્ફેડરેશન ઓફ ઈન્ડિયન ઈન્ડસ્ટ્રી (સીઆઈઆઈ) કમ્પિટિશન ખાતે ગુણવત્તા માટેની અદ્વિતીય પ્રતિબદ્ધતા તથા તેના ભવિષ્યવાદી અભિગમ માટે માન્યતા આપવામાં આવી હતી. બ્રાન્ડે તેની પ્રોડક્ટ્સ માટે પ્રતિષ્ઠિત ગોલ્ડ અને પ્લેટિનમ એવોર્ડ્સ મેળવ્યા હતા. અમૂલ્ય સપોર્ટ



સિસ્ટમ્સ અને ટૂલ્સ સાથે ઈન્સ્ટિટ્યૂટ આજના સ્પર્ધાત્મક વાતાવરણમાં સંસ્થાનોને સશક્ત બનાવે છે. આ સિદ્ધિ અંગે ગોદરેજ લૉક્સ એન્ડ આર્કિટેક્ચરલ ફિટિંગ્સ એન્ડ સિસ્ટમ્સના બિઝનેસ હેડ શ્રી શ્યામ મોટવાણીએ જણાવ્યું હતું કે “અમે સીઆઈઆઈ તરફથી મળેલી માન્યતા બદલ ખરેખર આભારી છીએ. આ પ્રતિષ્ઠિત એવોર્ડ્સ જીતવા એ ઉચ્ચ-ગુણવત્તાવાળી ભવિષ્યલક્ષી પ્રોડક્ટ્સ બનાવવા માટેના અમારા અતૂટ સમર્પણને દર્શાવે છે.

# UAE ખાતેથી સોનાચાંદીની આયાતમાં 210 ટકા ઉછાળો

(એજન્સી) નવી દિલ્હી । તા. 18

યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ) જેની સાથે ભારત મુકત વેપાર કરાર (એફટીએ) ધરાવે છે ત્યાંથી નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં ભારતની સોનાચાંદીની આયાતમાં વાર્ષિક ધોરણે ૨૧૦ ટકા વધારો થઈને ૧૦.૭૦ અબજ ડોલર રહી છે. કરાર હેઠળ કસ્ટમ્સ ડયૂટીમાં અપાયેલી રાહત પર ફેરવિચાર કરવાની જરૂર છે એમ ગ્લોબલ ટ્રેડ રિસર્ચ ઈનિશિએટિવના એક રિપોર્ટમાં જણાવાયું છે. ડયૂટીમાં રાહતથી ભારતને આવકમાં મોટો ફટકો પડયો છે. યુએઈ ખાતેથી સોનાચાંદીની આયાત પર ભારત-યુએઈ કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રિમેન્ટ હેઠળ આયાત ડયૂટીમાં અપાયેલી રાહતને કારણે આયાતમાં જંગી વધારો થયો છેએમ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું હોવાનું પીટીઆઈના અહેવાલમાં જણાવાયું હતું. ચાંદીની ગમે તેટલી કવોન્ટિટીસ હોય તેના પર કસ્ટમ્સ ડયૂટીમાં સાત ટકા રાહત અપાઈ છે જ્યારે ૧૬૦ ટન સોના સુધી આયાત ડયૂટીમાં ૧ ટકો રાહત પૂરી પાડવામાં આવી છે. કોમ્પ્રિહેન્સિવ ઈકોનોમિક પાર્ટનરશિપ એગ્રિમેન્ટ મે ૨૦૨૨થી લાગુ થયો છે.

ડયૂટીમાં સાત ટકાની રાહતને પરિણામે ગયા નાણાં વર્ષમાં ભારતને આવકમાં





રૂપિયા ૧૦૧૦ કરોડનો ફટકો પડયો હતો. યુએઈ ખાતેથી આવનારી ચાંદી પરની આયાત ડયૂટી આગામી આઠ વર્ષમાં શૂન્ય પર લાવવાની ભારતની બાંયધરીને ધ્યાનમાં રાખતા આવનારા વર્ષોમાં આવકમાં જંગી ખોટ સહન કરવાનો વારો આવશે.

ભારતના ખાનગી આયાતકારો યુએઈ ખાતેથી ઈન્ડિયા ઈન્ટરનેશનલ બુલિયન એકસચેન્જ મારફત પણ સોનાચાંદીની આયાત કરી શકે છે. અગાઉ માત્ર સત્તાવાર એજન્સીઓને આ છૂટ હતી. યુએઈ ખાતેથી ભારતની એકંદર આયાત ગત નાણાં વર્ષમાં ૯.૮૦ ટકા ઘટી ૪૮ અબજ ડોલર રહી હતી પરંતુ સોનાચાંદીની આયાત જે નાણાં વર્ષ ૨૦૨૨-૨૩માં ૩.૫૦ અબજ ડોલર રહી હતી તે નાણાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૧૦ ટકા વધી ૧૦.૭૦ અબજ ડોલર રહી હતી. અન્ય ઉત્પાદનોની આયાત આ સમયગાળામાં ૪૯.૭૦ અબજ ડોલર પરથી ઘટી ૩૭.૩૦ અબજ ડોલર રહી હોવાનું પણ રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે.

યુએઈ પોતે સોનાચાંદીનું માઈનિંગ કરતું નહીં હોવાથી ભારતની જંગી આયાત પરવડી શકે એમ નથી કારણ કે તેનું મૂલ્ય રહે છે. ભારતમાં સોનાચાંદી પર ૧૫ ટકા જેટલી ઊંચી આયાત ડયૂટીને કારણે આ પ્રોડકટસની દાણચોરી પણ વધુ થાય છે. દાણચોરી ઘટાડવા ઈમ્પોર્ટ ડયૂટી પાંચ ટકા કરવા અનુરોધ કરાયો છે.

## SIPમાંથી રોકાણ ઉપાડવામાં સતત વધારો, નિષ્ક્રિય ખાતા બંધ કરાયા

(એજન્સી) અમદાવાદ | તા.18



મોટી સંખ્યામાં ખાતા બંધ થવા છતાં, મ્યુચ્યુઅલ ફંડના સિસ્ટમેટિક ઈન્વેસ્ટમેન્ટ પ્લાન્સ (સિપ)માંથી રોકાણનો ઉપાડ છેલ્લા છ મહિનાની સરેરાશ કરતાં થોડો વધારે છે. રોકાણકારોએ ગયા મહિને સિપ ખાતામાંથી રૂ. ૧૧,૬૭૮ કરોડ ઉપાડયા હતા જ્યારે છેલ્લા છ મહિનાની સરેરાશ રૂ. ૧૦,૪૩૬ કરોડ હતી. એસોસિયેશન ઓફ મ્યુચ્યુઅલ ફંડ્સ ઈન ઈન્ડિયા (એએમએફઆઈ)ના ડેટા અનુસાર, આ રોકાણ ઉપાડ માટે સમાયોજિત કર્યા પછી, મે મહિનામાં ચોખ્ખું સિપ રોકાણ રૂ. ૯,૨૨૬ કરોડ હતું, જે રૂ. ૨૦,૯૦૪ કરોડના કુલ સિપ રોકાણના ૪૪ ટકા છે. નેટ સિપ ડેટા દર્શાવે છે કે નિષ્ક્રિય ખાતાઓ બંધ થવાને કારણે મે મહિનામાં મોટી સંખ્યામાં ખાતા બંધ થયા હતા. ૨૦૨૩-૨૪માં સરેરાશ ૧૯ લાખ સિપ એકાઉન્ટ બંધ કરવામાં આવ્યા હતા, જે એપ્રિલ ૨૦૨૪માં વધીને ૩૩ લાખ અને મેમાં ૪૪ લાખ થઈ ગયા હતા. માર્કેટ રેગ્યુલેટર સેબીની સૂચનાઓ બાદ આ બન્યું છે જેણે ફંડ્સને સિપ એકાઉન્ટ બંધ કરવા કહ્યું હતું જો ખાતામાંથી રકમ સતત ત્રણ વખત ઉપાડવામાં ન આવે. એકંદરે, રોકાણકારોએ કેલેન્ડર વર્ષ ૨૦૨૪ના પ્રથમ પાંચ મહિનામાં સિપ દ્વારા રૂ. ૪૩,૪૩૫ કરોડની ચોખ્ખી રકમનું રોકાણ કર્યું છે, જે એક વર્ષ અગાઉના સમયગાળામાં રૂ. ૩૬,૧૨૧ કરોડ હતું.સિપ અને એકસાથે રોકાણ દ્વારા રોકાણમાં વધારાને કારણે, મ્યુચ્યુઅલ ફંડોએ છેલ્લા ત્રણ મહિનામાં ઈક્વિટી માર્કેટમાં રેકોર્ડ રોકાણ કર્યું છે અને મે મહિનામાં મ્યુચ્યુઅલ ફંડ્સે રૂ. ૪૬,૬૬૬ કરોડની ઈક્વિટી ખરીદી હતી.

## મેક ઈન ઈન્ડિયાનો ડંકો, વિદેશોમાં સ્માર્ટફોનથી માંડી દવાઓ સુધી ભારતીય પ્રોડક્ટ્સની માગ વધી

(એજન્સી) નવી દિલ્હી| તા.18

ભારતીય ચીજવસ્તુઓ હવે વિશ્વભરમાં બ્રાન્ડ તરીકે સ્થાપિત થઈ રહી છે. મેક ઈન ઈન્ડિયા પ્રોડક્ટ્સની માગ અમેરિકા સહિત અન્ય વિકસિત દેશોમાં ઝડપથી વધી રહી છે. છેલ્લા 10 વર્ષમાં ભારતની કુલ નિકાસમાં અમેરિકાનો હિસ્સો 19 ટકાથી વધીને 23 ટકા થયો છે. ભારતની કુલ નિકાસમાં યુરોપનો હિસ્સો 18 ટકાથી વધીને 23 ટકા થયો છે. કુલ નિકાસમાં વિકસિત દેશોના હિસ્સામાં થયેલો આ વધારો પુરાવો આપી રહ્યો છે કે, ભારતમાં બનેલી વિવિધ ચીજવસ્તુઓ હવે અન્ય દેશોમાં પણ તેની ગુણવત્તા સાબિત કરી રહી છે. પશ્ચિમી દેશોમાં નિકાસ હિસ્સામાં વધારો નોંધાતા છેલ્લા 10 વર્ષમાં ભારતીય નિકાસમાં એશિયન દેશોનો હિસ્સો ઘટ્યો છે. જેની પાછળનું કારણ એશિયન દેશઓ દ્વારા ભારતીય માલસામાનની ખરીદીમાં ઘટાડો નથી, પરંતુ અન્ય દેશોમાં વધતી માગની અસર છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયના જણાવ્યા




### ડ્રગ ફોર્મ્યુલેશન-બાયોલોજિકલ નિકાસમાં વધારો

જેનરિક દવાઓની સાથે અમેરિકા દવાના ફોર્મ્યુલેશન અને બાયોલોજિકલ નિકાસ માટે પણ એક મોટું બજાર બની રહ્યું છે. 2023-24માં ભારતની દવાના ફોર્મ્યુલેશન અને બાયોલોજિકલ નિકાસ 21.71 અબજ ડોલરની હતી અને તેમાં યુએસ માર્કેટનો હિસ્સો 37 ટકા હતો અને 2022-23માં આ હિસ્સો 34 ટકા હતો. ભારતની ગુડ્સ નિકાસ 2014-15માં $320 અબજની તુલનાએ 2023-24માં વધીને $438 અબજ થઈ છે. અમેરિકાની સાથે નેધરલેન્ડ, બ્રિટન, ઈટલી, ફ્રાન્સ, યુએઈ જેવા વિકસિત દેશોમાં પણ મેક ઈન ઈન્ડિયા પ્રોડક્ટ્સની માગ વધી છે.

અનુસાર, છેલ્લા કેટલાક વર્ષોમાં સ્માર્ટફોન, ઈલેક્ટ્રિક મશીનરી, સાધનસામગ્રી, દવાના ફોર્મ્યુલેશન અને બાયોલોજિકલ પ્રોડક્ટ્સની નિકાસમાં અમેરિકાનો હિસ્સો ઝડપથી વધ્યો છે. 2023-24માં, ભારતે $15.57 અબજના સ્માર્ટફોનની નિકાસ કરી હતી. જેમાં અમેરિકાનો હિસ્સો 35.8 ટકા હતો 2022-23માં, ભારતે $11 અબજના સ્માર્ટફોનની નિકાસ કરી હતી, જેમાં અમેરિકાનો હિસ્સો માત્ર 19.7 ટકા હતો. મેક ઈન ઈન્ડિયાની અસરથી ભારતમાં ઉત્પાદન ક્ષમતા વધી છે અને હવે અહીં ગુણવત્તાયુક્ત ઉત્પાદનોનું ઉત્પાદન થઈ રહ્યું છે જે સમગ્ર વિશ્વમાં ભારતમાં બનતા ઉત્પાદનોની પ્રતિષ્ઠા અને માગમાં વધારો કરી રહ્યા છે. પીએલઆઈ (PLI) સ્કીમની રજૂઆત બાદથી એપલ સહિત અન્ય સ્માર્ટફોન ઉત્પાદકોએ ભારતમાં નિકાસ કેન્દ્રિત ઉત્પાદનો શરૂ કર્યા છે, તેમાં વધારો કર્યો છે. જેના કારણે આ સેગમેન્ટમાં ભારતની નિકાસ ઝડપથી વધી છે. ઈલેક્ટ્રિક મશીનરી અને સાધનોની નિકાસમાં અમેરિકાનો હિસ્સો 2015માં 12.9 ટકા હતો, જે 2023-24માં વધીને 19.3 ટકા થયો છે. 2023-24માં, ભારતે $12.37 અબજની કિંમતની ઈલેક્ટ્રિક મશીનરી અને સાધનોની નિકાસ કરી હતી.

## હેલિયોસે ઇન્ટરનેશનલ બ્રાન્ડ પોર્ટફોલિયો વિસ્તાર્યો, લક્ઝરી સ્વિસ વૉચમેકર શારિયોલને એક્સક્લુઝિવ પાર્ટનરશિપ થકી ભારતમાં લાવે છે

(એજન્સી) નવી દિલ્હી| તા.18

ટાઈટન કંપની લિમિટેડના ભારતના સૌથી મોટા પ્રીમિયમ વૉચ રિટેલર હેલિયોસે એક્સક્લુઝિવ પાર્ટનરશિપ દ્વારા ભારતીય માર્કેટમાં સ્વિસ લક્ઝરી વૉચમેકર શારિયોલનું સ્વાગત કરતા તેની આંતરરાષ્ટ્રીય ઓફરિંગ્સના વિસ્તરણની જાહેરાત કરી છે. તેની બેનમૂન કારીગરી અને પ્રાચીન સેલ્ટિક કલાત્મકતાથી પ્રેરિત ઊંડા મૂળિયા ધરાવતા વારસા માટે વખણાતી, શારિયોલે હેલિઓસના ચાલીસથી વધુ વૈશ્વિક બ્રાન્ડ્સના સંગ્રહની પ્રતિષ્ઠિત રેન્કમાં સ્થાન મેળવ્યું છે. બેઈન એન્ડ કંપનીના અહેવાલ મુજબ ભારતના લક્ઝરી માર્કેટમાં 2030 સુધીમાં તેના વર્તમાન કદથી 3.5 ગણી વૃદ્ધિ પામવાની સંભાવના છે. શહેરીકરણ, ઉચ્ચ વપરાશી આવક અને ઝડપથી વિસ્તરી રહેલા મધ્યમ અને ઉચ્ચ-મધ્યમ વર્ગને કારણે ભારતમાં લક્ઝરી પ્રોડક્ટ્સની વધતી જતી ભૂખના લીધે હેલિયોસને



પ્રીમિયમાઈઝેશનની સફરમાં આગળ વધારી છે. આ વ્યૂહાત્મક પગલું વૈશ્વિક લક્ઝરી બ્રાન્ડ્સના અપ્રતિમ પોર્ટફોલિયોને ક્યુરેટ કરવા માટે હેલિયોસની અડગ પ્રતિબદ્ધતા પર ભાર મૂકે છે અને ગ્રાહકોને વિશ્વભરના સૌથી પ્રખ્યાત ટાઈમપીસ સુધી પહોંચવાની ખાતરી આપે છે. આ માઈલસ્ટોન ન કેવળ હેલિયોસની પ્રીમિયમ ઓફરિંગમાં વધારો કરે છે પરંતુ ગતિશીલ ભારતીય ગ્રાહકોને ઉચ્ચ હોરોલોજીકલ સોફિસ્ટિકેશન અને કારીગરી પૂરી પાડવામાં એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે. 240થી વધુ સ્ટોર્સ સાથે હેલિયોસ વધતા જતા ભારતીય બજારમાં પ્રવેશ મેળવવા માંગતી આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ્સ માટે અગ્રણી ગેટવે બની રહે છે.

**તંત્રીની કલમે...**

વિક્રમ સંવત 2080, જેઠ સુદ-12

# સ્વહિતની જગ્યાએ વિશ્વહિતની પ્રાધાન્યતા આપવી જરૂરી

ઈઝી શોર્ટકટ્સને બદલે સાચા રસ્તા પર ચાલવા માટે કેટલા કરેજની જરૂર પડતી હશે! એન્ટી હિરોઝને આવી નૈતિકતાની કોઈ દિવાલ નડતી નથી. આ જ તો ફર્ક હોય છે. જે 'બહુજન હિતાય, બહુજન સુખાય' માટે પોતાના પર્સનલ સુખોની બલી ચડાવતા ન અચકાય એ હિરો. જે સમુહની ચિંતા કરે એ નાયક. જે પોતાના સ્વાર્થ માટે બીજાના સુખની બલી ચડાવતા જરાય ન ખચકાય એ વિલન. આમ તો ભગવદ્ ગીતામાં ત્રિગુણાત્મક પ્રકૃતિની વાત કરવામાં આવેલ જ છે. સવાલ એ છે કે સરવાળે કોનું જોર વધારે છે. આપણા અંતરમાં જ વિલન અને હિરો છુપાયેલા હોય છે. જેને વધારે પોષણ મળશે એનું કદ વધશે. તાકાત વિચારોમાં હોય છે. કયા વિચારને સબળ બનાવવો એ માત્ર આપણા પોતાના હાથમાં છે. શક્તિશાળી હોવા માત્રથી હિરો નથી બનાતુ. હિરો બનવા માટે ખુદ સળગીને બીજાને પ્રકાશ આપવો પડે. સાથે મનમાં ઉઠતા લોભ સાથે લડવું પડે. પોતીકાઓ સાથે સંઘર્ષમાં ઉતરવું પડે. ક્યારેક અપનોને ગુમાવવા ય પડે. એવરેસ્ટને સર કરી શકાય, ત્યાં ઘર નથી વસાવી શકાતું. પોતાની ભુલનો દંડ બીજા ભરે એના અફસોસનો ભાર ભારે વજનદાર હોય છે. મહાભારતના શાંતિપર્વમાં યુદ્ધ જીત્યાં પછીય શાંતિની જગ્યાએ વિષાદે સ્થાન લીધુ હતું. નિયતી આગળ બધા લાચાર છે એવું તો દરેકને સમજાતું જ હોય છે. છતાં પરાકર્મ કરવાનો, પરીશ્રમના પરસેવાથી સફળ થવાનો મૂળભૂત અધિકાર દરેક પાસે હોય જ છે. સવાલ એ છે કે આ આશા અને ધીરજ કોણ રાખી શકે છે! જીવન જીવવા માટે પાયાની જરૂરીયાત છે, આશા અને ધીરજ. જ્યાં સુધી મનગમતી મંજિલ નથી મળતી ત્યાં સુધી આ બંને હથિયારોને ઉપયોગમાં લઈને પ્રયત્નોના પહાડો ખોદે એ જ લક્ષ્ય સુધી પહોંચી શકે. બ્રહ્માંડની એક અનંત શક્તિ એવી છે કે જે સુપરહિરોઝને સફળતાના સંજોગો ઉભા કરી આપવામાં મદદગાર બને. બુરાઈને હરાવવા બધી જ અચ્છાઈની શક્તિઓ સરળતાથી પોતાનો પર્સનલ ઈગો છોડીને એક થઈ શકે છે, અંત હી આરંભ હૈ. આજની વાર્તા કાલની કલ્પનામાં અમર વાસ્તવિક પાત્રો બની શકે છે. હજારો વર્ષો પછી ય આપણે સુપરહિરોઝના ગુણગાન ગાઈએ જ છીએ ને! રામ, હનુમાન, કૃષ્ણ, અર્જુન આપણા આદર્શ છે જ! આપણે પૂંજીએ છીએ. એમની સારપ, એમના વચનોને સાંભળીને આજેય અભિભૂત થઈ જવાય. એમના સુપરપાવરને યાદ કરતી વખતે પરહિતો માટે આપેલા બલિદાનની કિંમત આપણે ભુલી જઈએ છીએ. વિલન ગમે એટલો પાવરફુલ હોય, જીત તો હિરોઝની જ થાય. આ આશાને હંમેશા જીવતી રાખવાની છે. આજે કદાચ હિરોઝ હારતા દેખાશે પણ અંતમાં તો જીતવાના જ છે. બુરાઈ પર અચ્છાઈની જ જીત થાય એવો ભરોસો આજના સમયમાં સૌથી જરૂરી બની ગયો છે. આપણા વેદો, ઉપનિષદો, રામાયણ, મહાભારત કે બાઈબલ, કુરાનમાં આ જ ભરોસો બંધાવવાનો પ્રયાસ થયો છે. બસ અચ્છાઈમાં જ્યાં સુધી ભરોસો કાયમ રહેશે ત્યાં સુધી આ વિશ્વને બુરાઈનો કોઈ ખતરો નથી.

# ઉત્તરવાહીની પરિક્રમા બંધ કરાવ્યા બાદ નર્મદા સ્નાન પર પ્રતિબંધ ના તંત્રના નિર્ણયથી સાધુ સંતો અકળાયા

## ગંગા દશહરાના પવિત્ર દિવસે નર્મદા સ્નાન પર પ્રતિબંધ સામે નોંધાવ્યો વિરોધ

ભરત શાહ | રાજપીપળા

તાજેતરમાં નર્મદા અધિક જિલ્લા મેજિસ્ટેટે પ્રવાસીઓને જળાશયો માં ન્હાવા તથા અન્ય કારણોસર પ્રવેશવા પર પ્રતિબંધ ફરમાવવા ના તંત્રના નિર્ણયથી ફરી એકવાર સાધુ સંતો નારાજ થયા છે. પહેલા ઉત્તરવાહીની પરિક્રમા બંધ કરાવી હતી હવે નર્મદા સ્નાન પર પ્રતિબંધ મુકવાથી સાધુ સંતો સહીત લોકોની ધાર્મિક લાગણી પણ દુભાઈ છે.

આ અગાઉ પોઈચા ખાતે 8 વ્યક્તિઓ ડૂબ્યાની ગોઝારી ઘટના બાદ નર્મદા જિલ્લા તંત્ર સફાળું જાગ્યું હતું .અને નર્મદા નદીમાં સ્નાન અથવા કોઈપણ જાતની વિધિ કરવા માટે પ્રતિબંધ મુકવાના તંત્રના તઘલખી નિર્ણય સામે સાધુ સંતો અને શ્રદ્ધાળુંઓમાં ભારે રોષની લાગણી જોવા મળી હતી, હવે ચોમાસા પહેલા ફરીથી આ પ્રતિબંધ મૂકી દેતા સાધુ સંતો રોષે ભરાયા છે.

સાધુ સંતોના જણાવ્યા અનુસાર નર્મદા જિલ્લા પ્રશાસન દ્વારા વારે વારે હિન્દુ સમાજ ની ધાર્મિક આસ્થાઓ ઉપર પ્રતિબંધ લગાવી ને



**જળાશયોમાં સ્નાન કરવા પર પ્રતિબંધ ફરમાવતું જાહેરનામું પ્રસિધ્ધ કરાતા રોષ**

ઉત્તરવાહીની પરિક્રમા બંધ કરાવી હતી હવે તંત્ર દ્વારા ત્યાં દસ દિવસથી પોલીસ ખડકી દેવામા આવી છે અને મા નર્મદામાં સ્નાન પર પ્રતિબંધ લગાવી દેવાયો છે, ગંગા દશેરાના દિવસે હિન્દુઓ ની ધાર્મિક આસ્થાઓ પર તરાપ મારી હોય એમ ધાર્મિક લાગણીઓ ઉપર પ્રતિબંધ લગાવતા સાધુ સંતો તથા શ્રદ્ધાળુંઓની ધાર્મિક લાગણી દુભાઈ છે. હિન્દુ સમાજ ઉપર તંત્ર બિન્દાસ પ્રતિબંધ લગાવે છે.છતા પણ નર્મદા જિલ્લા ના કેટલાક હિન્દુ સંતો, કહેવાતા હિન્દુ નેતાઓ, કાર્યકર્તાઓ , અમુક કહેવાતા હિન્દુ સંગઠન કાર્યકર્તાઓ વગેરે ચૂપ કેમ છે? તેમનું સૂચક મૌન પ્રજાને અકળાવી રહ્યું છે. હિન્દુ સમાજે જેમના ઉપર પોતાની રક્ષા,ધર્મ ની રક્ષા,ધાર્મિક આસ્થા ની રક્ષા,ધાર્મિક ઉત્સવોની રક્ષા માટે વિશ્વાસ મૂક્યો એનો આ રીતે વિશ્વાસ ઘાત કરી હિન્દુઓ સાથે દ્રોહ કરવા મા આવી રહ્યો છે જે નિંદા ને પાત્ર છે. આવો આક્રોશ સાધુ સંતોમાં જોવા મળ્યો છે.

નર્મદા સંત સમિતિ એ આ નિર્ણયને સખત શબ્દોમાં વખોડી કાઢતા સદાનંદ મહારાજે જણાવ્યું હતું કે નર્મદા સ્નાન પરનો પ્રતિબંધ તત્કાળ હટાવી દેવામાં આવે. હિન્દૂ સમાજનું માન સન્માન જળવાય. આટલા વર્ષોમાં એક પણ સારા સુવિધા વાળા નર્મદા ઘાટ નું નિર્માણ થયું નથી જ્યા ભક્તો નર્મદા સલામતી સાથે સ્નાન કરી શકે.

સન્યાસ આશ્રમ નાવરાના સંત સંજય દાસ મહારાજે આ નિર્ણય સામે નારાજગી વ્યક્ત કરતા જણાવ્યું કે ભક્તોને ગંગા દશહરા ના દિવસે નર્મદા સ્નાન પર લાદેલો પ્રતિબંધ યોગ્ય નથી સરકાર આ પ્રતિબંધ હટાવે એવી માંગ કરી છે. જ્યારે નારાયણ દાસ મહારાજે જણાવ્યું છે કે દૂર દૂરથી નર્મદા સ્નાન કરવા ભક્તો આવે છે ત્યારે નર્મદા સ્નાન પર લગાવેલો પ્રતિબંધ ઉચિત નથી.

# ચાણસ્માના યુવા પત્રકારનું હાર્ટ એટેકથી મોત થતા પત્રકારોમાં શોકનું મોજું ફરી વળ્યું

નિતીન ઠાકર | ચાણસ્મા



ચાણસ્માના વતની અને ચાણસ્મા તાલુકામાં પત્રકારત્વ સાથે સંકળાયેલા તેમજ હારીજ આઈ આઈ એફ એલ બેંકના મેનેજર મિતેશ વ્યાસનું હાર્ટ એટેકથી દુઃખદ અવસાન થતાં ચાણસ્મા શહેરમાં તેમજ પત્રકાર આલમમાં શોકની લાગણી ફેલાઈ ગઈ હતી. ગુજરાત રાજ્યમાં દિન પ્રતિ દિન હાર્ટ એટેક ના બનાવવામાં વધારો જોવા મળી રહ્યો છે ત્યારે નાની ઉંમરના લોકોથી લઈને મોટી ઉંમરના લોકો પોતાના જીવ ગુમાવી રહ્યા છે ત્યારે વધુ એક હાર્ટ એટેક નો બનાવ ચાણસ્મા શહેરની અંદર બનવા પામ્યો હતો જેમાં ચાણસ્મા શહેરની અંદર રહેતા અને પત્રકારત્વ ક્ષેત્રે સંકળાયેલા તેમજ હારીજ આઈ આઈ એફ એલ બેંકના મેનેજર મિતેશ બચુભાઈ વ્યાસને વહેલી સવારે હાર્ટ એટેકનો હુમલો આવતા તાત્કાલિક તેઓને ચાણસ્મા હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા જ્યાંથી વધુ સારવાર માટે પાટણ લઈ જવાતા રસ્તામાં તેમનું મોત નિપજ્યું હતું ત્યારે મિતેશ વ્યાસના મોતના સમાચાર વાયુ વેગે પ્રસરતા ચાણસ્મા પત્રકાર આલમમાં તેમજ ચાણસ્મા શહેરમાં શોકનું મોજું ફરી મળ્યુ હતું. મિતેશ વ્યાસ એક સરળ સ્વભાવના વ્યક્તિ હતા અને સેવા કીય પ્રવૃતિઓ સાથે સંકળાયેલા હોવાથી વિવિધ સેવાકીય સંસ્થાઓમાં પણ શોકનું મોજું ફરી વળ્યું હતું મિતેશ વ્યાસના અવસાનથી સમસ્ત બ્રહ્મ સમાજમાં પણ એક હોશિલા અને ઉત્સાહી કાર્યકરની સમાજને મોટી ખોટ પડી હોવાનું પણ જાણવા મળ્યું હતું

# રાજપીપળા અંકલેશ્વર ST બસમાં ટિકિટ મશીન ખોટકાતા મુસાફરો અટવાયા



ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના વડા મથક રાજપીપળા એસટી ડેપો માં ઘણી સમસ્યા હોવાથી મુસાફરો હેરાન થઈ રહ્યા છે જેમાં હાલમાં કંડકટર પાસે રહેતા ટિકિટ ના મશીન ની તકલીફ સામે આવી છે.

રાજપીપળા થી અંકલેશ્વર સવારે છ વાગે ઉપડતી એસટી બસ માં વધુ પડતાં નોકરિયાતો અપ ડાઉન કરે છે અને આ નોકરિયાત વર્ગ ને ફેક્ટરી હોય કે ઓફિસ હોય ચોક્કસ સમયે જેતે સ્થળે પહોંચવાનું હોવાથી તેઓ સવાર ની પહેલી બસ માં જતા હોય છે.

ગઈકાલે પણ રાબેતા મુજબ રાજપીપળા થી અંકલેશ્વર જતી સવાર ની છ વાગ્યા ની બસ માં

**અધવચ્ચે ટિકિટનું મશીન બગડતા રાજપીપળા ડેપોમાંથી બીજું મશીન મંગાવ્યું ત્યાં સુધી બસ અટકી પડી**

રોજિંદા નોકરિયાતો બેઠા હતા પરંતુ અધવચ્ચે કંડકટર નું ટિકિટ આપવાનું મશીન બગડી જતા બીજું મશીન રાજપીપળા ડેપો માંથી મંગાવ્યું જેના કારણે આ બસ જે તે સ્થળે અધવચ્ચે ઉભી રખાતા અંદર બેઠેલા મુસાફરો નો કલાક જેવો સમય બગડી ગયો અને સમયસર નોકરી પર નહિ પહોંચતા દિવસ અને ભાડું બગાડી તેઓ પરત રાજપીપળા આવવા મજબૂર થયા હતા .

એસટી ડેપોના સત્તાધીશો એ દરેક બસો માં કંડકટર ને બે મશીન ફાળવવા જોઈએ અને સમાયાંતરે દરેક મશીન ને સર્વિસ કરી અધવચ્ચે ના બગડે તે બાબતનું ધ્યાન રાખવું જોઈએ તેવું મુસાફરો નું કહેવું છે. જોકે કેટલાક મુસાફરો એમ પણ જણાવતા હતા કે પહેલા જે મેન્યુઅલ ટિકિટ ફાડતા હતા એ પદ્ઘતિ સારી હતી. કેમ કે આ ઓટોમેટિક મશીનો ક્યારે બગડે એ કહી ના શકાય અને બગડે તો આ રીતે નોકરિયાત વર્ગ હેરાન થાય. ડેપો સત્તાધીશો એ દરેક કંડકટર ને સ્પેર મશીન આપવું જોઈએ તેવી માંગ ઉઠી છે.

# સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર ખાતે વેધર વોચ ગૃપની બેઠક યોજાઇ

ગાંધીનગર | તા.18

ચોમાસાના આગમન પૂર્વે સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-ગાંધીનગર ખાતે વેધર વોચ ગૃપની બેઠક યોજાઇ હતી. આ બેઠક દરમિયાન હવામાન વિભાગના અધિકારીશ્રી દ્વારા રાજ્યમાં વરસાદની સ્થિતિ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી તેમજ આગામી અઠવાડિયા દરમિયાન સૌરાષ્ટ્રના વિસ્તારોમાં અને દક્ષિણ ગુજરાતમાં છૂટા છવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી અંગે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં એન.ડી.આર.એફ.ના અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આગામી ચોમાસામાં વરસાદની પરિસ્થિતિને પહોંચી વળવા ડીપ્લોયમેન્ટ પ્લાન તૈયાર કરી દેવામાં આવ્યો છે. સાથે જ કોઈપણ આકસ્મિક પરિસ્થિતિને પહોંચી વળવા તમામ ટીમોને એલર્ટ મોડ પર રાખવામાં આવી છે. સિંચાઇ વિભાગના અધિકારીશ્રી દ્વારા રિઝિયન વાઈઝ સ્ટોરેજની સ્થિતિ વિશે ચર્ચા કરવામાં આવી હતી. રાજ્યના ૨૦૬ જળાશયો પૈકી ૦૨ જળાશયો એલર્ટ પર અને ૦૧ જળાશય વોર્નિંગ પર હોવાનું પણ તેમને જણાવ્યું હતું. આ ઉપરાંત SSNNL વિભાગના અધિકારીશ્રી દ્વારા સરદાર સરોવર સ્ટોરેજ વિશે ચર્ચા કરવામાં આવી હતી. વધુમાં, ઈસરોના અધિકારીશ્રી દ્વારા જૂન માસમાં સંભવિત વરસાદની શક્યતાઓ અંગે ફોરકાસ્ટની તેમજ કૃષિ વિભાગના અધિકારીશ્રી દ્વારા ખરીફ પાકની વિગતો અંગે ચર્ચા કરવામાં આવી હતી.

# નેત્રંગ સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સ્ટાફના અભાવે ચૈતર વસાવાએ મુલાકાત લીધી



ભરત શાહ | રાજપીપળા

પ્રાપ્ત માહિત મુજબ નેત્રંગ તાલુકો અસ્તિત્વમાં આવ્યા બાદ રાજ્ય સરકાર દ્વારા કરોડો રૂપિયાના સામુહિક આરોગ્ય કેન્દ્રનું નિમૉણ કરવામાં આવ્યું હતું. પરંતુ વષૉથી ડોક્ટર અને અપુરતા સ્ટાફના અભાવે દર્દીઓને હાલાકીનો સામનો કરવો પડે છે. સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સોનોગ્રાફી- એક્સ રે મશીન છે,પરંતુ તેને ઓપરેટ કરનાર ટેકનીશિયન કાયમી નથી. ત્રણ ડોક્ટરની જગ્યા વષૉથી ખાલી પડી છે. એક ડોક્ટર થી દર્દીઓની સારવાર કરાય છે. કોઈ જાનહાની ની ઘટના સજૉય તો સ્વિપર ને વાલીયા કે અંકલેશ્વરથી લાવવા અને મુકવા જવું છે. તેના કારણે કલાકો સુધી મૃતદેહ રજડતો હોવાની રજુઆત ડેડીયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાને કરાતા ચૈતર વસાવા સાથે કોંગ્રેસના શેરખાન પઠાણ એ આપના અન્ય કાયૅકરો સાથે નેત્રંગ સામુહિક આરોગ્ય કેન્દ્રના મુખ્ય તબીબ સાથે દરેક વોડૅ અને દર્દીની મુલાકાત કરી હતી.

આ બાબતે ધારાસભ્ય ચૈતર વસાવાએ જણાવ્યું હતું કે, સામુહિક આરોગ્ય કેન્દ્રમાં ડોક્ટર અને સ્ટાફ નહીં હોવાથી દર્દીઓને ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. ત્રણ ડોક્ટર અને જરૂરી સ્ટાફ ભરતી કરવા માટે સરકાર માં રજુઆત કરાશે અને ન્યાય નહીં મળે તો આંદોલનની ચિમકી પણ ઉચ્ચારી હતી.

# રાલ્દા ગામના બસ સ્ટેશન પાસે ત્રિપલ અકસ્માતમાં બાઈક ચાલક યુવાનનું મોત





બાઈક ચાલક યુવાન

ભરત શાહ | રાજપીપળા

નર્મદા જિલ્લાના રાલદા ગામના બસ સ્ટેશન પાસે થયેલા ત્રીપલ અકસ્માત માં એક યુવાનનું મોત નિપજ્યું હતું જ્યારે બે ને ઈજાઓ થઈ હતી.

મળતી માહિતી અનુસાર રમણભાઈ દલસુખભાઈ રોહીત રહે સોલીયા નિશાળ ફળીયુ તા-ડેડીયાપાડા જી-નર્મદા નાઓ એ આપેલી ફરિયાદ મુજબ રાલદા ગામના બસ સ્ટેશન પાસે એક આઈસર ટેમ્પો જેનો રજીસ્ટ્રેશન નંબર તથા ચાલકનુ નામ ખબર નથી તેણે પોતાના કબજામાનુ વાહન પુર ઝડપે હંકારી લાવી રમણભાઈ ના દીકરા જયદીપભાઈ ની મોટર સાઈકલ તથા રીક્ષાને એસ્કિડન્ટ કરતા રીક્ષા નંબર GJ-16-AT-2301 મા સવાર શ્વેતા બેન રણજીતભાઈ વસાવા રહે. જુના પુન ગામ તા-અંકલેશ્વર જી-ભરૂચ નાઓને ખભાના ભાગે ઈજાઓ પહોંચાડી તથા મોટર સાઈકલ નંબર GJ-22-M-3279 ના ચાલક જયદીપભાઈ ને જમણા હાથના ભાગે તથા જમણા પગના તથા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી સ્થળ ઉપર મોત નિપજાવી તથા મો.સા પાછળ બેસનાર સાહીલભાઈ ને જમણા પગના ભાગે ફેકચર તથા માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ટેમ્પો લઈ નાશી જઈ ગુનો કરતા ડેડીયાપાડા પોલીસે આઈસર ટેમ્પો ના ચાલક વિરૂદ્ધ ગુનો દાખલ કર્યો છે.

# વિખુટી પડેલી મહિલાનું પરિવાર સાથે મિલન કરાવતું સખી વન સ્ટોપ સેન્ટર




## સખી વન સેન્ટર અરવલ્લી ખાતે માનસિક રીતે અસ્વથ્ય મહિલાને આશ્રય અપાયો હતો

રાકેશ મહેતા | ધનસુરા

જિલ્લા કલેક્ટરશ્રીની અધ્યક્ષતા હેઠળ તથા સખી વન સ્ટોપ સેન્ટરના નોડલ અધિકારી જિલ્લા મહિલા અને બાળ અધિકારીશ્રી મન્સુરી હાસીના મેડમ ના માર્ગદર્શન હેઠળ ચાલતા સખી વન સેન્ટર અરવલ્લી ખાતે એક માનસિક રીતે અસ્વથ્ય હાલતમા બેન ને આશ્રય આપવામાં આવેલ ત્યારબાદ સખી વન સ્ટોપ સેન્ટર ના કર્મચારીઓ દ્વારા મહિલાને જરૂરિયાતનીં કિટ તથા કપડાં આપી નવડાવી સ્વસ્થ કરવામાં આવેલ તેમજ બેન શારીરિક રીતે પણ અસ્વસ્થ જાણતા તેવોને તાત્કાલિક સાર્વજનિક હોસ્પિટલમાં જઈ સારવાર અપાવેલ તેમજ મેડિકલ ચેકઅપ કરાવી બેનનું હીમોગ્લોબિન ઓછું હોવાનું જણાઈ આવેલ લોહતત્વની દવા ચાલુ કરાવી તેમજ તાત્કાલિક માનસિક રોગની સારવાર પણ શરૂ કરવામાં આવેલ ત્યારબાદ બેનનું કાઉન્સિલિંગ કરતા આવેલ મહિલા વિજાપુર તાલુકાના કોટડી ગામના હોવાનું જાણવા મળ્યું હતું. કોટડી ગામ ના એક સામાજિક આગેવાન નો સંપર્ક કરતા અને બેન જોડે વાતચીત કરાવતા તેવો કોટડી ગામ ના એક પરા ના છે એવું જણાવતા હતા અને અને ત્યારથી બેન ના પરિવાર નું સરનામું મળી આવ્યું હતું તેમજ બેન છોકરા ની મોબાઈલ નંબર મળી આવેલ હતો ત્યારબાદ સખી વન સ્ટોપ સેન્ટર ના કેન્દ્ર સંચાલક ચૌધરી શ્રધ્ધા બેન દ્વારા તેમના દીકરા જોડે વાત કરતા જાણવા મળ્યું કે બેન 4 વર્ષ પહેલાં ઘરે થી નીકળી ગયા હતા અને હજી સુધી કોઈ માહિતી મળેલ ન હતી.બેન નો પરિવાર બેન ને લેવા માટે સખી વન સ્ટોપ સેન્ટર ખાતે તારીખ 17-06-2024 ના દિવસે લેવા આવવા માટે જણાવતા હતા . તારીખ 17-06-2024 ના રોજ સખીવન સ્ટોપ સેન્ટર અરવલ્લી ખાતે મહિલાને લેવા માટે તેમનો દીકરો અને દીકરી તેમજ સામાજિક આગેવાનો આવેલ અને ચાર વર્ષ પછી માતા સાથે તેમના સંતાનો નું મિલન થતા બધા ની આંખો માં હર્ષ નાઆંસુ સારી પડ્યા હતા.બેન ના પરિવાર એ સખી વન સ્ટોપ સેન્ટર ના તમામ કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# રાજપીપળા વાલ્મીકિ વાસમાં છેલ્લા 4 વર્ષથી પીવાના પાણીની ગંભીર સમસ્યા

**સ્થાનિકોની વારંવાર રજૂઆત છતાંય તંત્રના પેટનું પાણી ય હાલતું નથી...**

ભરત શાહ | રાજપીપળા

રાજપીપળા નગરપાલિકા ના ખાડે ગયેલા વહીવટ થી વેરો ભરતી પ્રજા હેરાન થઈ રહી છે જેમાં પાણી જેવી મહત્વની સુવિધા આપવામાં પણ પાલિકા સતાધીશો નિષ્ફળ નિવડ્યા હોય તેમ રાજપીપળા ના વાલ્મીકિ વાસ ના રહીશો લાંબા સમયથી પાણી માટે વલખાં મારી રહ્યા છે. આ બાબતે સ્થાનિક અગ્રણી અને શિક્ષક પ્રવીણભાઈ એ જણાવ્યું કે અમે ચાર વર્ષથી પાણી માટે તકલીફ વેઠી રહ્યા છે, પાલિકા માં અને કોર્પોરેટર ને અનેકવાર રજૂઆત કરવા છતાં હજુ અમારા વિસ્તાર માં નહિવત પાણી આવે છે, પહેલા ત્રણ ટાઈમ ફૂલ પાણી મળતુ હતું હવે એકજ ટાઈમ મળે છે તે પણ એકદમ ઓછું પાણી આવે છે, કોઈ મહેમાન આવ્યા હોય તો પણ ઈજ્જત બગડે તેવી હાલત છે, સ્કૂલો માં જતા બાળકો ને સ્નાન કરાવવા કે લેટ્રિન માં વાપરવા નું પાણી પણ પૂરતું મળતું નથી. એકાદ મહિના પર પાણી માટે ખાડા ખોદી ગયા. અને એ ખાડા હજુ ખુલ્લા જ છે જેમાં કોઈ બાળક પડે તેવી સ્થિતિ છે. ખાડા માત્ર દેખાવ પૂરતા જ ખોદી ગયા હોય તેમ કોઈ જોવા આવતું નથી કે નથી લાઈન નું કોઈ રીપેરીંગ થતું . પાલિકા માં રેગ્યુલર વેરો ભરવા છતાં પાણી ની આવી ગંભીર સમસ્યા નો પાલિકા તંત્ર વહેલીતકે ઉકેલ લાવે તેવી અમારી માંગ છે.



**પાલિકાના મુખ્ય અધિકારી રાહુલ ઢોડિયા એ જણાવ્યું કે ચાર વર્ષથી તકલીફ નહિ હોય છતાં શું સમસ્યા છે એ બાબતે હું ચેક કરાવી પાણી પૂરતું મળે એ બાબતે પગલાં લઈશ.**



## પાટણના વારાહીમાં યોજાયું કાર્યકર્તા પ્રીતિ ભોજન

# રામગીરી બાપુના નેતૃત્વમાં વિહિપના કાર્યકરો ભીડભંજન ગૌશાળાના દર્શનાર્થે

નિતીન ઠાકર | ચાણસ્મા



વિશ્વ હિન્દુ પરિષદ ઉત્તર ગુજરાત પ્રાંતની પ્રવાસીય યોજના અનુસાર ઉત્તર ગુજરાત પ્રાંત સહમંત્રી કમલેશભાઈ સુતરીયા નો બે દિવસીય પ્રવાસ રાધનપુર વિસ્તારમાં હોઈ તેના અનુસંધાને વારાહી ભીડભંજન ગૌશાળા 5 000 ઉપરાંત ગૌવંશ ના દર્શનાર્થે નું આયોજન રાખવામાં આવેલ હતું જે અવધેશ આશ્રમ (ખોરસમ) પૂજ્ય રામગીરી બાપુ વિશ્વ હિન્દુ પરિષદ ના પ્રાંત સહ મંત્રી કમલેશભાઈ સુતરીયા.ધર્માંચાર્ય સંપર્ક વિભાગ પ્રાંત ટોલી સદસ્ય નીતિનભાઈ વ્યાસ. મહેસાણા વિભાગ ધર્માચાર્ય સંપર્ક સંયોજક ધીરજભાઈ ચૌધરી. રાધનપુર જીલ્લા મંત્રી કાંતિજી ઠાકોર .વિશેષ વ્યક્તિ મહાદેવભાઈ દેસાઈ. મનુભાઈ નાયક પણ ગૌશાળાની કાર્ય પદ્ધતિ જોઈને સૌ પ્રભાવિત થયા હતા. તેમ જ ગૌશાળા ના નરપતસિંહ તેમજ જય ભાઈ ની કાર્ય પદ્ધતિને જોઈને અભિનંદન આપ્યા હતા .અત્રે વારાહી ભીડભંજન ગૌશાળા માં 5,000 ઉપરાંત ગૌ વંશ નો નિભાવ થઈ રહ્યો છે

તેમજ વારાહીના અગ્રગણ્ય સામાજિક આગેવાન અરવિંદભાઈ ગોકલાણી ના પુત્ર વધૂ ચિ.આરવી ના સીમંત સંસ્કાર પ્રસંગે સગા સ્નેહીજનો.. સંત શ્રી રામગીરી બાપુ .સંસદ શ્રી ભરતસિંહ ડાભી.જિલા પંચાયત પ્રમુખશ્રી હેતલ બેન. ધારાસભ્ય શ્રી લવિંગજી ઠાકોર. ફરશુભાઈ ગોકલાણી. વિદ્વાન વકીલ શ્રી દિનેશ ભાઈ.પરિષદના કમલેશભાઈ સુતરીયા. નીતિનભાઈ વ્યાસ. લક્ષ્મણ ભાઈ આહીર. કાંતિજી ઠાકોર નરેન્દ્ર સિંહ પરમાર. મેહુરભાઈ આહીર.રતીભાઈ સુથાર વિગેરે વિવિધ સમાજના વડીલો અને સૌ સ્નેહીજનો શુભાશીશ આપવા પધાર્યા હતા.

# પાનના ગલ્લે જઈને ફાયર પાન ખાવાનો શોખ હોય તો ચેતી જજો

**તુર્કીના આઇસ્ક્રીમથી લઈને ફ્રેન્ટા મેગી સુધી, ન જાણે કેટકેટલી વસ્તુમાં એક્સપરિમેન્ટ્સ કરવામાં આવે છે. સોશિયલ મિડિયા પર આવા વીડિયો વાયરલ થતા રહે છે. જોકે, કેટલાક ફૂડ એક્સપરિમેન્ટ્સ જીવલેણ સાબિત થઈ રહ્યુ છે. છતાં અનેક લોકો તેને ખાઈ રહ્યાં છે. આવામાં જો તમને ફાયર પાન ખાવાનો શોખ હોય તો ચેતી જજો. કારણ કે, ફાયર પાનથી પેટમાં કાણુ પડી શકે છે. ગુજરાતમા પણ પાન-માવાના શોખીન અનેક છે, આવામાં ગુજરાતીઓને પણ ફાયર પાનનો શોખ ભારે પડી શકે છે.**



**ફાયર પાનથી સગીરાના પેટમાં કાણું પડ્યું |** તાજેતરની ઘટના છે, બેંગલુરુમાં રહેતી એક 12 વર્ષીય સગીરા પોતાના માતાપિતા સાથે એક લગ્નમાં ગઈ હતી. જ્યાં તેણે ફાયર પાન ખાધું હતુ. પહેલા તો તેને કોઈ તકલીફ ન થઈ હતી, પરંતુ ઘર આવ્યા બાદ તેના પેટમાં ભરપૂર દુખાવો થયો હતો. જેના બાદ તેને હોસ્પિટલ લઈ જવાઈ હતી. તપાસ કરતા માલૂમ પડ્યું કે, તેના પેટમાં કાણુ પડ્યું છે. જેના બાદ તેનુ ઓપરેશન કરવામાં આવ્યું હતું. બાળકીના લેપ્રોટમી ટેસ્ટ દરમિયાન માલૂમ પડ્યું કે આખરે તેના પેટમાં કેમ દુખાવો થયો હતો. તપાસમાં તેના પેટના નીચેના ભાગમાં અંદાજે 4/5 નો મોટો ઈન્ફેક્શન એરિયા મળ્યો હતો. સ્મોક પાન બનાવવામાં જે નાઈટ્રોજન ગેસનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, તે ડ્રિંક કે કોઈ ફૂડને ઠંડું રાખવા માટે કરવામા આવે છે, જે શરીર માટે હાનિકારક હોય છે.

**ગંભીરતાનો વિષય |** એક રિપોર્ટ અનુસાર, બાળકીનું ઓપરેશન કરનાર ડોક્ટરે જણાવ્યું કે, આવા ફૂડ એક્સપરિમેન્ટ્સ પર પ્રતિબંધ મૂકાવવો જોઈએ, તેનાથી આ બાબતોની એક પેટર્ન નજર આવશે.

**શુ છે લિક્વિડ નાઈટ્રોજન |** લિક્વિડ નાઈટ્રોજનનો ઉપયોગ અનેક રેસ્ટરન્ટમાં ખાણીપીણી તથા ડ્રિંક્સ માટે કરવામા આવે છે. તેમજ લગ્નપ્રંસગમાં દુલ્હન કે દુલ્હાની એન્ટ્રી સમયે ધુમાડો ઉડાડવા કરાય છે. આ નાઈટ્રોજનના ઠંડા પ્રકારને કારણે તેનો ઉપયોગ ડ્રિંકને ઠંડુ કરવા માટે કરાય છે. આ ઉપરાંત મેડિકલ ફિલ્ડમાં દવાઓનું નિશ્ચિત તાપમાન બનાવી રાખવા માટે તથા ક્રાયોજેનિક ક્રિયાઓમાં પણ તેનો ઉપયોગ કરવામાં આવે છે. અનેકવાર નાઈટ્રોજનની જગ્યાએ ડ્રાય આઈસનો ઉપયોગ કરાય છે.

**પેટમાં કાણું કેવી રીતે પડ્યું |** રોયલ સોસાયટી ઓફ કેમેસ્ટ્રીની એક રિપોર્ટ અનુસાર, લિક્વિડ નાઈટ્રોજન પેટમાં ગયા બાદ ગેસમા કન્વર્ટ થઈ જાય છે. બાદમાં તે ઉકળવા લાગે છે. આવામાં જરૂર કરતા નાઈટ્રોજન ગેસ વાપર્યો હોય તો તે પેટમાં કાણું પાડી શકે છે, અથવા પેટ ફાડી શકે છે.


# MULTANI MITTI

## રાત્રે ચહેરા પર લગાવશો મુલ્તાની માટી તો ક્યારેય નહીં જાવું પડે પાર્લર

### રીતે કરવો ફેસપેકનો ઉપયોગ?

સૌથી પહેલા એક ચમચી મુલતાની માટીને બાઉલમાં લઈ તેમાં હુંફાળું પાણી મિક્સ કરો. આ મિશ્રણમાં મધ, દૂધ, ટમેટાનો રસ, ગુલાબજળ વગેરે માંથી જે વસ્તુ તમને સૂટ કરતી હોય તે મિક્સ કરો. ત્યાર પછી આ પેસ્ટને ચહેરા અને ગરદન પર લગાડો અને 10 થી 15 મિનિટ સુકાવા દો. જ્યારે પેસ્ટ બરાબર રીતે સુકાઈ જાય તો હુંફાળા પાણીથી ચહેરો સાફ કરી લો. આ ફેસપેકનો ઉપયોગ અઠવાડિયામાં ત્રણથી ચાર વખત કરી શકાય છે.

જે રીતે આપણે સ્વાસ્થ્યનું ધ્યાન રાખીએ છીએ તે રીત ત્વચાનું ધ્યાન રાખવું પણ જરૂરી છે. ત્વચાની સંભાળ યોગ્ય રીતે લેવામાં આવે તો સુંદરતા જળવાઈ રહે છે. સુંદર દેખાવા માટે લોકો અલગ અલગ વસ્તુઓનો ઉપયોગ કરતા હોય છે. પરંતુ કેટલીક વખત આવી વસ્તુઓ સ્કીનને નુકસાન પણ કરી શકે છે. તેવામાં જો તમે પ્રાકૃતિક વસ્તુઓથી સ્કિન કેર કરવા માંગો છો તો બેસ્ટ વસ્તુ છે મુલતાની માટી. મુલતાની માટીનો ઉપયોગ સ્કીન પર કરવાથી ફાયદો થાય છે. તેનો ઉપયોગ નિયમિત પણ કરી શકાય છે. જો તમે ત્વચા પર રોજ મુલતાની માટે લગાવો છો તો સ્કીનને ત્રણ સૌથી મોટા ફાયદા થાય છે. જોકે આ ફાયદા મેળવવા માટે જરૂરી એ પણ છે કે તમે તેનો ઉપયોગ સાચી રીતે કરો. મુલતાની માટીને રાત્રે ચહેરા પર લગાડવાથી ઘણા બધા ફાયદા થાય છે. મુલતાની માટી પ્રાકૃતિક ગુણોથી ભરપૂર હોય છે જે સ્કીનને હાઈડ્રેટ રાખે છે. સાથે જ તેનાથી ત્વચામાં તાજગી આવે છે. તે ત્વચાના ઓઈલને કંટ્રોલ પણ કરે છે જેના કારણે ખીલની સમસ્યા દૂર થાય છે. તો ચાલો આજે તમને જણાવીએ કે મુલતાની માટી સ્કીનને કેવી રીતે ફાયદો કરી શકે છે અને તેનો ઉપયોગ કેવી રીતે કરવો.



**ત્વચાની સફાઈ |** મુલતાની માટી ત્વચા પરથી મેલ, ધૂળ અને અન્ય અવશેષોને સાફ કરવામાં મદદ કરે છે. તેનાથી ત્વચા સાફ દેખાય છે. મુલતાની માટી સ્કીનને અંદરથી સાફ કરે છે. જેના કારણે ત્વચા પર લાંબા સમય સુધી ખીલ દેખાતા નથી.

**સ્કીનમાં સુધાર |** મુલતાની માટીનો નિયમિત રીતે ઉપયોગ કરવાથી સ્કીનના ટેક્સચરમાં સુધારો થાય છે. તેનાથી ગ્લો વધે છે. અને ત્વચા યુવાન દેખાય છે.

**મોઈશ્ચર જળવાઈ રહે છે |** મુલતાની માટી ચહેરાના ઓઈલને કંટ્રોલ કરવામાં મદદ કરે છે અને તેના કારણે ત્વચામાંથી એકસ્ટ્રા ઓઈલ દૂર થાય છે પરંતુ સાથે જ જરૂરી મોઈશ્ચર જળવાયેલું રહે છે. મુલતાની માટીનો ઉપયોગ કરવાથી ત્વચા સુંદર અને ઓઈલ ફ્રી બને છે.

### મુલતાની માટીનો આ રીતે કરો ઉપયોગ

મુલતાની માટીના ફેસપેક અલગ અલગ રીતે બની શકે છે. તેમાં તમે અલગ અલગ વસ્તુઓનો ઉપયોગ કરી શકો છો જેમ કે મધ અને મુલતાની માટી, ટામેટું અને મુલતાની માટી, બટેટુ અને મુલતાની માટી વગેરે. મુલતાની માટીમાં દૂધ અને ગુલાબજળ પણ ઉમેરી શકાય છે. તમે તમારી અનુકૂળતા અનુસાર ઉપર જણાવ્યા ની વસ્તુઓ ઉમેરી મુલતાની માટીનો ફેસપેક બનાવી શકો છો.

# ડાયાબિટીસના દર્દીઓ માટે મહત્વનું આ ટચુકડા દાણાનું સેવન કરવાથી હાઈ બ્લડ શુગર આવશે કંટ્રોલમાં!

**જો તમને પણ શુગરની સમસ્યા છે તો આ સમાચાર તમારા માટે છે. હાઈ બ્લડ શુગરની સ્થિતિને ડાયાબિટીસ પણ કહેવામાં આવે છે, જેને જીવનભર નિયંત્રણમાં રાખવું ખૂબ જ જરૂરી છે. જો તેને કાબૂમાં ન રાખવામાં આવે તો હાર્ટ એટેક, સ્ટ્રોક જેવી જીવલેણ સ્થિતિ સર્જાઈ શકે છે. હાઈ બ્લડ શુગર એ એવી સ્થિતિ છે જેમાં શરીરના લોહીમાં ગ્લુકોઝનું સ્તર વધે છે. ખાધા પછી જ્યારે શરીર ખોરાકને શોષી લે છે, ત્યારે તે શરીરમાં ગ્લુકોઝ ઉત્પન્ન કરે છે, જેનો ઉપયોગ શરીરની ઊર્જા માટે થાય છે. હાઈ બ્લડ શુગર લેવલ ઘટાડવાના ઘણા ઉપાયો છે, જેમાંથી એક મેથીના દાણા છે. આ ઈંગ્રીડેન્ટ હજારો વર્ષોથી ભારતીય ભોજનમાં ઉપયોગમાં લેવાય છે. મેથીના દાણા આયર્ન, મેગ્નેશિયમ અને વિટામિન B6 જેવા ઘણા પોષક તત્વોનો સમૃદ્ધ સ્ત્રોત છે, જે શરીરને ઉર્જા આપે છે અને તેને સ્વસ્થ બનાવે છે. આ સિવાય મેથીના દાણાનું સેવન રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવે છે અને વાળ અને ત્વચાને સુધારે છે.**



### વધુ પડતા મેથીના દાણા ખાવાના ગેરફાયદા

- મેથીના દાણાનું વધુ પડતું સેવન કરવાથી કેટલાક લોકોને મોડેથી અપચો, ગેસ, ઉલ્ટી, ત્વચામાં બળતરા અને ન્યુમોનિયા જેવી સમસ્યાઓ થઈ શકે છે.
- મેથીના દાણાનું વધુ પડતું સેવન કરવાથી નીચેના નુકસાન થઈ શકે છે.
- મેથીના દાણામાં વધુ માત્રામાં ફાઈબર હોય છે, જે વધુ માત્રામાં ખાવામાં આવે તો હાર્ટબર્ન થઈ શકે છે.
- મેથીના દાણાનું વધુ પડતું સેવન કરવાથી બ્લડ સુગર ઘટી શકે છે, જેનાથી હાઈપોગ્લાયકેમિયા થઈ શકે છે.
- મેથીના દાણાનું સેવન કરવાથી તાવ આવી શકે છે.
- મેથીના દાણાનું સેવન કરવાથી નાભિની આસપાસ દુખાવો થાય છે.
- બાળકો માટે મેથીના દાણા ખાવા અસુરક્ષિત હોઈ શકે છે. તેથી જ બાળકોએ મેથીના દાણા ખાતા પહેલાં ડૉક્ટરની સલાહ લેવી જોઈએ.

### મેથીના દાણા ખાવાથી શું ફાયદા થાય છે?

- મેથીના દાણામાં ચોક્કસ પોલિસેકરાઈડ હોય છે જે શરીરમાં ઈન્સ્યુલિનનું સ્તર વધારવામાં મદદ કરે છે. તે ખાંડને નિયંત્રિત કરવામાં મદદ કરી શકે છે.
- મેથીના દાણા પાચનતંત્રને સુધારવામાં મદદરૂપ છે. તેમાં વિટામીન સી અને ફાઈબર હોય છે જે ખોરાકના પાચનને સુધારવામાં મદદ કરે છે.
- મેથીના દાણામાં હાજર વિટામિન્સની માત્રા યથાવત રહે છે, જે હાડકાં માટે ખૂબ જ ફાયદાકારક છે. આ સિવાય મેથીમાં રહેલું પ્રોટીન અને એમિનો એસિડ પણ હાડકાના વિકાસ માટે ખૂબ જ ફાયદાકારક છે.
- મેથીના દાણા વજન ઘટાડવામાં મદદ કરી શકે છે. તે જમ્યા પછી લાંબા સમય સુધી ભૂખને રોકે છે, જે ખોરાકની માત્રા ઘટાડે છે અને વજન ઘટાડે છે. મેથીના દાણા વિટામિન E, પોટેશિયમ અને ફાઈબરનો સારો સ્ત્રોત છે જે હૃદયના સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે.

# દાન, દીનતા અને દયા એ મનમાં છૂપાયેલી ઈચ્છા શક્તિ છે...



**દાનનું મહત્વ**

**- રુપાલી દવે**

એકવાર સંત સાંઈબાબા દ્વારકા માઈ માં બેઠા હતા ત્યારે ભક્ત એ બાબા ને પૂછ્યું કે બાબા દાન નું મહત્વ શું હોય છે? ત્યારે સંત સાંઈબાબા એ ભક્ત ને સમજાવ્યું હતું કે કળિયુગ માં ત્રણ "દ" નું મહત્વ છે.દાન,દયા અને દીનતા આ ત્રણ માં ના એક લક્ષણ નો આશરો લઈએ માણસ જીવશે ને તો પણ કળયુગ એને સ્પર્શ કરી શકશે નહિ. કળયુગ ના મુખ્ય લક્ષણો દંભ,દમન, યાતના,રોગ કૂથલી,વ્યસન વગેરે વગેરે મનમાં પ્રવેશી ને આવશ્યક માણસ ને મન થી ખોખલા કરવામાં કાફી છે.આ જ કારણોસર કળયુગ માં જીવતો માણસ ભય થી જીવતો હોવાના લીધે અનેક માનસિક બીમારીઓ નો શિકાર હોય છે. પ્રત્યેક એ દયા,દાન,દીનતા ને મંત્ર બનાવી કાર્યરત રહેવું જોઈએ. સાચી વાત તો છે એકવાર ભગવાન બુદ્ધ એના શિષ્ય આનંદ સાથે ભિક્ષા લેવા નજીક ના ગામ માં જવા નીકળ્યા. ગામ ની શેરીઓ માં ફરતાં ફરતાં શિષ્ય આનંદ નું ધ્યાન મોટી વૈભવી ઈમારત પર પડી.આનંદ ને થયું કે આ ઘર માંથી અવશ્ય પુષ્કળ અનાજ ભિક્ષા માં મળશે એટલે એણે કહ્યું કે ગુરુદેવ,આપ આજ્ઞા અપો તો હું આ વૈભવી ઈમારત માં ભિક્ષા લેવા જાવ. ભગવાન બુદ્ધ એ સહેજ સ્માઈલ કરતા કહ્યું કે જેવું દેખાય છે એવું છે નહિ છતાંય તારી ઈચ્છા છે તો રોકનાર હું કોણ? આનંદ એ વૈભવી લાગતી ઈમારત ની અંદર ગયો ત્યારે એક સ્ત્રી ઘરના અંદર ના ઓટલા પર ઊભી હતી.એ સ્ત્રી એ આનંદ ને પૂછ્યું કે શું કામ આવ્યા છો? કોનું કામ છે? ઘરમાં નિર્જીવ દીવાલો છે ને



કુત્રિમ રાચ રચેલું ચારેબાજુ એ લગાવેલું છે પરંતુ આ ઘરમાં સમય જોવાનો કોઈની પાસે નથી.શિષ્ય આનદ એ કહ્યું કે દેવી, હું સાધુ છું ભિક્ષા માટે આવ્યો છું. ભિક્ષા શબ્દ સાંભળી ને એ સ્ત્રી ખડખડાટ હસવા લાગી હસતા હસ્તા બોલી કે સાધુ ને ભિક્ષા વાસી અપાય નહિ,ઘરમાં જે કંઈ પડ્યું છે એ બધું અનેક જન્મોનું વાસી છે.

શિષ્ય આનંદ ખાલી હાથે મકાન ની બહાર નીકળ્યો ત્યારે ભગવાન બુદ્ધ મંદ મંદ સ્મિત કરતા ઝાડ નીચે ઊભા હતા. ભગવાન બુદ્ધ એ પૂછ્યું શું થયું? આનંદ એ કીધું ભગવાન અઢળક ધન ધાન્ય પડ્યું છે છતાંય એ "વાસી" નું બહાનું કરીને ભિક્ષા ના આપી.ભગવાન બુદ્ધે એ શિષ્ય આનંદ ને સમજાવતા કહ્યું કે બેટા,એટલું સમજ કે જે વ્યક્તિ ઉદાર હદય એ ખુલ્લા હાથે દાન આપતી હશે એ ખરેખર પુણ્યશાળી લોકો હોય છે.ઘરમાં ભલે ખાવામાં ચાર પાંચ રોટલી પડી હશે પરંતુ એમાંથી બે રોટલી અવશ્ય દાન માં આપશે.પરંતુ જેની પાસે અનેક જન્મ ના કર્મ ના સંચયથી સમૃદ્ધિ વાન બન્યો હોય એ વ્યક્તિ ને ખુદના માટે રૂપિયો પણ કાઢવો હશેને તો પણ સો વાર વિચારશે તો અન્ય ને આપવાનો સવાલ નથી રહેતો. એ સ્ત્રી એની વાતમાં સાચી હતી એના ઘરમાં નું અનાજ એ વાસી હતું.આ પ્રકારની વ્યક્તિઓ પાસેથી પ્રાપ્ત થયેલ ધન દાન એ મનના બગાડ નું કારણ બને છે. વાસી મતલબ અનેક ભવનું ભાથું સમજ્યો.આનંદ ને ભૂલ સમજતા બન્ને ત્યાંથી આગળ નીકળી ગયા

માણસ ના જીવન માં મોટા માં મોટુ રહસ્ય "મૃત્યુ" છે છતાંય ધનનો મોહ માણસ ના મન અને બુદ્ધિ પર કબજો જમાવી ને બેઠા હોય છે.એકવાર એક ગામમાં મોટા પાયે સરકારી વિકાસ યોજના અંતર્ગત મોટું ફંડ ફાળવવામાં આવ્યું.ફંડ ની રકમ સાંભળતા જ પંચાયત ના મુખ્યા પંચાયત અધિકારી,સરપંચ અને મંત્રી ના હદયમાં લાલસા નો કીડો સળવળી ઉઠ્યો. ગામ ના સરપંચ એ કીધું કે સાહેબ માન્યું કે ગામનો વિકાસ જરૂરી છે રોડ રસ્તા થી લઈને સ્કૂલો રિપેર કરવાની છે.આ ખંડેર જેવી ઓફિસ ને મરમત ની જરૂર છે.પણ પાપી પેટ નું શું કરવું બધું માંગ્યા કરે છે? આટલા મોટા દેશમાં નાનકડા ગામડા નો હિસાબ કોણ માંગવાનું છે? મંત્રી મનનો લૂચો ને હોશિયાર હતો એટલે એ બોલ્યો કે એવું કરવું પડશે સાપ મરે નહિ ને લાઠી તુટે નહિ. પંચાયત ના અધિકારી એ કહ્યું કે તમારા બન્નેની એકદમ સાચી વાત છે પ્લાન કરીને કરીશું તો કમ સે કમ ત્રણેય ને કરોડ કરોડ તો આવશે જ. ત્રણેય એ ભેગા થઈને નક્કી કર્યું કે સસ્તા શિખાઉ કોન્ટ્રાક્ટર સાથે કામ ચલાઉ મજૂરો કારીગરો લાવવાના. એની આગળ અમુક બજેટ મૂકીને બાકી ના બધું વહેચી લઈશું. અમુક સમય બાદ પુલ,સ્કૂલ,રોડ વગેરે જગ્યાનું કામ પૂર્ણ થયું ને ઉદ્ઘટનની તારીખ નક્કી થઈ. ગામ મેળે ઉદઘાટન કરવાનું હતું એટલે નક્કી થયું કે જિલ્લા પંચાયત ના અધિકારી,સરપંચ અને મંત્રી નવા બનેલા પુલ નું લોકા અર્પણ કરશે. ત્રણેય એ પુલનું રીબીન કાપીને લોકાર્પણ કર્યું પરંતુ ગામવાળા નો આગ્રહ હતો કે ત્રણેય જીપ પર બેસીને નવા બનેલા પુલ પર ચક્કર લગાવી આવે. જીપ માં બિરાજમાન ત્રણેય ધુરંધરો થોડે આગળ ગયા ત્યાં પુલમાં તિરાડ પડતાં ત્રણેય નીચે વહેતી ગોઝારી નદી માં અદ્રશ્ય થઈ ગયા.

આ દશ્ય નિહાળી ને ગામવાળા હેબતાઈ ગયા ને બોલ્યા કે બિચારા એ પુલ બનાવવામાં રાત દી કાઢ્યા હતા પણ ગોઝારા પુલે ત્રણેય નો ભોગ લીધો

ભગવાન હસતા હસતા મનોમન બોલ્યા કે રે! માણસ તારું શું કરું? તારી આખી લાઈફ મેનેજ કરીને તને પૃથ્વી પર મોકલ્યો છે. સમજાવ્યું હતું કે "કર્મ ની ગતિ ન્યારી છે કર્મ કોઈને છોડતું નથી. કર્મ નો હિસાબ ખૂબ પાક્કો હોય છે ત્યાં છટક બારીઓ નથી હોતી.એ ભોગવું ફરજિયાત પડે છે.

દાન,દીનતા અને દયા એ માણસ ના અંતર મનમાં છૂપાયેલી ઈચ્છા શક્તિ હોય છે. દ્વારિકા ના બગીચા માં રાજકુમારો રમતા હતા બધાને પાણી ની તરસ લગતા નજીક ના કૂવા પાસે પાણી પીવા ગયા. બધાયે જોયું કે કૂવાની અંદર કાળા પહાડ ના રંગ નું વિચિત્ર પ્રાણી બેઠું છે જે દેખાવે કંચિડા જેવું લાગે છે. રાજકુમારો એ પ્રાણી ને કૂવા માંથી બહાર કાઢવા ખૂબ પ્રયત્ન કર્યા પરંતુ બધા પ્રયાસ નિષ્ફળ ગયા. બધા ભગવાન શ્રી કૃષ્ણ પાસે આવીને વિચિત્ર પ્રાણી વિશે વાત કરી. ભગવાન એ આવી ને હાથ વડે કંચિંડા ને કૂવા માંથી બહાર કાઢયો. ભગવાન શ્રી કૃષ્ણ ના હાથ નો સ્પર્શ થતાંજ કાચિંડા નું રૂપ ત્યજી ને એકાએક સુંદર પુરુષ સ્વરૂપે પ્રગટ થતા જ ભગવાન એને જાણતા હોવા છતાંય પૂછ્યું કે તારો પરિચય શું? સુંદર પુરુષ એ એની આપવીતી બોલતાં કહ્યું કે પ્રભુ,હું રાજા નૃગ છું પૃથ્વી પર જેટલા રજકણ ના કણ ની ગણતરી થાય એનાથી વધારે ગૌ દાન બ્રાહ્મણો ને કર્યું છે.પરંતુ દાન માં ભૂલ થતાં નર્ક યોનિ ભોગવતો હતો. ભૂલથી અપરિગ્રહ ના વ્રતના નિયમ નું પાલન કરતા બ્રાહ્મણની ગાય અન્ય બ્રાહ્મણ ને દાન માં આપી દીધી હતી. આ અપરિગ્રહ નું વ્રત પાળનાર બ્રાહ્મણ ને કેટલું સમજાવ્યું કે તું મને તારી આ ગાય આપી દઈશ તો એના બદલા મા એક લાખ ગાયો આપીશ પરંતુ એ ના માન્યો.જે બ્રાહ્મણ ને એ ગાય ભૂલ થી આપી હતી એ જીદ કરવા લાગ્યો કે એ ગાય આપો.

આ અરસામાં મૃત્યુ પામ્યો ત્યારે યમરાજા એ પૂછ્યું કે સ્વર્ગ નર્ક માંથી પહેલા શું ભોગવશો? નર્ક બોલતાજ યુગોથી કાંચિડા ની યોની માં ભટક્યા કરું છું.. ભગવાન શ્રી કૃષ્ણ એ એના પુત્રો ને સમજાવ્યું કે બ્રાહ્મણ નું ધન એની મરજી વગર ભૂલથી પણ તિજોરીમાં આવવું જોઈએ નહિ.દાનના અમુક ખા નિયમ હોય છે.શાસ્ત્ર અનુસાર દાન વાસી કે બગડેલ વસ્તુઓનું ના થવું જોઈએ.અન્ય એ આપેલ ચીજવસ્તુઓને ફરી રેપ કરીને બીજા આપવાથી ખરાબ કર્મનું ભાથું બંધો છો એ નક્કી,

# પંચાયતના અમ્મા જી એ નથી કર્યાં લગ્ન:પિતાના મૃત્યુ પછી ઘરની જવાબદારી ઉપાડી : 54 વર્ષની ઉંમરે એક્ટિંગ કરિયરની શરૂઆત કરી



(એજન્સી) મુંબઇ | આભા શર્માએ 'પંચાયત સીઝન 3'માં અમ્મા જી (દમયંતી દેવી)ના રોલમાં જોવા મળ્યા છે. 75 વર્ષના આભા શર્માએ એક ઈન્ટરવ્યૂ દરમિયાન જણાવ્યું કે તેમની એક્ટિંગ કરિયર કેટલી મુશ્કેલ રહી છે. આ સાથે જ જણાવ્યું કે તેને નાનપણથી જ એક્ટિંગનો શોખ હતો, પરંતુ તેમને 54 વર્ષની ઉંમરે આગળ વધવાની તક મળી છે. એક મીડિયા સાથેની વાતચીત દરમિયાન આભાએ જણાવ્યું કે તેઓ તેમના પરિવારમાં સૌથી નાના છે. પિતાના અવસાન પછી આભાએ ટેલિકોમ કંપનીમાં કામ કર્યું અને માતાનું ધ્યાન રાખવા માટે ઘરે જ રહ્યાં હતાં. તેથી જ તેમણે લગ્ન પણ ન કર્યા. તેમણે જે.જે. સ્કૂલ ઓફ આર્ટસમાંથી ડિપ્લોમા કર્યું અને 1979માં શિક્ષક તરીકે કામ કરવાનું શરૂ કર્યું.આભાની માતા ઈચ્છતા નહોતા કે આભા એક્ટિંગમાં આગળ વધે. આભાએ તેમની માતાનું પાલન કર્યું અને એક્ટિંગ અંગે સહેજ પણ વિચાર્યું નહીં. તેમણે કહ્યું કે તેનો પરિવાર શિક્ષિત હતો પણ રૂઢિચુસ્ત પણ હતો. પરંતુ તેમની માતાના અવસાન બાદ આભાએ ફરીથી એક્ટિંગ શરૂ કરી અને આ સમયે તેમના ભાઈ-બહેનોએ પણ સાથ આપ્યો હતો.

આભાને ટીવીમાં પહેલો બ્રેક 2009માં મળ્યો હતો. તેઓ તે સમયે ખૂબ જ નર્વસ હતા પરંતુ જ્યારે ડિરેક્ટરે તેમના વખાણ કર્યા તો તેમનો ડર સંપૂર્ણપણે દૂર થઈ ગયો. આ પછી તેમને અર્જુન કપૂર અને પરિણીતી ચોપરા સ્ટારર ફિલ્મ 'ઈશકઝાદે'માં કામ મળ્યું.

આભાને 2010માં આવેલી ફિલ્મ 'પીપલી લાઈવ'માં રોલ માટે બોલાવવામાં આવ્યા હતા. અહીં તે પહેલીવાર 'પંચાયત' એક્ટર રઘુબીર યાદવને મળ્યા હતા. તેમની તબિયત અચાનક બગડવાને કારણે તેઓ આ ફિલ્મમાં કામ ન કરી શક્યા અને આ રોલ કોઈ બીજાને મળ્યો હતો. તેમણે કહ્યું કે કોરોના પછી અનુરાગ શુક્લાજેમણે તેમની સાથે થિયેટર કર્યું હતું, તેમણે આભાને 'પંચાયત' માટે ઓડિશન વીડિયો શૂટ કરવાનું કહ્યું.


આભાને 'પંચાયત'માં રોલ મળ્યો. તેમણે કહ્યું કે તમામ કોસ્ટાર્સ, ડિરેક્ટર અને બાકીના ક્રૂએ ખૂબ સહકાર આપ્યો હતો. મધ્યપ્રદેશની આકરી ગરમીમાં શૂટ વિશે આભાએ કહ્યું, 'ત્યાં ચોક્કસપણે ખૂબ જ ગરમી હતી અને મેં મારા કેટલાક શોટ્સમાં તે અનુભવ્યું હતું, પરંતુ હું મારું શૂટ પૂર્ણ કરવા માટે તૈયાર હતી. મેં આ અનુભવનો ખૂબ આનંદ લીધો.

### 'પંચાયત' ડિરેક્ટરે આભાના વખાણ કર્યા

'પંચાયત 3'માં એક સીન છે જેમાં અમ્માજી દવા લે છે. આભાએ આ સીન એટલો અસલીબનાવી દીધો કે દિગ્દર્શકને લાગ્યું કે તેમણે ખરેખર દવા લીધી છે. સીન પૂરો થયા પછી ડિરેક્ટરે આભાને પૂછ્યું કે શું તેમણે ખરેખર દવા લીધી છે? આના પર આભાએ કહ્યું- ના, મેં દવા નથી લીધી, આ રહી તમારી દવા. આભાને આ સિરીઝના લોકો સાથે કામ કરવાની ખૂબ જ મજા આવી.

## પવન કલ્યાણની પૂર્વ પત્ની ટ્રોલર પર થઇ ગુસ્સાથી લાલચોળ

### બોલી, 'તેમણે મને છોડીને ત્રીજી વખત લગ્ન કર્યા, આ બધી બાબતોથી મને દુ:ખ થાય છે'



સાઉથના જાણીતા એક્ટર અને આંધ્રપ્રદેશના ડેપ્યુટી સીએમ પવન કલ્યાણનું અંગત જીવન ફરી ચર્ચા આવ્યું છે. પવને 2008માં એક્ટ્રેસ રેણુ દેસાઈ સાથે બીજા લગ્ન કર્યા હતા, જે 2012માં તૂટી ગયા હતાં. તેમને બે બાળકો છે, અકીરા અને આધ્યા. રેણુથી છૂટાછેડા પછી પવને ત્રીજી વખત લગ્ન કર્યા, પરંતુ તેમના ફેન્સ હજી પણ રેણુને સોશિયલ મીડિયા પર ટ્રોલ કરે છે અને લગ્નના તૂટવા માટે તેમને જવાબદાર માને છે.


હાલમાં જ ફરી એક ટ્રોલર્સે ટ્રોલ કરતા આ વખતે રેણુએ જડબાતોડ જવાબ આપ્યો અને પવન સાથેના તેના લગ્નને લગતો ખુલાસો પણ કર્યો હતો. પવનના ફેને હાલમાં જ રેણુની એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર કમેન્ટ કરી અને લખ્યું, 'તમે થોડી ધીરજ રાખવી જોઈતી હતી ભાભીજી. તમે એ ભગવાન જેવા માણસને ખોટા સમજ્યા છે. હવે તમે તેમની કિંમત સમજી શકશો પરંતુ મને ખુશી છે કે બાળકો હજુ પણ કલ્યાણ સાથે છે. પવનના ફેન્સની આ કમેન્ટ રેણુને બિલકુલ પસંદ ન આવી. જેના જવાબમાં લખ્યું, 'જો તમારી પાસે થોડી પણ બુદ્ધિ હોત તો તમે આવી કમેન્ટ ન કરી હોત.તેમને મને છોડી હતી અને પછી ત્રીજી વખત લગ્ન કરી લીધા. આઆવી કમેન્ટ ન કરો મને દુ:ખ થાય છે.

### પવન કલ્યાણે ત્રણ વાર લગ્ન કર્યા

પવને ત્રણ લગ્ન કર્યા છે જેમાંથી બે નિષ્ફળ રહ્યા છે. 1997માં નંદિની સાથે લગ્ન કર્યા જે 10 વર્ષ સુધી ચાલ્યા. 2008માં તેમણે કો-સ્ટાર રેણુ સાથે લગ્ન કર્યા અને બંને બે બાળકોના માતા-પિતા બન્યા. તેઓએ 2012માં છૂટાછેડા લીધા હતા. 2013માં તેણે રશિયન મોડલ અન્ના લેઝનેવા સાથે ત્રીજી વખત લગ્ન કર્યા.

અન્નાને તેના પહેલા લગ્નથી એક પુત્રી છે. પવન સાથે લગ્ન કર્યા બાદ અન્નાએ એક પુત્રને જન્મ આપ્યો. હવે પવન ચાર બાળકોનો પિતા છે.

## અમિતે બોલિવૂડ પર નિશાન સાધ્યું: કામ કરવાની રીત બદલાઈ છે, આપણે સ્ટેન્ડ લેવું જોઈએ



(એજન્સી) મુંબઇ |'કાઈ પો છે', 'સુલતાન' અને 'ગોલ્ડ' જેવી ઘણી ફિલ્મોમાં કામ કરી ચૂકેલા એક્ટર અમિત સાધે બોલિવૂડ પર નિશાન સાધ્યું છે. તેણે કહ્યું કે સારી ભૂમિકાઓ કરવા છતાં તેને મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો. બોલિવૂડમાં કામ કરવાની રીત સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. જેના કારણે તે ખૂબ જ દુ:ખી છે.

હાલમાં જ એક ઈન્ટરવ્યુ દરમિયાન અમિત સાધે કહ્યું હતું કે બોલિવૂડમાં જે થઈ રહ્યું છે તે દુ:ખદ છે. સારું કામ કરવા છતાં મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. આપણે એકબીજા માટે ઊભા રહેવાની જરૂર છે. જો કોઈની સાથે કંઈક ખોટું થઈ રહ્યું હોય તો મને લાગે છે કે કોઈએ સ્ટેન્ડ લેવો જોઈએ. પરંતુ લોકો એકબીજાની ટીકા કરે છે. અમિતે કહ્યું- જો કોઈ સારું કામ નથી કરી રહ્યું તો તેના કામની ટીકા કરવી એ યોગ્ય રીત હોવી જોઈએ. પછી તે તેની કારકિર્દીની પ્રથમ ફિલ્મ હોય કે પછી પાંચમી. મારા અભિનયની ટીકા ન થવા બદલ હું આભારી છું. મને હંમેશા સારી તકો મળતી રહે છે.

વર્ક ફ્રન્ટ વિશે વાત કરીએ તો, અભિનેતાએ યુટ્યુબ પર તેનો બાઈકિંગ અને ટ્રાવેલ સંબંધિત શો શરૂ કર્યો છે.

અગાઉ તેઓ મોટરસાઈકલ પર ભારતના પ્રવાસે ગયા હતા. મુંબઈથી શરૂ થયેલી તેમની યાત્રા લેહ લદ્દાખ પહોંચીને પૂર્ણ થઈ હતી. અમિત સાધનું કહેવું છે કે તેમને મુસાફરી કરવાની મજા આવે છે. મોટરસાઈકલ તેમના જીવનનો એક અભિન્ન ભાગ છે. અમિત છેલ્લે શિલ્પા શેટ્ટીની ફિલ્મ 'સુખી'માં જોવા મળ્યો હતો.

## દિલજીત 8 વર્ષની ઉંમરે પ્રેમમાં પડ્યો હતો....

### છોકરીને પ્રપોઝ કર્યું, માતા-પિતાના ડરથી ઘરેથી ભાગી જવાનો પ્રયાસ કર્યો હતો

(એજન્સી) મુંબઇ | દિલજીત દોસાંઝે તાજેતરમાં જ ખુલાસો કર્યો છે કે તેને 8 વર્ષની ઉંમરે સ્કૂલની એક છોકરી સાથે પ્રેમ થઈ ગયો હતો. તેના સિનિયર્સના કહેવા પર તેણે યુવતીને પ્રપોઝ પણ કરી દીધું. પરંતુ યુવતીએ આ વાત શિક્ષકને જણાવી હતી. જ્યારે મામલો આટલો આગળ વધી ગયો ત્યારે દિલજીતને ડર હતો કે જો તેના માતા-પિતાને આ વાતની જાણ થશે તો મોટી ગડબડ થશે. આવી સ્થિતિમાં તેણે ઘરેથી ભાગી જવાનું નક્કી કર્યું, પરંતુ ગામડાના એક વ્યક્તિએ તેનો પ્લાન બરબાદ કરી દીધો.

રાજ શમાનીને આપેલા ઈન્ટરવ્યુમાં દિલજીતે કહ્યું- મેં 8 વર્ષની ઉંમરે ઘરેથી ભાગવાનો પ્રયાસ કર્યો હતો. મારી શાળામાં એક છોકરી હતી, તેના કારણે મેં ઘરેથી ભાગવાનો પ્રયત્ન કર્યો. ખરેખર, જ્યારે હું શાળામાં હતો, ત્યારે મારા કેટલાક સિનિયર્સે પૂછ્યું કે મને કઈ છોકરી પસંદ છે. એક છોકરી તરફ ઈશારો કરીને મેં કહ્યું- મને તે ગમે છે.

ત્યારે સિનિયરોએ કહ્યું કે મારે તે છોકરીને પ્રપોઝ કરવું જોઈએ, તો જ અમે લગ્ન કરી શકીશું. એ લોકોથી પ્રભાવિત થઈને મેં એ છોકરી સમક્ષ મારી લાગણી વ્યક્ત કરી. પરંતુ છોકરી આનાથી ગુસ્સે થઈ ગઈ અને શિક્ષક પાસે ગઈ અને મારા વિશે ફરિયાદ કરી. પછી શિક્ષકે મને માતા-પિતાને શાળાએ લાવવા કહ્યું. આ સાંભળતા જ મને લાગ્યું કે જાણે મારી દુનિયાનો અંત આવી ગયો છે.

દિલજીતે આગળ કહ્યું- હું સ્કૂલ પછી ઘરે ગયો. ફ્રીજમાંથી બે કેળા અને બીજા કેટલાક ફળો કાઢ્યા. પછી સાયકલ લઈને ઘરની બહાર નીકળ્યો. હું મારા ઘરથી માત્ર 5 મિનિટ દૂર ગયો હતો, જ્યારે હું ગામનો એક માણસ મળ્યો. તેણે બૂમ પાડી - તમે ક્યાં જાઓ છો, તમારા ઘરે પાછા જાઓ.

અગાઉ, ગામના અન્ય લોકો પણ પિતાની ક્ષમતામાં ઠપકો આપી શકતા હતા. બધા એક પરિવારની જેમ રહેતા હતા. આ જ કારણથી હું ઈચ્છવા છતાં પણ મારા પ્લાનમાં સફળ ન થઈ શક્યો. પહેલો પ્લાન ફેલ થયા પછી મેં પેટમાં દુખાવાનું બહાનું બનાવ્યું અને બે દિવસ શાળાએ ન ગયો. બીજી તરફ શિક્ષકે પણ મને માફ કરી દીધો.

## સોનાલીની એક ઝલક ના મળતા ફેને આત્મહત્યા કરી લીધી :તળાવમાં કૂદીને જીવ આપી દીધો...





(એજન્સી) મુંબઇ | 90ના દાયકામાં સોનાલી બેન્દ્રેની મજબૂત ફેન ફોલોઈંગ હતી. સોનાલીનો એક પ્રશંસક એટલો ઝનૂની હતો કે અભિનેત્રીની ઝલક ન મળતા તેણે આત્મહત્યા કરી લીધી. રસપ્રદ વાત એ છે કે સોનાલીને પણ આ વિશે જાણ નહોતી. તાજેતરમાં જ્યારે તેને આ વિશે ખબર પડી તો તે આશ્ચર્યચકિત થઈ ગઈ.સોનાલી તાજેતરમાં એક પોડકાસ્ટમાં દેખાઈ હતી જ્યાં તેણીને પૂછવામાં આવ્યું હતું કે શું તેને ખબર છે કે એકવાર તેના ચાહકે ભોપાલમાં તળાવમાં કૂદીને આત્મહત્યા કરી હતી કારણ કે તે તેને જોઈ શક્યો નહોતો.

વાસ્તવમાં સોનાલી કોઈ ઈવેન્ટમાં ભાગ લેવા માટે ભોપાલ ગઈ હતી અને ત્યારબાદ ફેન સોનાલીને જોવા માંગતો હતો પરંતુ તે થઈ શક્યું નહીં અને નિરાશાને કારણે તેણે આત્મહત્યા કરી લીધી. સોનાલીને આ વિશે કોઈ જાણ નહોતી અને જ્યારે તેને ઈન્ટરવ્યુમાં આ વિશે ખબર પડી તો તે ચોંકી ગઈ. તેણે કહ્યું- શું આ સાચું છે? કોઈ આ કેવી રીતે કરી શકે?

જ્યારે સોનાલીને ઈન્ટરવ્યુમાં પૂછવામાં આવ્યું કે શું 90ના દાયકામાં આવી કોઈ ઘટના બની હતી જ્યારે તેના ફેન્સે તેના માટે કંઈક અજુગતું કર્યું હતું. સોનાલીએ કહ્યું, 'અમને ચાહકોના પત્રો આવતા હતા. અમે તપાસ કરવાનું વિચાર્યું કે શું આ વાસ્તવિક લોહીથી લખાયેલ છે. જો આવું થયું હોત તો મને બહુ ખરાબ લાગ્યું હોત. આ પછી અમારી પાસે ફક્ત બે જ વિકલ્પ બચ્યા - કાં તો તેમના વખાણ કરો અથવા આ પત્રો ભૂલી જાઓ. સોનાલીએ કહ્યું, 'ઘણા સેલેબ્સ પ્રત્યે લોકોનું પાગલપન મને સમજાતું નથી, છેવટે, માત્ર કોઈને ગમે છે તો તેના માટે પોતાને જોખમમાં મૂકવાનો અર્થ શું છે?'

સોનાલીએ 1994માં આવેલી ફિલ્મ 'આગ'થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. આ ફિલ્મમાં તેની સામે ગોવિંદા જોવા મળ્યો હતો. ફિલ્મી પડદા સિવાય તેણે ટીવી પર પણ કામ કર્યું છે. તેણે 'ઈન્ડિયન આઈડલ', 'હિન્દુસ્તાન કે હુનરબાઝ' અને 'ઈન્ડિયાઝ બેસ્ટ ડ્રામેબાઝ' જેવા રિયાલિટી શોમાં જજ તરીકે કામ કર્યું છે. સોનાલીની છેલ્લી ફિલ્મ 2022માં રિલીઝ થયેલી 'લવ યુ ઓલવેઝ' હતી. તે જ સમયે, તે વેબ સિરીઝ 'ધ બ્રોકન ન્યૂઝ'ના બીજા ભાગમાં જોવા મળ્યો હતો. સોનાલી આ શ્રેણીના પહેલા ભાગમાં પણ જોવા મળી હતી, જે 10 જૂન, 2022 ના રોજ ZEE5 પર સ્ટ્રીમ કરવામાં આવી હતી.



## સોનાક્ષીનું ડ્રિમ વેડિંગનું હતું સપનું:ખુલાસો કર્યો

### પરિવાર અને મિત્રોની હાજરીમાં બીચ પર લગ્ન કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી...

(એજન્સી) મુંબઇ | સોનાક્ષી સિંહા ઝહીર ઈકબાલ સાથેના લગ્નને કારણે ચર્ચામાં રહે છે. એક રિપોર્ટ અનુસાર બંને 23 જૂને લગ્નની રિસેપ્શન પાર્ટીનું આયોજન કરશે. આ પાર્ટીમાં ઈન્ડસ્ટ્રીના ફેમસ લોકો અને કેટલાક રાજકારણીઓ હાજરી આપી શકે છે. રિપોર્ટ્સ અનુસાર સોનાક્ષીએ લગ્નના તમામ ફંક્શન પ્રાઈવેટ રાખ્યા છે.

આ દરમિયાન સોનાક્ષીનો એક જૂનો ઈન્ટરવ્યૂ વાઈરલ થઈ રહ્યો છે, જેમાં તેમણે કહ્યું હતું કે તેની દિલથી ઈચ્છા છે કે તે વિદેશમાં દરિયા કિનારે લગ્ન કરે. તેમણે પરિવાર અને મિત્રોની હાજરીમાં દરિયા કિનારે ડ્રીમ વેડિંગ કરવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. જો કે, હાલના અપડેટ્સ જોતા એવું લાગે છે કે સોનાક્ષી તેના ડ્રીમ પ્લાનને અનુસરી રહી નથી. 2013માં ફિલ્મફેરને આપેલા એક ઈન્ટરવ્યૂમાં સોનાક્ષીએ કહ્યું હતું કે, મને ધૂમધામવાળા ભારતીય લગ્ન ગમે છે. પણ હું સાદાઈથી લગ્ન કરવા ઈચ્છું છું. જો કે, અંતિમ નિર્ણય માતા-પિતા દ્વારા જ લેવામાં આવશે.

હું પરિવાર અને મિત્રોની હાજરીમાં બીચ પર લગ્ન કરવા માગુ છું. મને ડેસ્ટિનેશન વેડિંગનો કન્સેપ્ટ ગમે છે. જ્યાં લગ્નમાં કોઈ અનિચ્છનીય મહેમાનો ન હોય, ફક્ત નજીકના મિત્રો અને પરિવારના સભ્યો હાજર હોય. આવા લગ્ન માલદીવ અથવા બાલીમાં થઈ શકે છે.

સોનાક્ષીએ એમ પણ કહ્યું હતું કે લગ્નને કારણે તેના કામ પર કોઈ અસર નહીં પડે. પહેલાં તે તેના તમામ પ્રોજેક્ટ્સ પૂરા કરશે, ત્યારબાદ જ તે લગ્નની તૈયારી શરૂ કરશે.

રિપોર્ટ્સ અનુસાર સોનાક્ષી અને ઝહીર ઘણા સમયથી લગ્નનું પ્લાનિંગ કરી રહ્યા હતા. બંને લોકસભાની ચૂંટણી પૂરી થવાની રાહ જોઈ રહ્યા હતા કારણ કે સોનાક્ષીના પિતા શત્રુઘ્ન ચૂંટણીમાં ખૂબ જ વ્યસ્ત હતા.

સોનાક્ષી અને ઝહીર ઈકબાલ 7 વર્ષથી રિલેશનશિપમાં છે. બંનેની પહેલી મુલાકાત સલમાન ખાનની એક પાર્ટીમાં થઈ હતી. થોડા સમયની મિત્રતા પછી આ મુલાકાત પ્રેમમાં પરિણમી હતી.



# ફૂટબોલમાં લગાડેલી ચિપ સ્પીડ અને સચોટ સ્થિતિ બતાવે છે

(એજન્સી) લંડન | તા 18

ફૂટબૉલના મિની વર્લ્ડ કપ એટલે કે યુરો કપ-2024ની શરૂઆત જર્મનીમાં થઇ ચૂકી છે. આ દરમિયાન 10 અલગ અલગ શહેરોમાં 24 ટીમોની વચ્ચે 51 મેચ હશે. 14 જૂનથી 14 જુલાઇ સુધી આયોજિત આ ટૂર્નામેન્ટમાં આ વખતે મુખ્યત્વે એઆઇ આધારિત લિંબ ટ્રેકિંગ, ચિપવાળો બૉલ, સેમી ઑટોમેટેડ વીએઆર અને બૉલ પર નજર રાખતી હૉક આઇ જેવી ફ્યૂચરિસ્ટિક ટેક્નોલોજીનો ઉપયોગ કરાઇ રહ્યો છે. સ્માર્ટ ટેક્નોલોજીની મદદથી રેફરી વધુ સચોટ નિર્ણય લઇ શકે છે. કેટલીક ઈનોવેટિવ ટેક્નોલોજી વિશે.. VAR: રેફરીની નજરમાં ના હોય તેવી ભૂલ પકડે છે VARમાં અધિકારીઓ અલગ-અલગ એન્ગલથી એક્શનનો વીડિયો રિપ્લે જુએ છે જેથી તેઓ ઈનસાઈટ લઈ શકે જે સંભવત: રેફરીની નજરમાં ન હોય. વીએઆર ટીમ મોટા ભાગે 'મેચ બદલનારી સ્થિતિઓ' જેમ કે ગોલ, પેનલ્ટી ક્ષેત્રમાં ભૂલ, રેડ કાર્ડ મામલે થયેલી ચૂક પર નજર રાખે છે.

## ફૂટબોલના મિની વર્લ્ડ કપમાં ઇનોવેટિવ રીતે મૉનિટરિંગથી સચોટ નિર્ણય લેવાશે

### સેમી ઑટોમેટેડ ઑફસાઇડ: 29 પોઇન્ટ્સ પર લાઇવ ટ્રેકિંગ

સ્ટેડિયમમાં લાગેલા કેમેરા ફૂટબોલર્સના શરીરની તમામ મૂવમેન્ટને ટ્રેક કરે છે. કેમેરા દરેક ખેલાડીના શરીરના 29 પોઈન્ટ્સ પર નજર રાખે છે અને પ્રતિ સેકન્ડ 50 વાર ડેટા એકત્ર કરે છે. જેથી ઑફસાઇડ છે કે નહીં તે ખબર પડે. તે વીએઆરને એલર્ટ મોકલે છે. જે પારખીને કન્ફર્મ કરે છે.

### કનેક્ટેડ બોલ: તે બૉલની સચોટ સ્પીડ દર્શાવે છે

દરેક બૉલમાં લાગેલી ચિપ તેની સ્પીડની સચોટ જાણકારી આપે છે. તેનું સેન્સર દર સેકન્ડે 500 વાર વીડિયો ઑપરેશન રૂમમાં ડેટા મોકલે છે. સેમી-ઑટોમેટેડ ઑફસાઇડથી જોડાઈને કામ કરે છે જેથી મહત્ત્વપૂર્ણ ક્ષણો દરમિયાન બૉલની સાથે ખેલાડીઓની સચોટ સ્થિતિ પણ જાણી શકાય. VAR: રેફરીની નજરમાં ના હોય તેવી ભૂલ પકડે છે VARમાં અધિકારીઓ અલગ-અલગ એન્ગલથી એક્શનનો વીડિયો રિપ્લે જુએ છે જેથી તેઓ ઈનસાઈટ લઈ શકે જે સંભવત.

### હૉક આઇ: 14 કેમેરા બોલની મૂવમેન્ટ પર નજર રાખે છે

હૉક આઈથી બોલ ગોલ લાઈનને પાર થયો કે નહીં તે જાણવા મળે છે. જે મેદાનોમાં મેચ થાય છે ત્યાં હૉક આઈના 14-14 કેમેરા હોય છે. તેનાથી બોલની સચોટ સ્થિતિ જાણવા મળે છે. સ્નિકોમીટરથી બોલ ટચ થયો કે નહીં તે ખબર પડે છે. રેફરી નિર્ણય માટે મદદ લે છે. ક્રિકેટમાં તેનો પ્રયોગ થતો રહ્યો છે. 'મેચ બદલનારી સ્થિતિઓ' જેમ થયેલી ચૂક પર નજર રાખે છે.



# બાર્બાડોસ બીચ પર ટીમ ઈન્ડિયાની મસ્તી



નવી દિલ્હી તા 18

ICC T20 વર્લ્ડ કપ 2024માં માત્ર બે લીગ મેચ બાકી છે, જોકે આ બે લીગ મેચનાં પરિણામની સુપર-8ના શિડ્યૂલ પર કોઈ અસર પડશે નહીં. આઠ ટીમ સુપર-8 માટે ક્વોલિફાય થઈ ગઈ છે, જ્યારે બાકીની 12 ટીમ બહાર થઈ ગઈ છે. ભારત પણ સુપર-8માં પહોંચી ગયું છે અને તેણે તેની પ્રથમ સુપર-8 મેચ અફઘાનિસ્તાન સામે 20 જૂને બાર્બાડોસમાં રમવાની છે. ભારતીય ક્રિકેટ ટીમ બાર્બાડોસ પહોંચી ગઈ છે અને સુપર-8 મેચ પહેલાં એક દિવસના બ્રેકનો ભરપૂર આનંદ માણ્યો છે. વિરાટ કોહલી, હાર્દિક પંડ્યા, શિવમ દુબે, સંજુ સેમસન, યુઝવેન્દ્ર ચહલ સહિત ઘણા ભારતીય ક્રિકેટરોએ બીચ પર વોલીબોલની મજા માણી હતી, જે દરમિયાન વિરાટ કોહલી, હાર્દિક પંડ્યા, યશસ્વી જયસ્વાલ અને રિંકુ સિંહે શર્ટલેસ થઈને ફિટનેસનો શો-ઓફ કર્યો. જોકે આ વીડિયોમાં ટીમ ઈન્ડિયાનો કેપ્ટન રોહિત શર્મા દેખાતો નથી. વિરાટ કોહલીએ પ્રથમ ત્રણ મેચમાં રન બનાવ્યા નથી, પરંતુ જે પ્રકારના ફ્રેમ ઓફ માઈન્ડમાં તે જોવા મળી રહ્યો છે, સુપર-8 પહેલાં ટીમ ઈન્ડિયા માટે સારો સંકેત છે. ભારતીય ટીમ T20 વર્લ્ડ કપ 2024માં પાકિસ્તાન, યુએસએ, આયર્લેન્ડ અને કેનેડાની સાથે ગ્રુપમાં હતી. ભારત અને અમેરિકા ગ્રુપમાંથી સુપર-8 માટે ક્વોલિફાય થઈ ગયા છે,

જ્યારે બાકીની ત્રણ ટીમ બહાર થઈ ગઈ હતી. ગ્રુપ-બીમાંથી ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ સુપર-8માં પહોંચ્યા, જ્યારે સ્કોટલેન્ડ, નામિબિયા અને ઓમાન બહાર થઈ ગયા. ગ્રુપ-સીમાંથી અફઘાનિસ્તાન અને વેસ્ટ ઈન્ડીઝ સુપર-8માં સ્થાન મેળવ્યું હતું અને ન્યૂઝીલેન્ડ, યુગાન્ડા અને પાપુઆ ન્યૂ ગીની બહાર થઈ ગયા હતા. ગ્રુપ-ડીની વાત કરીએ તો દક્ષિણ આફ્રિકા અને બાંગ્લાદેશ સુપર-8માં પહોંચ્યા

જ્યારે શ્રીલંકા, નેધરલેન્ડ અને નેપાળ બહાર થઈ ગયા. સુપર-8માં ઈંગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા, વેસ્ટ ઈન્ડીઝ અને અમેરિકા ગ્રુપ-2માં છે, જ્યારે ઓસ્ટ્રેલિયા, ભારત, અફઘાનિસ્તાન અને બાંગ્લાદેશ ગ્રુપ-1માં છે.

ભારતે 20મી જૂને અફઘાનિસ્તાન સામે, 22મી જૂને બાંગ્લાદેશ સામે અને 24મી જૂને ઓસ્ટ્રેલિયા સામે મેચ રમવાની છે. સુપર-8માં બંને ગ્રુપમાંથી ટોપ-2 ટીમ સેમિફાઈનલમાં પ્રવેશ કરશે.

## વેસ્ટ ઈન્ડિઝના બેટરનો અનોખો રેકોર્ડ

વર્લ્ડ કપમાં વેસ્ટ ઈન્ડિઝ અને અફઘાનિસ્તાન વચ્ચે મુકાબલો થયો હતો. આ મેચમાં વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેનોનો તોફાની અંદાજ જોવા મળ્યો હતો. આ મેચમાં વેસ્ટ ઈન્ડિઝના બેટ્સમેનોએ અફઘાનિસ્તાનની મજબૂત બોલિંગ લાઈન-અપની ધજિયા ઉડાવી દીધી હતી. આ મેચમાં વેસ્ટ ઈન્ડિઝે T20 વર્લ્ડ કપનો એક ખાસ રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે. આ મેચમાં વેસ્ટ ઈન્ડિઝે T20 વર્લ્ડ કપ 2024નો હાઈ સ્કોર પણ બનાવ્યો છે.આ મેચમાં પ્રથમ બેટિંગ કરતા વેસ્ટ ઈન્ડિઝે 20 ઓવરમાં 5 વિકેટ ગુમાવીને 218 રન બનાવ્યા હતા. જે આ સિઝનનો સૌથી મોટો સ્કોર છે. આ ઉપરાંત પાવરપ્લેમાં પણ વેસ્ટ ઈન્ડિઝે સૌથી મોટો સ્કોર પણ બનાવ્યો છે. T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં આજ સુધી કોઈ પણ ટીમ પાવરપ્લેમાં આટલો મોટો સ્કોર નથી.

## બાબર આઝમે ધોનીના જુના રેકોર્ડને ધ્વસ્ત કર્યો

પાકિસ્તાનની ક્રિકેટ ટીમની T20 વર્લ્ડકપની સફર બે દિવસ અગાઉની મેચમાં વરસાદને પગલે સમાપ્ત થઈ હતી. જોકે આયર્લેન્ડ સામેની અંતિમ ઔપચારિક મેચમાં પણ પાકિસ્તાની હાલત કફોડી બની હતી. અંતે બાબર આઝમની આગેવાની હેઠળની પાકિસ્તાની ક્રિકેટ ટીમે આયર્લેન્ડ સામેની જીત સાથે T20 વર્લ્ડ કપમાં પોતાના અભિયાનનો અંત કર્યો હતો. રફતારના જાદુગરની ટેગ લાઈન સાથે ટૂર્નામેન્ટમાં પ્રવેશ કરનાર પાકિસ્તાનની સમગ્ર ટીમ લયમાં નહોતી જોવા મળી અને અંતિમ મેચમાં પણ સ્થિતિ આવી જ કઈંક હતી.107 રન ચેઝ કરતા આયર્લેન્ડ સામે પણ પાક મુશ્કેલીમાં મુકાયું હતુ, પરંતુ બાબર આઝમની લડાયક કેપ્ટનશીપની ઈનિંગ્સના આધારે ટીમે 3 વિકેટે જીત હાંસલ કરી હતી. બાબરે આયર્લેન્ડ સામેની મેચમાં સર્વાધિક 32 રનની ઈનિંગ રમીને લો સ્કોરિંગ મુકાબલામાં ટીમને જીત તરફ દોરી હતી. આ 32 રન સાથે બાબરે ટી20 વર્લ્ડ કપમાં કેપ્ટન તરીકે એમસ ધોનીને પાછળ રાખીને રેકોર્ડ નંબર-1 સ્થાન હાંસલ કર્યું છે.બાબર આઝમ હવે T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં કેપ્ટન તરીકે સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બની ગયો છે. આ મેગા ટૂર્નામેન્ટમાં અત્યારસુધી રમાયેલી 17 ઈનિંગ્સમાં 36.60ની એવરેજ અને 549 રન બનાવ્યા છે.

## 'આ તો કંઈ ક્રિકેટ ટીમ કહેવાય, ક્યારેય નથી જોઈ આવી...',


(એજન્સી) ન્યૂયોર્ક | તા 18



T20 વર્લ્ડકપ-2024 પહેલા ગેરી કર્સ્ટન પાકિસ્તાનની ક્રિકેટ ટીમના હેડ કોચ બન્યા હતા. તેમનાં નેતૃત્વમાં પાકિસ્તાની ટીમ સુપર-8માં પણ સ્થાન મેળવી શકી ન હતી. અને સમગ્ર T20 વર્લ્ડ કપ દરમિયાન ટીમનું પ્રદર્શન ખરાબ રહ્યું હતું. કર્સ્ટને ટીમની ફિટનેસ અને ટેલેન્ટ ઉપર જ સવાલ કરી દીધા છે. ટીમમાં ખેલાડીઓ વચ્ચે એકતાનો અભાવ હોવાનું પણ તેમને કહ્યું હતું. કર્સ્ટનનું નિવેદન એવા સમયે આવ્યું છે જ્યારે થોડા દિવસો પહેલા વસીમ અકરમે દાવો કર્યો હતો કે બાબર આઝમ અને શાહીન આફ્રિદી વચ્ચે વાતચીત બંધ થઈ ગઈ છે. પાકિસ્તાન T20 વર્લ્ડ કપમાં 4માંથી 2 મેચો જ જીતી શક્યું હતું. ભારત અને એમેરિકા સામે ટીમને હારનો સામનો કરવો પડ્યો હતો. ટીમમાં એકતાનો અભાવ મીડિયા અહેવાલ અનુસાર ગેરી કર્સ્ટને T20 વર્લ્ડ કપમાં ટીમના નબળા પ્રદર્શનને લઈને ખેલાડીઓ સાથે ચર્ચા કરી હતી. કર્સ્ટને જણાવ્યું હતું કે, તેઓ જ્યારથી ટીમ સાથે જોડાયા છે ત્યારથી ખેલાડીઓમાં એકતાનો અભાવ જોઈ રહ્યા છે. તેઓ એકબીજાને સપોર્ટ નથી કરી રહ્યા. કોચે આગળ કહ્યું, તેઓએ ઘણી ટીમ સાથે કામ કર્યુ છે. પરંતુ ક્યારેય ખેલાડીઓમાં એકતાનો અભાવ જોયો નથી.

## ભારતીય મૂળના સાહિલ ચૌહાણે T20 ઈન્ટરનેશનલમાં ફાસ્ટેસ્ટ સેન્ચુરી ફટકારી

(એજન્સી) ન્યૂયોર્ક | તા 18




એસ્ટોનિયાનો અને ભારતીય મૂળનો સાહિલ ચૌહાણ T-20 ઈન્ટરનેશનલમાં સૌથી ઝડપી સદી ફટકારનાર બેટર બની ગયો છે. સાહિલે સાઇપ્રસ સામે 27 બોલમાં સદી ફટકારીને નવો વર્લ્ડ રેકોર્ડ બનાવ્યો હતો. આ મેચ સોમવારે સાઇપ્રસના એપિસ્કોપીમાં રમાઈ હતી. સાહિલે 41 બોલમાં 144 રનની ઈનિંગ રમી હતી. જેમાં 6 ચોગ્ગા અને 18 છગ્ગાનો સમાવેશ થાય છે. સાહિલની આ ઈનિંગના આધારે એસ્ટોનિયાએ 13 ઓવરમાં 191 રનના ટાર્ગેટને ચેઝ કર્યો હતો અને સાઇપ્રસ પર 6 વિકેટે જીત મેળવી હતી. જેન નિકોલનો 4 મહિના જૂનો રેકોર્ડ તૂટ્યો સાહિલે ચાર મહિના પહેલા નામિબિયન બેટર જેન નિકોલ લોફ્ટી-ઈટનનો રેકોર્ડ તોડ્યો હતો. જેન નિકોલ લોફ્ટી-ઈટને ત્રિકોણીય શ્રેણીની પ્રથમ મેચમાં નેપાળ સામે માત્ર 33 બોલમાં તેની સદી પૂરી કરી હતી.પોતાની શાનદાર બેટિંગથી સાહિલે વેસ્ટ ઈન્ડિઝના વિસ્ફોટક બેટર ક્રિસ ગેલનો રેકોર્ડ પણ તોડી નાખ્યો. 2013 IPLમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ (RCB) તરફથી રમતા ગેલે પુણે વોરિયર્સ સામે માત્ર 30 બોલમાં સદી ફટકારી હતી. તેણે ભારતીય વિકેટકીપર બેટર રિષભ પંતને પણ પાછળ છોડી દીધો, જેણે 2018માં દિલ્હી તરફથી રમતી વખતે હિમાચલ પ્રદેશ સામે 32 બોલમાં સદી ફટકારી હતી.સાઇપ્રસ પર એસ્ટોનિયાની મોટી જીત બીજી T-20 મેચમાં સાઇપ્રસે ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. સાઇપ્રસના મિડલ ઓર્ડર બેટર તરનજીત સિંહે 17 બોલમાં બે ચોગ્ગા અને પાંચ છગ્ગાની મદદથી 44 રનની ઈનિંગ રમી હતી. સાઇપ્રસે 20 ઓવરમાં સાત વિકેટે 191 રન બનાવ્યા હતા. જવાબમાં એસ્ટોનિયાની શરૂઆત સારી રહી ન હતી. ટીમે માત્ર 40 રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, એસ્ટોનિયાએ 13 ઓવરમાં ચાર વિકેટે 194 રન બનાવીને જીત મેળવી હતી. આ પહેલાં સોમવારે એસ્ટોનિયાએ પ્રથમ મેચમાં સાઇપ્રસને પાંચ વિકેટે હરાવ્યું હતું. આ રીતે એસ્ટોનિયાએ છ મેચની T-20 શ્રેણીમાં 2-0ની સરસાઈ મેળવી લીધી છે. હવે બંને ટીમ વચ્ચે મંગળવારે ત્રીજી અને ચોથી T20 મેચ રમાશે.

## વેસ્ટ ઈન્ડિઝે રચ્યો ઈતિહાસ, T20 વર્લ્ડકપમાં આ કારનામું કરનારી વિશ્વની પ્રથમ ટીમ

T20 વર્લ્ડકપ 2024ની 40મી મેચ વેસ્ટ ઈન્ડિઝ અને અફઘાનિસ્તાન વચ્ચે રમાઈ રહી છે. આ મેચ દ્વારા, વેસ્ટ ઈન્ડિઝે T20 વર્લ્ડકપમાં પાવર પ્લેમાં સૌથી વધુ સ્કોર બનાવ્યો છે. વેસ્ટ ઈન્ડિઝે 10 વર્ષ જૂનો રેકોર્ડ તોડ્યો હતો. આ પહેલા T20 વર્લ્ડકપના પાવર પ્લેમાં સૌથી વધુ સ્કોર 2014માં બન્યો હતો. વેસ્ટ ઈન્ડિઝે અફઘાનિસ્તાન સામે પાવર પ્લેમાં 1 વિકેટના નુકસાને 92 રન બનાવ્યા હતા. આ પહેલા T20 વર્લ્ડકપમાં પાવર પ્લેનો સૌથી વધુ સ્કોર બનાવવાનો રેકોર્ડ નેધરલેન્ડના નામે હતો. T20 વર્લ્ડકપ 2014માં, નેધરલેન્ડ્સે, સિલ્હટમાં આયર્લેન્ડ સામે રમતી વખતે, પાવર પ્લેમાં એટલે કે પ્રથમ 6 ઓવરમાં 1 વિકેટના નુકસાને 91 રન બનાવ્યા હતા. હવે આ રેકોર્ડ વેસ્ટ ઈન્ડિઝે તોડ્યો છે. નિકોલસ પુરન સદી ચૂકી ગયો સેન્ટ લુસિયાના ડેરેન સેમી નેશનલ ક્રિકેટ સ્ટેડિયમમાં રમાઈ રહેલી મેચમાં અફઘાનિસ્તાને ટોસ જીતીને બોલિંગ કરવાનો વેસ્ટ ઈન્ડિઝે 20 ઓવરમાં 5 વિકેટે 218 રન બનાવ્યા હતા.

## ન્યૂઝીલેન્ડના લોકી ફર્ગ્યુસને રચ્યો ઈતિહાસ, પહેલીવાર નોંધાયો આવો રેકોર્ડ

(એજન્સી) ન્યૂયોર્ક | તા 18



વર્લ્ડ કપની 39મી મેચ ન્યુઝીલેન્ડ અને પાપુઆ ન્યુ ગીની વચ્ચે ત્રિનિદાદના બ્રાયન લારા સ્ટેડિયમમાં રમાઈ હતી. આ મેચમાં ફાસ્ટ બોલર લોકી ફર્ગ્યુસને ઘાતક બોલિંગ કરીને ઈતિહાસ રચ્યો હતો. તેની બોલિંગના આંકડા જોઈને તમારા પણ હોંશ ઉડી જશે. લોકી ફર્ગ્યુસને T20 વર્લ્ડ કપ 2024ની 39મી મેચમાં પોતાની સ્પેલમાં એક પણ રન ન આપ્યો અને ત્રણ વિકેટ પણ ઝડપી હતી. તે T20 વર્લ્ડ કપના ઈતિહાસમાં એક મેચમાં 4 મેડન ઓવર ફેંકનાર વિશ્વનો પ્રથમ ખેલાડી બની ગયો છે. ICC મેન્સ T20 વર્લ્ડ કપ 2024માં લોકી ફર્ગ્યુસને પાપુઆ ન્યુ ગિની સામેની મેચમાં પુરુષ T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ઈતિહાસમાં સૌથી ઘાતક બોલિંગ કરવાનો રેકોર્ડ બનાવ્યો હતો. તેણે પોતાની સ્પેલમાં 0 રન આપીને ત્રણ વિકેટ ઝડપી હતી. T20 વર્લ્ડ કપમાં આવું કરનાર તે વિશ્વનો પ્રથમ બોલર બની ગયો છે, જ્યારે આંતરરાષ્ટ્રીય T20માં આ સિદ્ધિ મેળવનાર તે બીજો બોલર બન્યો છે. આ પહેલા કેનેડાના સાદ બિન ઝફરે 2021માં પનામા સામેની ટી-20 મેચમાં 4 ઓવરમાં 4 મેડન ફેંકીને બે વિકેટ ઝડપી હતી. ન્યૂઝીલેન્ડે ICC T20 વર્લ્ડ કપના ગ્રુપ C મેચમાં પાપુઆ ન્યૂ ગિનીને 78 રનમાં આઉટ કરી દીધી હતી. બંને ટીમો પહેલેથી જ સુપર આઠમાં સ્થાન મેળવવાની રેસમાંથી બહાર થઈ ચૂકી છે, તેથી આ માત્ર ઔપચારિકતા મેચ છે. ગ્રુપ-Cમાંથી અફઘાનિસ્તાન અને સહ યજમાન વેસ્ટ ઈન્ડિઝે સુપર-8માં એન્ટ્રી મારી લીધી છે. T20 વર્લ્ડ કપ 2024માં સામેલ થનારી 20માંથી 12 ટીમો આગામી રાઉન્ડ (સુપર-8) માટે ક્વોલિફાય કરી ચૂકી છે.

## T20 વર્લ્ડકપની વચ્ચે આ સ્ટાર ઓલરાઉન્ડરે ક્રિકેટ જગતને કહ્યું અલવિદા

સાયબ્રાન્ડ એન્જેલબ્રેક્ટનો જન્મ 1988 માં જોહાનિસબર્ગ, દક્ષિણ આફ્રિકામાં થયો હતો. તેણે 35 વર્ષની ઉંમરે 2023માં નેધરલેન્ડ માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પ્રવેશ કર્યો હતો. તે 2008ના મેન્સ અંડર-19 વર્લ્ડકપમાં દક્ષિણ આફ્રિકા માટે રમ્યો હતો. તે ટુર્નામેન્ટ બાદ, સાયબ્રાન્ડ સાયબ્રાન્ડ એન્જેલબ્રેક્ટ કેપ કોબ્રાસ માટે 2008/09 થી 2015/16 સુધી અને વેસ્ટર્ન પ્રોવિંસ માટે 2009/10 થી 2016/17 સુધી સાઉથ આફ્રિકાના ઘરેલુ ક્રિકેટમાં ત્રણેય ફોર્મેટમાં રમ્યો અને સારું પ્રદર્શન કર્યું, પરંતુ તેને મેન્સ સિનિયર ટીમમાં રમવાની તક મળી ન હતી. ટીમ માટે સારું પ્રદર્શન કર્યું સાયબ્રાન્ડ એન્જેલબ્રેક્ટ હંમેશા તેની શાનદાર બેટિંગ માટે જાણીતો છે. તેણે નેધરલેન્ડ ટીમ માટે ઘણી મહત્વપૂર્ણ મેચો પણ પોતાના દમ પર જીતી હતી. ગયા વર્ષે જ્યારે નેધરલેન્ડની ટીમ ODI વર્લ્ડકપ 2023 માટે ક્વોલિફાય થઈ હતી.

## ભારતના પૂર્વ કેપ્ટને બાબરને સંન્યાસ લેવા સલાહ આપી

(એજન્સી) નવી દિલ્હી | તા 18

વિશ્વભરના અનેક દિગ્ગજ ક્રિકેટર્સનુ માનવુ છે કે, બાબર આઝમ વન ડે અને ટેસ્ટ ક્રિકેટનો શ્રેષ્ઠ ખેલાડી છે. પરંતુ ટી20 ફોર્મેટ અનુસાર રમી શકતો નથી. જ્યારે અમુક ક્રિકેટર્સ તેના ખરાબ પ્રદર્શનના કારણે ટીખળ ઉડાવતાં પણ નજરે ચડ્યા છે. ભારતીય ટીમના પૂર્વ દિગ્ગજ ક્રિકેટર અને કેપ્ટન કૃષ્ણમ્માચારી શ્રીકાંતે બાબર આઝમને સલાહ આપી છે કે, તેણે ટી20 ક્રિકેટમાંથી સંન્યાસ લઈ લેવો જોઈએ. શ્રીકાંતે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, બાબર ટી20 ક્રિકેટમાં 112-115 સ્ટ્રાઈક રેટ સાથે રમી શકશે નહીં. જેથી તેણે સંન્યાસ લઈ લેવો જોઈએ. કારણકે, તે ટી20નો ખેલાડી જ નથી. ટી20 વર્લ્ડ કપમાં બાબરની નબળી બેટિંગ ટી20 વર્લ્ડ કપ 2024માં પાકિસ્તાનના ચાહકોને બાબર આઝમ પાસે ખૂબ અપેક્ષા હતી, પરંતુ તે ફ્લોપ રહ્યા. તેના ખરાબ પ્રદર્શનનો અંદાજ લગાવી શકો છો કો, તેની કેપ્ટિનશીપ હેઠળ પાકિસ્તાન ટી20 વર્લ્ડ કપમાં કુલ ચાર મેચમાં હાર્યું છે. ચાર મેચમાં માત્ર 122 રન જ બનાવી શક્યા છે. બાબર આઝમે યુએસએ સામે 44, ભારત સામે 13, કેનેડા સામે 33 અને આયર્લેન્ડ સામે અણનમ 32 રન બનાવ્યા હતા. આ સમયગાળા દરમિયાન તેનો સ્ટ્રાઈક રેટ 100થી નીચે રહ્યો હતો. હાલમાં બાબર આઝમ T20 ફોર્મેટમાં સૌથી વધુ રન બનાવનાર પ્રથમ બેટ્સમેન છે. પરંતુ તેનો સ્ટ્રાઈક રેટ એકદમ ધીમો છે. તેણે પાકિસ્તાન ટીમ માટે અત્યાર સુધીમાં કુલ 123 મેચોમાં ભાગ લીધો છે.

# બાબરે કહ્યું- પાકિસ્તાન કોઇ એક ખેલાડીના કારણે નથી હાર્યું

(એજન્સી) કરાંચી | તા 18

પાકિસ્તાન ક્રિકેટ ટીમના કેપ્ટન બાબર આઝમનું માનવું છે કે, ટીમના તમામ ખેલાડીઓ ટીમવર્કમાં નિષ્ફળ ગયા અને આ જ કારણ છે T20 વર્લ્ડ કપમાં તેમનો ફ્લોપ શો. સુપર-8માં પહોંચતાં પહેલાં જ બહાર થઈ ગયેલા પાકિસ્તાનને રવિવાર, 16 જૂને ફ્લોરિડામાં આયર્લેન્ડ સામે આશ્વાસનજનક જીત મળી હતી. જો કે, ટીમની બેટિંગ ફરી એકવાર સબપાર હોવાથી તેમને જીતવા માટે સખત મહેનત કરવી પડી હતી. જીત બાદ પ્રેસ કોન્ફરન્સમાં બાબરે કહ્યું કે, પાકિસ્તાનનું ખરાબ પ્રદર્શન કોઈ એક વ્યક્તિના કારણે નથી. હું બીજા બધા માટે રમી શકતો નથી, અમે વસ્તુઓને યોગ્ય રીતે ચલાવી શક્યા નથી.

**સુકાનીપદ અંગે પીસીબીનો નિર્ણય: બાબર :** બાબરે કહ્યું કે, જ્યાં સુધી કેપ્ટનશિપનો સવાલ છે, અગાઉ મેં મારા મનથી કેપ્ટનશિપ છોડી દીધી હતી. મેં જાતે જ તેની જાહેરાત કરી હતી. જ્યારે કેપ્ટન્સી પાછી આપવામાં આવે છે, તે PCB (પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ)નો નિર્ણય છે. હવે અમે જઈશું, બેસીને ચર્ચા કરીશું અને પછીથી આ નિર્ણય લઈશું. જોકે, જ્યારે મારે સુકાનીપદ છોડવું પડશે ત્યારે હું ખૂલીને કહીશ. જે થશે તે સામે થશે. અત્યારે મેં તેના વિશે કંઈ વિચાર્યું નથી. જે પણ નિર્ણય લેવામાં આવશે તે પીસીબી દ્વારા લેવામાં આવશે.

**અમે ટીમની જેમ રમી શક્યા નથી: બાબર :** બાબર આઝમે વધુમાં કહ્યું કે, 'બધા દુ:ખી છે. અમે એક ટીમ તરીકે રમ્યા નથી. મેં તમને કહ્યું કે અમે એક ખેલાડીના કારણે નથી હાર્યા. અમે એક ટીમ તરીકે હારી રહ્યા છીએ. હું આ કોઈ એક વ્યક્તિના કારણે નથી કહી રહ્યો. તમે ઈશારો કરી રહ્યા છો કે કેપ્ટનના કારણે અમે હારી ગયા, પરંતુ હું દરેક ખેલાડીની જગ્યાએ રમી શકતો નથી. ત્યાં 11 ખેલાડીઓ છે અને મહેનત કરવી પડી હતી. જીત બાદ પ્રેસ કોન્ફરન્સમાં બાબરે કહ્યું કે, પાકિસ્તાનનું ખરાબ પ્રદર્શન કોઈ એક વ્યક્તિના કારણે નથી.

### અમે બેટિંગમાં સારો દેખાવ કરી શક્યા નહીં: બાબર

પિચ વિશે વાત કરતાં બાબરે કહ્યું કે, અહીંની પિચ ઝડપી બોલરોને થોડી મદદ કરી રહી હતી. અમારી બેટિંગ ક્લિક ન થઈ. જ્યારે વસ્તુઓ અમારા હાથમાં આવી ત્યારે અમે વિકેટો ગુમાવી દીધી, ત્યાર બાદ અમે બે મહત્ત્વપૂર્ણ મેચ હારી. અમે આગળ વધી રહ્યા હતા, દબાણ બીજી ટીમ પર હતું, પરંતુ જ્યારે બેક-ટુ-બેક વિકેટો પડે છે ત્યારે તમારા પર દબાણ આવે છે.



## સંક્ષિપ્ત સમાચાર

### LOC પહોંચ્યા પાક આર્મી ચીફ, કાશ્મીરનો મુદ્દો: કહ્યું- ભારત કાશ્મીરીઓ પર અત્યાચાર કરી રહ્યું છે

પાકિસ્તાનના આર્મી ચીફ અસીમ મુનીર સોમવારે બકરી ઈદના અવસર પર એલઓસી પહોંચ્યા હતા. અહીં તેમણે ફરી એકવાર કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો છે. પાકિસ્તાની મીડિયા જિયો ન્યૂઝ અનુસાર, મુનીરે કહ્યું કે તેઓ કાશ્મીરીઓ પર થતા અત્યાચારની નિંદા કરે છે. પાકિસ્તાની સેનાના અધિકારીઓને સંબોધતા આર્મી ચીફે કહ્યું, 'ભારત તાજેતરની ચૂંટણીઓથી કાશ્મીરમાં પોતાના અત્યાચારને છુપાવવા માટે પાકિસ્તાન વિરુદ્ધ જુઠાણું ફેલાવી રહ્યું છે. તે હવે ભારતમાં એક રાજકીય સાધન બની ગયું છે.' PAK આર્મી ચીફે કહ્યું- દેશને જોખમ હોય તો જવાબ આપવા તૈયાર મુનીરે કહ્યું કે પાકિસ્તાન હંમેશા કાશ્મીરમાં શાંતિની વકાલત કરતું આવ્યું છે. અમે સંયુક્ત રાષ્ટ્ર (યુએન)ના ઠરાવ હેઠળ આ મુદ્દાને શાંતિપૂર્ણ રીતે ઉકેલવા માગીએ છીએ. પરંતુ જો પાકિસ્તાનની પ્રાદેશિક અખંડિતતાને કોઈ જોખમ છે તો અમે તેનો જવાબ આપવા તૈયાર છીએ.આ પહેલા 7 જૂને ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે બેઈજિંગમાં દ્વિપક્ષીય બેઠક દરમિયાન પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે કાશ્મીરનો મુદ્દો ઉઠાવ્યો હતો. બેઠક બાદ જારી સંયુક્ત નિવેદનમાં ચીને કહ્યું હતું કે તે જમ્મુ-કાશ્મીરમાં ભારતની એકતરફી કાર્યવાહીનો વિરોધ કરે છે.ચીને કહ્યું હતું કે આ મુદ્દે ભારત અને પાકિસ્તાન વચ્ચે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. આ મુદ્દો યુએન ચાર્ટર અને યુનાઈટેડ નેશન્સ સિક્યુરિટી કાઉન્સિલ (યુએનએસસી) ઠરાવો હેઠળ શાંતિપૂર્ણ રીતે ઉકેલવો જોઈએ.

### સાઉદી અરબમાં ગરમીથી લાખો હજયાત્રીઓ પરેશાન, લૂ થી જોર્ડનના 19 યાત્રીના મોત

ભીષણ ગરમીના કહેરથી ભારત જ નહી દુનિયાના અનેક દેશો પરેશાન છે. હજયાત્રા પર સાઉદી અરબ ગયેલા ૧૯ લોકોના લૂ લાગવાથી મોત થયા છે જયારે ૧૭ લાપતા થયા છે. લૂ થી મરનારા તમામ જોર્ડનના નાગરિકો હોવાનું બહાર આવ્યું છે. જોર્ડનના વિદેશમંત્રાલયના જણાવ્યા અનુસાર મૃતકોને દફનાવવા અથવા તો જોર્ડન પાછા લાવવા માટે સઉદી અધિકારીઓના સંપર્ક કરી રહયા છીએ. આ ઉપરાંત ઈરાની રેડ ક્રિસેંટને પણ પાંચ ઈરાની યાત્રીઓના મોત થયાની પુષ્ટી કરી છે.

મક્કામાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર કરી ગયું છે જે વધીને ૪૫ થી ૪૭ સુધી પહોંચે તેવી શકયતા છે. સઉદી અરબમાં ભીષણ ગરમીનો અનુભવ થઇ રહયો છે પરંતુ ગરમીથી મોત થવા અંગે સાઉદીના અધિકારીઓ દ્વારા કોઇ જ સ્પષ્ટતા કરવામાં આવી નથી. તપતી ગરમીની વચ્ચે વિશ્વ ભરમાંથી ૧૮ લાખ કરતા પણ વધુ લોકો હજ માટે મક્કા પહોંચ્યા લાખથી વધુ લોકો ભાગ લે તેવી શકયતા છે.કોરોના મહામારી પછી હજયાત્રીઓની સંખ્યામાં જે ઘટાડો થયો હતો તેના સ્થાને આ વર્ષે હાઈએસ્ટ સંખ્યામાં યાત્રાળુઓ જોવા મળે છે.

### સતત ઓનલાઈન રહેવું અને સોશિયલ મીડિયાને વાસ્તવિક દુનિયા સમજી પોતાના પરથી અંકુશ ગુમાવી છે,

થોડા દિવસો પહેલાં એક વીડિયોમાં 10 વર્ષની બાળકીને મોંઘી બ્રાન્ડની સ્કિન પ્રોડક્ટ્સનાં વખાણ તેમજ એન્ડોર્સ કરતી બતાવવામાં આવતાં સોશિયલ મીડિયા યુઝર્સ અને એક્સપર્ટે વાંધો ઉઠાવ્યો હતો. તેમની દલીલ હતી કે બાળકીઓને આ પ્રોડક્ટની કોઈ જરૂર નથી અને આવનારાં વર્ષોમાં પણ પડશે નહીં. એ જ રીતે હવે મધ્યમ વર્ગમાં ભણતાં બાળકો પણ જીમમાં જોડાવા લાગ્યાં છે. નિષ્ણાતોના મતે આ બ્રેન રોટની સ્થિતિ છે.બ્રેન રોટ એટલે ડિજિટલ મીડિયાના વધુ પડતા ઉપયોગને લીધે વિચારવાની ક્ષમતામાં ઘટાડો. વાસ્તવમાં જ્યારે આપણે જરૂરિયાત કરતાં વધુ ઑનલાઈન રહીએ છીએ અને સોશિયલ મીડિયા પર વધુ સમય વિતાવીએ છીએ ત્યારે આપણે તેને વાસ્તવિક દુનિયા તરીકે સમજવાનું શરૂ કરીએ છીએ. તેમની વાતચીતમાં પણ ઈન્ટરનેટ જગતના વધુ શબ્દો છે. બોસ્ટન ચિલ્ડ્રન્સ હોસ્પિટલના ડિજિટલ વેલનેસ લેબના વડા ડો. માઈકલ રિચના જણાવ્યા અનુસાર ઈન્ટરનેટ કન્ટેન્ટ મગજમાં એ રીતે સમાવી જાય છે કે લોકો શું બોલે છે તે વાતનું પણ ભાન રહેતું નથી.

### રશિયા સાથે યુધ્ધના સ્થાને શાંતિ માટે યુક્રેનના રાષ્ટ્રપતિ ઝેલેંસ્કીએ કર્યો ખુલાસો

સ્વિત્ઝર્લેન્ડમાં રશિયા અને યુક્રેનને લઈને શાંતિ શિખર સંમેલનનું આયોજન થયું હતું, યુક્રેન અને રશિયા વચ્ચે છેલ્લા અઢી વર્ષથી યુદ્ધ ચાલે છે. યુક્રેનને નાટો સંગઠન અને પશ્ચિમી દેશોનું પીઠબળ હોવાથી રશિયા માટે યુદ્ધ જીતવું મુશ્કેલ બની ગયું છે. બંને દેશો વચ્ચે ખુંવારીનો આંક ઉંચો હોવાથી માનવીય કારણોસર યુદ્ધ વિરામ થાય તે વિશ્વશાંતિની દિશામાં ખૂબજ મહત્વનું છે તેનો વધુ એક પ્રયાસ સ્વિત્ઝર્લેન્ડમાં થયો છે. યુક્રેની રાષ્ટ્રપતિએ વૈશ્વિક ખાદ્ય સુરક્ષાનો મુદ્દો ઉઠાવતા જણાવ્યું હતું કે ખાદ્ય ઉત્પાદનો અને તેનો પુરવઠો વિશ્વમાં અન્ન સુરક્ષા માટે મહત્વનો છે. અન્નનો વેપાર પૂર્ણ રીતે મુકત અને સુરક્ષિત હોવો જોઈએ. આઝોવ સાગરમાં સમુદ્રી બંદરગાહો સુધી સરળ પહોંચ હોય તે જરુરી છે. ખાદ્ય સુરક્ષાને કોઈએ પણ હથિયારની જેમ ઉપયોગ કરવો જોઈએ નહી. યુક્રેની કૃષિ ઉત્પાદનો જરુરિયાતમંદો સુધી પહોંચવા જરુરી છે. ઉલ્લેખનીય છે.

## પન્નુ પર ઘાતક હુમલાનું ષડયંત્ર ન્યૂયોર્કમાં ઘડવામાં આવ્યું હતું

# આરોપી નિખિલ ગુપ્તાનો પહેલો વીડિયો જાહેર:અધિકારીઓ તેને અમેરિકા લઈ જતા દેખાયા



**(એજન્સી) લંડન | તા 18**

ફૂટેજમાં અમેરિકન પોલીસ અધિકારીઓ નિખિલ ગુપ્તાને પ્લેનમાં લઈ જતા જોવા મળે છે. ચેક રિપબ્લિકન્સે આ વીડિયો જાહેર કર્યો છે. ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંત સિંહ પન્નુની હત્યાના કાવતરાના કેસમાં આરોપી નિખિલ ગુપ્તાને સોમવારે યુએસ કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. આ દરમિયાન તેણે પોતાને નિર્દોષ જાહેર કર્યા છે. 16 જૂને ચેક રિપબ્લિકથી અમેરિકા પહોંચેલા નિખિલનો પહેલો વીડિયો પણ સામે આવ્યો છે. જેમાં પ્રાગ અને અમેરિકન પોલીસ નિખિલને પ્લેનમાં બેસાડતા જોવા મળે છે. અમેરિકન એજન્સીઓના રિપોર્ટ પર ગયા વર્ષે 30 જૂને ચેક રિપબ્લિક દ્વારા નિખિલની ધરપકડ કરવામાં આવી હતી. અમેરિકાએ આરોપ લગાવ્યો હતો કે પન્નુ પર ઘાતક હુમલાનું ષડયંત્ર ન્યૂયોર્કમાં ઘડવામાં આવ્યું હતું. આમાં ભારતનો હાથ હતો. આ ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું હતું. અમેરિકન એજન્સીઓ અનુસાર આ પ્લાનિંગ પીએમ મોદીના અમેરિકા પ્રવાસ દરમિયાન કરવામાં આવ્યું હતું.

### પન્નુને મારવા માટે 83 લાખ રૂપિયા આપવામાં આવ્યા હતા

ચાર્જશીટમાં ભારતીય નાગરિક નિખિલ ગુપ્તા પર પન્નુની હત્યાનું કાવતરું ઘડવાનો આરોપ છે. તેમાં લખ્યું છે કે, ભારતના એક પૂર્વ CRPF ઓફિસરે તેને પન્નુની હત્યાની યોજના બનાવવા કહ્યું હતું. નિખિલે કામના બદલામાં 83 લાખ રૂપિયા આપવા માટે એક વ્યક્તિ સાથે સોદો કર્યો હતો. જો કે આ માહિતી 22 નવેમ્બરે આપવામાં આવી હતી. પન્નુની હત્યાના કાવતરાના કેસમાં 29 નવેમ્બર 2023ના રોજ ન્યૂયોર્ક પોલીસની ચાર્જશીટ જાહેર કરવામાં આવી હતી.

### ન્યૂઝ એજન્સી રોયટર્સે નિખિલના કોર્ટરૂમનો આ સ્કેચ જાહેર કર્યો છે.

આ પછી આ વર્ષે એપ્રિલમાં અમેરિકન મીડિયા વોશિંગ્ટન પોસ્ટે તેના અહેવાલમાં દાવો કર્યો હતો કે, પન્નુની હત્યાના કાવતરા પાછળ RAWનો હાથ હતો. રિપોર્ટ અનુસાર પન્નુની હત્યાનું સમગ્ર પ્લાનિંગ RAWના વરિષ્ઠ અધિકારી વિક્રમ યાદવે કર્યું હતું. તેણે એક હિટ ટીમને હાયર કરી હતી યાદવે પન્નુ વિશેની માહિતી ભારતીય એજન્ટ નિખિલ ગુપ્તાને મોકલી હતી,

**પન્નુ કેસમાં ક્યારે, શું થયું, ચાર્જશીટ મુજબ સંપૂર્ણ ટાઈમલાઈન...** મે 2023: યુએસ પ્રોસિક્યુટરના જણાવ્યા અનુસાર, એક ભારતીય અધિકારી (વિક્રમ યાદવ)એ નિખિલ ગુપ્તાને નોકરી પર રાખ્યો હતો. 29 મે: નિખિલ ગુપ્તાએ પન્નુને મારી શકે તેવી વ્યક્તિની શોધ શરૂ કરી. જોકે, પન્નુને મારવા માટે રાખવામાં આવેલ વ્યક્તિ અમેરિકાનો અંડરકવર એજન્ટ હોવાનું બહાર આવ્યું છે. થોડા અઠવાડિયા સુધી નિખિલ ગુપ્તાએ આ અન્ડર કવર એજન્ટ સાથે પન્નુની હત્યાની પદ્ધતિ અને કિંમત વિશે ચર્ચા કરી. 19 જૂન: ગુપ્તાએ નિજ્જરની હત્યાનો વીડિયો અમેરિકામાં પન્નુની હત્યા કરવા માટે રાખવામાં આવેલા હિટમેનને મોકલ્યો. તેમણે લખ્યું- આ સારા સમાચાર છે, હવે રાહ જોવાની જરૂર નથી.

# પરમાણુ હથિયારોની રેસમાં ભારતે PAKને પછાડ્યું:હવે ચીન પર હુમલો કરવા સક્ષમ હથિયારો પર ફોકસ

**એજન્સી અમેરિકા તા 18**

ભારતે પરમાણુ હથિયારોના મામલે પાકિસ્તાનને પાછળ છોડી દીધું છે. સ્વીડિશ થિંક ટેન્ક SIPRIના રિપોર્ટ અનુસાર, આ વર્ષે ભારતના પરમાણુ હથિયારોની સંખ્યા વધીને 172 થઈ ગઈ છે, જ્યારે પાકિસ્તાન પાસે 170 વોરહેડ્સ છે. ભારતના નવા લાંબા અંતરના સ્ટ્રાઈક હથિયારો ચીનના ઘણા ભાગોને નિશાન બનાવવામાં સક્ષમ છે. SIPRI અનુસાર ગયા વર્ષ સુધી ભારત પાસે માત્ર 164 પરમાણુ હથિયારો હતા. તે જ સમયે અમેરિકા અને રશિયા સહિત 9 દેશોએ છેલ્લા એક વર્ષમાં તેમના પરમાણુ હથિયારોના શસ્ત્રાગારને આધુનિક બનાવવા પર કામ કર્યું છે. આ દેશોએ ઘણા નવા પરમાણુ સક્ષમ શસ્ત્રો પણ તૈનાત કર્યા છે. ભારત અને પાકિસ્તાન બંને 2023માં નવી પરમાણુ વિતરણ પ્રણાલીઓનું નિર્માણ કરવાનું ચાલુ રાખે છે. જ્યાં એક તરફ તે પાકિસ્તાનનો મુકાબલો કરવા માટે પરમાણુ હથિયારો પર ધ્યાન આપી રહ્યું છે, તો બીજી તરફ ભારત પણ લાંબા અંતરની હડતાલ માટે સક્ષમ હથિયારો પર ભાર આપી રહ્યું છે, જે સમગ્ર



ચીનના લક્ષ્ય સુધી પહોંચી શકે. વિશ્વમાં 3904 પરમાણુ શસ્ત્રો તૈનાત SIPRIએ પોતાના રિપોર્ટમાં જણાવ્યું છે કે, છેલ્લા એક વર્ષમાં ચીનના પરમાણુ હથિયારો 410થી વધીને 500 થઈ ગયા છે. આવનારા સમયમાં આ સંખ્યા વધુ વધે તેવી શક્યતા છે. આ સિવાય હાલમાં સમગ્ર વિશ્વમાં 3904 પરમાણુ હથિયારો મિસાઈલો અથવા એરક્રાફ્ટમાં તૈનાત છે.યુક્રેન યુદ્ધ પછી દેશો પરમાણુ હથિયારો વિશે માહિતી આપી રહ્યા નથી

SIPRIનું કહેવું છે કે, રશિયા-યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદથી પરમાણુ હથિયારો વિશે માહિતી આપવામાં પારદર્શિતા ઘટી છે. UNSC સભ્ય દેશોએ 2021માં પરમાણુ શસ્ત્રો ઘટાડવાનું વચન આપ્યું હતું. તેમણે કહ્યું- પરમાણુ યુદ્ધ ક્યારેય જીતી શકાતું નથી. આ શસ્ત્રોનો ઉપયોગ ક્યારેય ન કરવો જોઈએ જ્યારે તેઓ હવે હાઈ-એલર્ટ પર છે.રશિયા અને અમેરિકાએ ન્યુ સ્ટાર્ટ ટ્રીટી પર હસ્તાક્ષર કર્યા હતા, જેથી પરમાણુ હથિયારોની રેસનો અંત આવે. જે યુક્રેન યુદ્ધના એક વર્ષ પૂર્ણ થવા પર રશિયા દ્વારા રદ કરવામાં આવ્યું હતું. ન્યૂ સ્ટાર્ટ સંધિ એ યુએસ અને રશિયા વચ્ચેનો પરમાણુ કરાર હતો.રિપોર્ટ અનુસાર ભારત, પાકિસ્તાન અને ઉત્તર કોરિયા પણ તેમની બેલેસ્ટિક મિસાઈલો પર પરમાણુ હથિયારો તૈનાત કરવાની તૈયારી કરી રહ્યા છે. SIPRI એ અહેવાલ આપ્યો છે કે વિશ્વના 90% પરમાણુ હથિયારો રશિયા અને અમેરિકા પાસે છે. જો કે ગત વર્ષની સરખામણીમાં વધારે વધારો થયો નથી.સ્વીડિશ થિંક ટેન્કના વરિષ્ઠ ફેલો હેન્સ ક્રિસ્ટેનસેને જણાવ્યું હતું કે, ચીન હાલમાં તેના પરમાણુ શસ્ત્રોનો ભંડાર કોઈપણ અન્ય દેશ કરતાં સૌથી ઝડપથી વધારી રહ્યું છે.

### રહેવાની દૃષ્ટિએ મુંબઈ દેશમાં સૌથી મોંઘું છે:અહીં વીજળી- ટ્રાવેલિંગનો ખર્ચ વધુ છે

**(એજન્સી) મુંબઇ | તા 18**

કન્સલ્ટન્સીએ વધુમાં જણાવ્યું કે દેશના સૌથી મોંઘા શહેરોમાં મુંબઈ, નવી દિલ્હી અને બેંગલુરુનો સમાવેશ થાય છે. આ વર્ષે મુંબઈએ 11 સ્થાનની છલાંગ લગાવી છે, પરંતુ આ શહેર વિશ્વના ટોપ 100માં નથી. વૈશ્વિક સ્તરે કોસ્ટ ઓફ લિવિંગ સર્વેમાં ટોચના 5 શહેરોની રેન્કિંગમાં કોઈ ફેરફાર થયો નથી. હોંગકોંગ નંબર વન પર છે. તે પછી સિંગાપોર, ઝ્યુરિખ, જીનીવા, બેસલ, બર્ન, ન્યુયોર્ક સિટી, લંડન, નાસાઉ અને લોસ એન્જલસ આવે છે. મુંબઈમાં ઘરના ભાડામાં 6-8%નો વધારો થયો છે. દિલ્હીમાં ઘરનું ભાડું 12-15%ની વચ્ચે વધ્યું છે. બેંગલુરુ, પુણે અને ચેન્નાઈમાં પણ ઘરના ભાડામાં સમાન વલણ જોવા મળ્યું છે. વીજળીના મામલે મુંબઈ-પુણે સૌથી મોંઘા શહેરો છે. મુંબઈ-બેંગલુરુમાં મુસાફરીનો ખર્ચ પણ સૌથી વધુ છે. મર્સર ઈન્ડિયા મોબિલિટી લીડર રાહુલ શર્માએ સર્વે પર શું કહ્યું? મર્સરના ઈન્ડિયા મોબિલિટી લીડર રાહુલ શર્માએ જણાવ્યું હતું કે વૈશ્વિક આર્થિક પડકારો હોવા છતાં, ભારતે અમારા 2024 કોસ્ટ ઓફ લિવિંગ સર્વેમાં સ્થિતિસ્થાપકતા દર્શાવી છે. મુંબઈનું રેન્કિંગ વધ્યું છે, પરંતુ ભારતીય શહેરોની એકંદર પરવડે તેવી ક્ષમતા આંતરરાષ્ટ્રીય કંપનીઓ અને ભારતીય કંપનીઓને આકર્ષી રહી છે. તેમણે એમ પણ કહ્યું હતું કે મજબૂત સ્થાનિક માંગ અને મજબૂત સેવા ક્ષેત્ર સાથેની અમારી મજબૂત અર્થવ્યવસ્થા વૈશ્વિક પ્રતિભા માટે સ્થિર વાતાવરણ પૂરું પાડે છે. વૈશ્વિક હાઉસિંગ ખર્ચ અને ફુગાવો વધવાને કારણે ભારતની વૃદ્ધિની વાર્તા અને જીવનધોરણમાં સુધારો તેને આંતરરાષ્ટ્રીય અસાઈમેન્ટ માટે આકર્ષક સ્થળ બનાવે છે. દિલ્હીમાં દારૂ અને તમાકુની પ્રોડક્ટ્સ સસ્તી છે. પર્સનલ કેર પ્રોડક્ટ્સના સંદર્ભમાં મુંબઈ સૌથી મોંઘું છે. તે પછી ચેન્નાઈ અને કોલકાતા સૌથી સસ્તા છે.

# પુતિન 24 વર્ષ બાદ ઉત્તર કોરિયાની મુલાકાત લેશે: એરપોર્ટ પર કિમ જોંગ હાજર રહેશે

**(એજન્સી) મોસ્કો | તા 18**

રશિયાના રાષ્ટ્રપતિ ઉત્તર કોરિયાની બે દિવસીય મુલાકાતે જશે. ઉત્તર કોરિયાની આ તેમની બીજી મુલાકાત છે. તે લગભગ 24 વર્ષ બાદ મંગળવારે ઉત્તર કોરિયા પહોંચશે. પુતિનની ઉત્તર કોરિયાની સંભવિત મુલાકાતની ચર્ચા ઘણા સમયથી ચાલી રહી હતી. આ મુલાકાતની પુષ્ટિ ક્રેમલિન દ્વારા પણ કરવામાં આવી છે. ક્રેમલિને આ મુલાકાતને 'મૈત્રીપૂર્ણ રાજ્ય મુલાકાત' ગણાવી છે. તેમની મુલાકાત દરમિયાન પુતિન ઉત્તર કોરિયાના પ્રમુખ કિમ જોંગ ઉન સાથે મુલાકાત કરશે. પુતિન બુધવારે ઉત્તર કોરિયાથી વિયેતનામની મુલાકાત લઈ શકે છે. કિમ જોંગ ઉન ખુદ એરપોર્ટ પર હાજર રહેશે ન્યૂઝ એજન્સી એએફપીના રિપોર્ટ અનુસાર રાજધાની પ્યોંગયાંગના સુનાન ઈન્ટરનેશનલ એરપોર્ટ પર કિમ જોંગ ઉન પોતે પુતિનનું સ્વાગત કરશે. આ સાથે તેની બહેન કિમ યો જોંગ અને પુત્રી કિમ જુ એ હાજર રહેવાની આશા છે. બીબીસીના અહેવાલ મુજબ, ગયા અઠવાડિયે સૂત્રોએ સંકેત આપ્યા હતા કે પુતિનની મુલાકાત ટૂંક સમયમાં થવાની છે. પુતિનની ઉત્તર કોરિયાની સંભવિત મુલાકાત માટે ચાલી રહેલી તૈયારીઓ પણ સેટેલાઈટ ઈમેજોએ દર્શાવી છે. પશ્ચિમી દેશોને ડર છે કે પુતિનની મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે હથિયારોની ડીલ થઈ શકે છે. પુતિન સાથે આર્મ્સ ડીલ થઈ શકે પુતિનની મુલાકાતને લઈને એવી અટકળો ચાલી રહી છે કે કિમ જોંગ રશિયા સાથે જરૂરી હથિયારોના બદલામાં આર્થિક સહાય અને ટેક્નોલોજી ટ્રાન્સફર સંબંધિત સોદો કરી શકે છે.



### ટ્રમ્પના સંભવિત નિર્ણયોને કોર્ટમાં પડકારવા ડ્રાફ્ટ તૈયાર કરાયો

**(એજન્સી) ન્યૂયોર્ક | તા 18**

અમેરિકામાં 5 નવેમ્બરે યોજાનારી રાષ્ટ્રપતિની ચૂંટણીને આડે 5 મહિનાથી પણ ઓછો સમય બાકી છે. સરવેમાં રિપબ્લિકન ઉમેદવાર અને પૂર્વ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ વર્તમાન રાષ્ટ્રપતિ જો બાઈડેન કરતાં આગળ છે. ઘણાનું માનવું છે કે ટ્રમ્પ ફરીથી રાષ્ટ્રપતિ બનશે અને જો તેઓ ફરીથી સત્તામાં આવશે તો તેઓ અમેરિકન લોકશાહીને નષ્ટ કરવામાં કોઈ કસર છોડશે નહીં. ત્યારે 80થી વધુ સંસ્થાએ ટ્રમ્પનો સામનો કરવા અને અમેરિકન લોકશાહી માટે રક્ષા કવચ તૈયાર કરવા માટે કામ શરૂ કર્યું છે. તેમાં ઘણા અધિકારીઓ, સામાજિક કાર્યકરો અને દેખરેખ જૂથો ઉપરાંત ઘણા પૂર્વ રિપબ્લિકન નેતાઓ પણ સામેલ છે. તેઓ માને છે કે જો ટ્રમ્પ ફરીથી સત્તામાં આવશે તો દેશ માટે ખતરો હશે. ટ્રમ્પનો સામનો કરવાની તૈયારી કરી રહેલી એક સંસ્થાએ સામૂહિક દેશનિકાલ સહિતના ટ્રમ્પના ઘણા નિર્ણયોને કોર્ટમાં પડકારવા માટે ડ્રાફ્ટ તૈયાર કર્યો છે. ટ્રમ્પ બદલો લેવા માટે સિસ્ટમનો ઉપયોગ કરી શકે છે પ્રોટેક્ટ ડેમોક્રસી સંસ્થાના એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર ઈયાન બાસિને કહ્યું કે જો ટ્રમ્પ જીતશે તો તેઓ ખુલ્લેઆમ કટ્ટરપંથી નિર્ણયો લેશે. ટ્રમ્પ પોતાના વિરોધીઓ પર બદલો લેવા માટે ન્યાય વિભાગનો ઉપયોગ કરશે. ડેમોક્રેટ શાસિત શહેરોમાં કેન્દ્રીય દળો તહેનાત કરશે. ગેરકાયદેસર વસાહતીઓને તેમના દેશમાં પાછા મોકલવા માટે મોટા પાયે દેશનિકાલ અભિયાન ચલાવવામાં આવશે. ઘૂસણખોરો માટે વિશાળ ડિટેન્શન કેમ્પ બનાવાશે.

# યુક્રેન પીસ સમિટમાં ભારતે હસ્તાક્ષર ન કર્યા: ભારત ફરી પશ્ચિમી દેશોના દબાણમાં ન આવ્યો

**(એજન્સી) લંડન | તા 18**

રવિવારે છેલ્લા દિવસે આ શાંતિ સંમેલન પછી, એક સંયુક્ત નિવેદન બહાર પાડવામાં આવ્યું હતું જેમાં 80થી વધુ દેશોએ હસ્તાક્ષર કર્યા હતા. ભારત, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, ઈન્ડોનેશિયા, થાઈલેન્ડ, મેક્સિકો અને યુએઈ સહિત સાત દેશોએ સમર્થન કર્યું નથી. રસપ્રદ વાત એ છે કે તુર્કી, જે ઘણીવાર રશિયાનો પક્ષ લે છે, તેણે તેના પર હસ્તાક્ષર કર્યા છે. સંયુક્ત નિવેદનમાં પ્રાદેશિક અખંડિતતા પર ભાર સંયુક્ત નિવેદનમાં પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વ પર ભાર મૂકવામાં આવ્યો હતો અને કહ્યું હતું કે યુક્રેનમાં શાંતિ કૂટનીતિ દ્વારા આવશે. આ સિવાય પરમાણુ સુરક્ષા, ખાદ્ય સુરક્ષા અને કેદીઓના વિનિમયનો પણ સંયુક્ત નિવેદનમાં ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. ઇટાલીના પીએમ જ્યોર્જિયા મેલોનીએ કહ્યું કે રશિયા સાથે વાતચીત માટે આ ન્યૂનતમ શરતો છે. યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમીર ઝેલેન્સકીએ કોન્ફરન્સને શાંતિ તરફના પ્રથમ પગલા તરીકે



બિરદાવી હતી. ભારતનું પ્રતિનિધિત્વ કરતા વિદેશ સચિવ પવન કપૂરે કહ્યું કે ભારત કોઈપણ પહેલ કરતા પહેલા બંને પક્ષોનું વલણ જાણવા માગે છે. ભારતનું પ્રતિનિધિત્વ કરતા વિદેશ સચિવ પવન કપૂરે કહ્યું કે ભારત કોઈપણ પહેલ કરતા પહેલા બંને પક્ષોનું વલણ જાણવા માગે છે. યુદ્ધ રોકવા માટે તમામ પક્ષોની સર્વસંમતિ જરૂરી યુક્રેન પીસ સમિટમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી રહેલા વિદેશ સચિવ પવન કપૂરે કહ્યું કે ભારત યુક્રેન યુદ્ધને રોકવા માટે તમામ પક્ષો સાથે કામ કરવાનું ચાલુ રાખશે. તેમણે કહ્યું કે યુદ્ધ ત્યારે જ અટકશે જ્યારે બંને પક્ષો સહમત થશે. તેઓ કોઈપણ પહેલ કરતા પહેલા બંને પક્ષોનું વલણ જાણવા માગે છે. નોંધનીય છે કે ભારત અગાઉ પણ યુક્રેન યુદ્ધના નિરાકરણ સંબંધિત શિખર સંમેલનોનો ભાગ રહી ચૂક્યું છે. આ પહેલા ભારતે ઓગસ્ટ 2023માં સાઉદી અરેબિયાના જેદ્દાહમાં આયોજિત શાંતિ સંમેલનમાં ભાગ લીધો હતો. આમાં ભારતનું પ્રતિનિધિત્વ NSA અજીત ડોભાલે કર્યું હતું. ત્યારે પણ ભારતે સંયુક્ત નિવેદન પર હસ્તાક્ષર કર્યા ન હતા. તે પહેલા પણ ભારતે સહી કરી ન હતી આ પહેલા ભારતે કોપનહેગન અને માલ્ટામાં યોજાયેલી પીસ સમિટમાં પણ આવું જ ભૂમિકાથી દૂર રહે છે. યુક્રેનમાં યુદ્ધ શરૂ થયું ત્યારથી ભારત આ વલણ અપનાવી રહ્યું છે. ભારતે UNSC, એજન્સી અને માનવ અધિકાર પરિષદમાં પણ આ કર્યું છે. રશિયા અને યુક્રેન વિવાદ પર ભારતની સ્થિતિ શરૂઆતથી જ રહી છે.

## બોટ લિબિયાથી રવાના થઈ હતી. તેમાં સીરિયા, ઈજિપ્ત, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના શરણાર્થીઓ હાજર હતા.

# ઇટલી પાસે 2 બોટ ડૂબી, 11 શરણાર્થીઓનાં મોત:26 બાળકો સહિત 64 ગુમ



**(એજન્સી) રોમ | તા 18**

સોમવારે ઇટલીના દરિયાકાંઠે બે બોટ ડૂબી જતાં 11 લોકોના મોત થયા હતા અને 64 હજુ પણ લાપતા છે. જર્મનીની ચેરિટી સંસ્થા RESQSHIP એ જણાવ્યું કે, તેઓએ લેમ્પેડુસા ટાપુ નજીક 51 લોકોને બચાવ્યા. આ સમય દરમિયાન તેઓએ લાકડાની બોટના નીચલા ડેકમાંથી 10 મૃતદેહો બહાર કાઢ્યા. બચાવાયેલા લોકોને ઈટાલિયન કોસ્ટ ગાર્ડને સોંપવામાં આવ્યા હતા. બીબીસીના જણાવ્યા અનુસાર બોટ લિબિયાથી રવાના થઈ હતી. તેમાં સીરિયા, ઈજિપ્ત, બાંગ્લાદેશ અને પાકિસ્તાનના શરણાર્થીઓ હાજર હતા. આ પછી સોમવારે જ RESQSHIP એ ઈટલીના દક્ષિણ છેડે કેલેબ્રિયાના દરિયાકાંઠે 201 કિલોમીટરના અંતરે બીજી બોટ ડૂબતી જોઈ. 8 દિવસ પહેલા તુર્કીથી નીકળેલી આ બોટમાં આગ લાગી હતી, ત્યાર બાદ તે પલટી ગઈ હતી. અલજઝીરા અનુસાર બોટમાં સવાર 11 લોકોને બચાવી લેવામાં આવ્યા છે. જ્યારે 64 લોકો લાપતા છે. તેમની વચ્ચે 26 બાળકો છે. બોટમાં સવાર એક મહિલાનું મોત થયું હતું. ઈટલીના કોસ્ટ ગાર્ડે કહ્યું કે, તેઓ EU બોર્ડર એજન્સી ફ્રન્ટેક્સની મદદથી ગુમ થયેલા લોકોને શોધવાનો પ્રયાસ કરી રહ્યા છે. અફઘાનિસ્તાનના એક પરિવારનું મૃત્યુ યુએનએ કહ્યું કે, બીજી બોટમાં બેઠેલા શરણાર્થીઓ ઈરાન, સીરિયા અને ઈરાકના હતા. મૃતકોમાં અફઘાનિસ્તાનનો એક પરિવાર પણ સામેલ છે. કોસ્ટ ગાર્ડે જણાવ્યું હતું કે, બોટમાં કોઈ લાઈફ વેસ્ટ્સ નથી. જ્યારે તે ડૂબી રહ્યો હતો ત્યારે ત્યાંથી પસાર થતા કેટલાક જહાજોએ તેને મદદ પણ કરી ન હતી.તેમને બચાવવા માટે ઈટલીની સરકારે 'મેર નોસ્ટ્રમ' નામનું ઓપરેશન પણ શરૂ કર્યું હતું. તેનો હેતુ ભૂમધ્ય સમુદ્રમાં ફસાયેલા લોકોને બચાવવાનો હતો. આના દ્વારા ઈટાલિયન સરકારે અત્યાર સુધીમાં હજારો લોકોના જીવ બચાવ્યા છે.1 અઠવાડિયામાં શરણાર્થીઓની બોટ ડૂબવાની ત્રીજી મોટી દુર્ઘટના આ પહેલા 12 જૂને કોંગોમાં એક નદીમાં મુસાફરોથી ભરેલી બોટ ડૂબી જતાં 80થી વધુ લોકોના મોત થયા હતા. બોટમાં 100થી વધુ લોકો સવાર હતા. યમનમાં 11 જૂનના રોજ એડેનના દરિયાકાંઠે શરણાર્થીઓથી ભરેલી બોટ પલટી ગઈ હતી. જેમાં 49 લોકોના મોત થયા હતા અને 140થી વધુ લોકો ગુમ થયા હતા. ન્યૂઝ એજન્સી એપીના જણાવ્યા અનુસાર, બોટમાં 260 લોકો સવાર હતા. જેમાંથી મોટાભાગના ઈથોપિયા અને સોમાલિયાના હતા. યુએનના અધિકારીઓએ જણાવ્યું હતું.

## સંક્ષિપ્ત સમાચાર

### દેશના આ ભાગોમાં 4 દિવસમાં ચોમાસું પહોંચશે, 9 રાજ્યોમાં હીટવેવનું એલર્ટ, IMDની આગાહી

(એજન્સી) નવી દિલ્હી | તા 18

પંજાબ, હરિયાણા, દિલ્હી અને ઉત્તર પ્રદેશ સહિત દેશના મોટાભાગના ભાગોમાં ભીષણ ગરમી પડી રહી છે. સોમવારે ઉત્તર-પશ્ચિમ ભારતના મોટા ભાગોમાં પણ લૂ નો કહેર યથાવત રહ્યો હતો. ત્યારે હવે ભારતીય હવામાન વિભાગ (IMD)એ કહ્યું છે કે ચોમાસું 4 દિવસમાં મહારાષ્ટ્ર, ઓડિશા, તટીય આંધ્રપ્રદેશ, પશ્ચિમ બંગાળ અને બિહારના ભાગોમાં પહોંચવાની સંભાવના છે. આ ઉપરાંત IMDએ ઉત્તર પ્રદેશ, હરિયાણા, દિલ્હી, ચંદીગઢ, જમ્મુ, હિમાચલ પ્રદેશ, પંજાબ, રાજસ્થાન, બિહાર અને ઝારખંડમાં હીટવેવ એલર્ટ જાહેર કર્યું છે. છત્તીસગઢમાં ગરમીને જોતા ઉનાળુ વેકેશન 25 જૂન સુધી લંબાવવામાં આવ્યું છે અને 26મી જૂનથી શાળાઓ ખુલશે. ભારતીય હવામાન વિભાગ (IMD)એ જણાવ્યું હતું કે આગામી 2 દિવસ દરમિયાન ઉત્તર ભારતના ઘણા ભાગોમાં ગંભીર હીટવેવની સ્થિતિ ચાલુ રહેવાની સંભાવના છે. આ પછી તે ધીમે ધીમે ઘટી શકે છે. એટલે કે 20 જૂનથી આકરી ગરમીમાંથી થોડી રાહત મળવાની આશા છે. IMD અનુસાર આજે પંજાબ, હરિયાણા, દિલ્હી અને ઉત્તર પ્રદેશ, હિમાચલ પ્રદેશ, ઉત્તરાખંડ, પૂર્વ મધ્ય પ્રદેશ, બિહાર અને ઝારખંડના ઘણા ભાગોમાં હીટ વેવથી રહેવાની સંભાવના છે.

### પંજાબમાં અનેક રેલ્વે સ્ટેશનોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી

નવી દિલ્હી: પંજાબમાં કેટલાય રેલ્વે સ્ટેશનોને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે. ધમકીવાળી ચિઠ્ઠી મળ્યા પછી પંજાબના કેટલાય રેલ્વે સ્ટેશનો પર સુરક્ષા વધારવામાં આવી છે. જમ્મુ-કાશ્મીરમાં માર્યા ગયેલા આતંકવાદીઓના મોતનો બદલો લેવા માટે આતંકવાદી સંગઠન લશ્કર-એ-તૈયબાના નામથી ચિઠ્ઠી મોકલવામાં આવી છે. ચિઠ્ઠીમાં પંજાબના રેલ્વે સ્ટેશનોનો ઉલ્લેખ કરવામાં આવ્યો. તેને બોમ્બથી ઉડાવવાની ધમકી પણ આપવામાં આવી છે. ચિઠ્ઠી મળ્યા પછી પંજાબમાં સલામતી સંસ્થાઓ એલર્ટ પર છે. બધા રેલ્વે સ્ટેશનો પર તપાસ કરવામાં આવી રહી છે. આ પહેલા ૧૨ જૂને પંજાબના ચંદીગઢની એક મેન્ટલ હોસ્પિટલને ઈ-મેઈલ પર બોમ્બની ધમકી મળી હતી. પછી ખબર પડી હતી કે આ ખોટી ધમકી હતી. પોલીસે જણાવ્યું હતું કે સવારે ઈ-મેઈલ મળ્યા પછી દર્દીઓ અને કર્મચારીઓને સલામત સ્થળે લઈ જવાયા હતા. ચકાસણી શરૂ કરવામાં આવી હતી. સંસ્થાના અધિકારીએ દાવો કર્યો હતો કે આ ઈ-મેઈલ દિલ્હી અને દક્ષિણ ભારતની હોસ્પિટલોને મોકલવામાં આવ્યો હતો. ચંદીગઢ પોલીસના અધિકારીએ જણાવ્યું હતું કે તેમણે સમગ્ર વિસ્તારની ઘેરાબંધી કરી હતી અને મેન્ટલ હોસ્પિટલના સંકુલની તલસ્પર્શી તલાશી લીધી હતી, પરંતુ કશું મળ્યું ન હતું.


### કંચનજંઘા એક્સપ્રેસને ગૂડ્સ ટ્રેન પાછળથી અથડાતાં નવનાં મોત

નવી દિલ્હી: પશ્ચિમ બંગાળના દાર્જીલિંગ જિલ્લામાં થયેલા રેલ્વે અકસ્માતમાં નવના મોત થયા હતા અને ૪૧ ઈજા પામ્યા છે. કંચનજંઘા એક્સપ્રેસને ગૂડ્સ ટ્રેને પાછળથી ટક્કર મારતા આ દુર્ઘટના સર્જાઈ હતી, એમ વરિષ્ઠ રેલ્વે અધિકારીએ જણાવ્યું હતું. મૃત્યુ પામેલામાં ગૂડસ ટ્રેનનો ડ્રાઈવર અને કંચનજંઘા એક્સપ્રેસના ગાર્ડનો સમાવેશ થાય છે, એમ તેણે ઉમેર્યું હતું. ઈજાગ્રસ્તોને નોર્થ બેંગાલ મેડિકલ કોલેજ એન્ડ હોસ્પિટલમાં શિફ્ટ કરવામાં આવ્યા છે. પશ્ચિમ બંગાળમાં વરિષ્ઠ પોલીસ અધિકારીઓના જણાવ્યા મુજબ મૃત્યુ પામેલાઓની સંખ્યા ૧૫ છે. આ દુર્ઘટના રંગપાણી સ્ટેશન નજીક બની હતી. આ સ્તળ ન્યુ જલપાઈગુડી સ્ટેશનથી ૩૦ કિ.મી. દૂર આવેલું છે. આ દુર્ઘટનાના લીધે કંચનજંઘા એક્સપ્રેસના ચાર ડબ્બા ખડી પડયા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આ દુર્ઘટના અંગે દિલસોજી પાઠવી હતી. તેમણે જણાવ્યું હતું કે મૃત્યુ પામેલાઓના કુટુંબીઓ સમક્ષ તેઓ આ ઘટના માટે દિલસોજી વ્યક્ત કરે છે. તેમની અનુકંપા તેમની સાથે છે. તેની સાથે ઈજાગ્રસ્તોને ઝડપથી સાજા થવા માટે પ્રાર્થના કરે છે.

### દહેર ગામ ખાતે જમીન વિવાદ અંગે અદાવત રાખી 70 વર્ષીય વૃદ્ધને લાકડાનાં ફાડચાથી માર માર્યો

સુશીલ પવાર.ડાંગ

ડાંગ જિલ્લાનાં સુબીર તાલુકાના દહેર ગામ ખાતે જમીન વિવાદ અંગે તકરાર રાખી એક ઈસમે 70 વર્ષીય વૃદ્ધને લાકડાનાં ફાડચા વડે ફટકા મારી માર માર્યો હતો. તેમજ જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.જે બાદ સમગ્ર મામલો સુબિર પોલીસ મથકે પહોંચ્યો હતો.



ડાંગ જિલ્લાના સુબીર તાલુકાનાં દહેર ગામ ખાતે રહેતા 70 વર્ષીય લાસુભાઈ સોમાભાઈ કુંભ પોતાના ઘરે હાજર હતા.તે વેળાએ તેમના ગામના જ ધર્મુભાઈ દેવજીભાઈ ચૌધરી તેમની પાસે આવ્યા હતા.અને અપશબ્દ બોલી મા - બહેન સમાન ગંદી ગાળો બોલવા લાગ્યા હતા.ત્યારે વૃધ્ધ એ ગાળો આપવાની ના પાડતા ધર્મુભાઈ ચૌધરી એકદમ ઉશ્કેરાઈ ગયા હતા.અને તેમના હાથમાં રહેલા લાકડાના ફાડચા વડે વૃદ્ધના કપાળનાં ભાગે તથા શરીરનાં ભાગે ફટકા મારી ઈજાઓ પહોંચાડી હતી.અહી વૃદ્ધને કપાળનાં ભાગે લાકડાનાં ફાડચા વડે સપાટા મારતા લોહી લુહાણ હાલતમાં ગંભીર રીતે જખ્મી બન્યો હતો.જોકે તેમના પરિવારના સભ્યો વચ્ચે પડતા ધર્મુભાઈ ચૌધરી ધમકી આપી જતા રહ્યા હતા. જો કે જતા જતા તેમણે એકલો મળે તો જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.અહી જમીન વિવાદનાં કારણે અવારનવાર ઝઘડા થતા હોવાને કારણે ધર્મુભાઈએ વૃદ્ધને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.ત્યારે પરિવારજનોએ 70 વર્ષીય વૃદ્ધને તાત્કાલિક ધોરણે 108 એમ્બ્યુલન્સ મારફતે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા.

**હકીકતમાં ઈન્ડિયા શબ્દનો ઉપયોગ સામાન્ય રીતે ઈસ્ટ ઈન્ડિયા કંપની અને 1757ના પ્લાસીના યુદ્ધ બાદ થવાનો શરૂ થયો હતો**

# ઈન્ડિયા Vs ભારત: NCERTના નવા પુસ્તકોમાં બંને શબ્દનો ઉપયોગ, કહ્યું- બંધારણ પ્રમાણે જ ચાલીશું

(એજન્સી) નવી દિલ્હી | તા 18

નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (NCERT)એ અભ્યાસક્રમમાં અનેક ફેરફાર કર્યા છે. 12માં ધોરણની રાજનીતિક વિજ્ઞાન (Political Science)ના પુસ્તકમાં અનેક વસ્તુઓ હટાવવામાં આવી છે અને ઉમેરવામાં આવી છે. 'બાબરી મસ્જિદ'ને 'ત્રણ ગુંબજવાળો ઢાંચો' લખવામાં આવ્યુ છે. આઝાદ પાકિસ્તાન શબ્દને પાકિસ્તાન અધિકૃત જમ્મુ-કાશ્મીરથી બદલવામાં આવ્યો છે. જમ્મુ-કાશ્મીરમાંથી કલમ 370 હટાવવાનો પણ ઉલ્લેખ છે. જો કે, NCERTએ 'ઈન્ડિયા Vs ભારત' શબ્દના ઉપયોગ પર કહ્યું કે તેઓ બંને શબ્દોનો ઉપયોગ કરશે. NCERT પ્રમુખ દિનેશ પ્રસાદ સકલાનીએ કહ્યું કે, 'ઈન્ડિયા Vs ભારત' શબ્દો પરની ચર્ચા બેકાર છે, કારણ કે બંધારણ બંનેને અકબંધ રાખે છે. તેમણે વધુમાં કહ્યું કે NCERTને પોતાના નવા પુસ્તકોમાં 'ભારત' અથવા 'ઈન્ડિયા 'નો ઉપયોગ કરવામાં કોઈ ખચકાટ નથી.

એક ઈન્ટરવ્યૂમાં સકલાનીએ કહ્યું કે, અમે અમારા પુસ્તકોમાં ભારત અને ઈન્ડિયા બંને શબ્દો લખીશું. બંધારણ જે કહેશે અમે તેનું પાલન કરીશું. અમે બંધારણ પ્રમાણે જ ચાલીશું. ભારત અને




ઈન્ડિયા શબ્દો ઈન્ટરચેન્જિએબલી (ક્યારેક ભારત તો ક્યારેક ઈન્ડ્યા) તરીકે ઉપયોગ કરવામાં આવશે. અમને બંને શબ્દ માટે કોઈ અણગમો નથી. અમે એવું નહીં કરીશું કે, કાં તો ઈન્ડિયા લખો અથવા ભારત. અમે હજું પણ બંને નામ લખી રહ્યા છે.NCERT પ્રમુખ દિનેશ પ્રસાદ સકલાનીનું આ નિવેદન એટલા માટે પણ મહત્વનું છે કારણ કે, ગત વર્ષે NCERT પેનલે તમામ પુસ્તકોમાં ઈન્ડિયાનું નામ બદલીને ભારત રાખવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. પેનલના સભ્યોમાંથી એક સીઆઈ આઈઝેકે કહ્યું હતું કે, પ્રસ્તાવ મંજૂર થઈ ગયા બાદ NCERT પુસ્તકોના આગામી સેટમાં ઈન્ડિયાનું નામ બદલીને ભારત કરી દેવામાં આવશે.

NCERTએ પોતાના અભ્યાસક્રમમાં નવી શિક્ષણ નીતિ હેઠળ ફેરફાર કરવા માટે 19 સભ્યોની એક સમિતિ બનાવી હતી. કમિટીના અધ્યક્ષ સી.આઈ. આઈઝેકે એક ઈન્ટરવ્યુમાં કહ્યું હતું કે, સમિતિએ સર્વાનુમતે ભલામણ કરી છે કે તમામ વર્ગના વિદ્યાર્થીઓના પાઠ્યપુસ્તકોમાં ભારત શબ્દનો ઉપયોગ કરવો જોઈએ. આઈઝેકે કહ્યું હતું કે, હકીકતમાં ઈન્ડિયા શબ્દનો ઉપયોગ સામાન્ય રીતે ઈસ્ટ ઈન્ડિયા કંપની અને 1757ના પ્લાસીના યુદ્ધ બાદ થવાનો શરૂ થયો હતો. બીજી તરફ ભારત શબ્દનો ઉલ્લેખ વિષ્ણુ પુરાણ જેવા પ્રાચીન લેખોમાં મળે છે જે 7 હજાર વર્ષ જૂના છે. સમિતિએ પાઠ્યપુસ્તકોમાં 'એન્શિએન્ટ હિસ્ટ્રી'ના બદલે 'ક્લાસિકલ હિસ્ટ્રી'ને સામેલ કરવાની ભલામણ કરી હતી. જોકે, તે સમયે NCERTએ પેનલના સૂચનો પર કોઈ નિર્ણય નહોતો લીધો.

# સિગ્નલ ફેલ, બેકાબુ સ્પીડ અને પછી બે ટ્રેનની ટક્કર, ન્યૂ જલપાઈગુડી દુર્ઘટના અંગે 10 ખુલાસા

(એજન્સી) ત્રિપુરા | તા 18

ત્રિપુરાના અગરતલાથી સિયાલદહ જઈ રહેલી કાંચનજંગા એક્સપ્રેસને પશ્ચિમ બંગાળના ન્યૂ જલપાઈગુડીમાં સોમવારે સવારે અકસ્માત નડ્યો હતો. પ્રાથમિક અહેવાલ અનુસાર પાછળથી તેજ ઝડપે આવી રહેલી એક માલગાડીએ ટક્કર મારતા કાંચનજંગા એક્સપ્રેસના પાછળના ત્રણ ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા.

અત્યાર સુધીમાં નવ લોકોના મોત અને 47 જેટલા લોકો ઘાયલ થયા હોવાના અહેવાલ છે. આ ઘટનામાં માનવીય ભૂલ અને ખરાબ સિગ્નલને જવાબદાર ગણવામાં આવ્યા હતા. એવામાં આ ટ્રેન દુર્ઘટના સંબંધિત દસ મોટી અપડેટ પર નજર કરીએ.

- કાંચનજંગા એક્સપ્રેસ ત્રિપુરાના અગરતલાથી સિયાલદહ જઈ રહી હતી. એવામાં સવારે 8.55 વાગ્યે રંગપાણી સ્ટેશન ક્રોસ કર્યા બાદ એક માલગાડીએ ટ્રેનને પાછળથી ટક્કર મારી હતી. આ ટક્કર એટલી ગંભીર હતી કે બે ડબ્બા પાટા પરથી ઉતરી ગયા હતા. તેમજ એક કોચ માલગાડીના એન્જિન ઉપર લટકી ગયો હતો. આ ઘટનામાં નવ લોકોના મોત અને 47 જેટલા લોકો ઘાયલ થયા છે.
- આ દુર્ઘટનાની માહિતી મળતાં જ રેલવે, NDRF અને SDRFની ટીમ તેમજ સ્થાનિક વહીવટીતંત્ર રાહત અને બચાવ કામગીરી માટે ઘટનાસ્થળે પહોંચી ગયું હતું. પરંતુ ભારે વરસાદના કારણે બચાવ કાર્યમાં મુશ્કેલીઓ પડી હતી. - બંગાળમાં રાણીપતરા રેલ્વે સ્ટેશન અને છત્તર હાટ જંક્શન વચ્ચેની ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમ સોમવારે સવારે 5.50 વાગ્યાથી બંધ થઈ ગયું હતું. આ સ્થળે જ માલગાડીએ કાંચનજંગા એક્સપ્રેસને ટક્કર મારી હતી.
- ઓટોમેટિક સિગ્નલ સિસ્ટમ ખરાબ હોવાના કારણે રંગપાણીના સ્ટેશન માસ્તરે કાંચનજંગા એક્સપ્રેસને સવારે 8.20 વાગ્યે TA-912 નામનો લેખિત મેમો જારી કર્યો હતો. આ જ મેમો સવારે 8.35 વાગ્યે ગુડ્સ ટ્રેનને પણ આપવામાં આવ્યો હતો. રંગપાણી સ્ટેશન માસ્તરે બંને ટ્રેનોને TA-912 મેમો જારી કર્યો હતો.
- જ્યારે ઓટોમેટિક સિગ્નલ સિસ્ટમ કામ નથી કરતી ત્યારે આ લેખિત મેમો આપવામાં આવે છે. જેમાં લોકો પાયલટને તમામ રેડ સિગ્નલ પાર કરવાની પરવાનગી મળે છે. જો માલગાડીને TA 912 મેમો ન્હોતો આપવામાં આવ્યો તો ડ્રાઈવરે દરેક ખરાબ સિગ્નલ પર એક મિનીટ માટે ટ્રેન રોકવાની હોય છે. તેમજ 10 કિમી/કલાકની ઝડપે આગળ વધવાનું હોય છે. આ મેમોમાં કહેવામાં આવ્યું હતું કે લોકો પાયલટે દરેક ગેટ પર નજર રાખવાની રહેશે. જ્યારે ફાટક બંધ હોય ત્યારે જ ટ્રેન આગળ વધી શકશે. જો ફાટક ખુલ્લું હશે તો અગાઉથી ટ્રેન રોકવી પડશે.
- રેલવે બોર્ડે આ ટ્રેન દુર્ઘટના માટે માલગાડીના ડ્રાઈવરને જવાબદાર ગણાવ્યો હતો. રેલવે બોર્ડના અધ્યક્ષ જયા વર્મા સિન્હાએ કહ્યું હતું કે માલગાડીના ડ્રાઈવરે સિગ્નલની અવગણના કરી હતી, જેના કારણે આ અકસ્માત થયો હતો.
- ઉઠાવ્યા છે કે ડ્રાઈવરે રેલવે સિગ્નલનું ઉલ્લંઘન કર્યું હતું. ભારતીય રેલવે લોકો રનિંગમેન ઓર્ગેનાઈઝેશન (IRLRO) ના કાર્યકારી પ્રમુખ સંજય પાંધીએ જણાવ્યું હતું કે લોકો પાયલટના મૃત્યુ પછી અને CRS તપાસ બાકી છે, તે પછી લોકો પાયલટને જવાબદાર જાહેર કરવામાં વાંધાજનક છે.
- આ અકસ્માતમાં નવ લોકોના મોત થયા છે, જેમાંથી ચારની ઓળખ હજુ થઈ નથી. તમામ ઘાયલોના નામની યાદી પણ બહાર પાડવામાં આવી છે.

### ઉનાળું વેકેશનમાં ધાર્મિક સ્થળોની પસંદગી

# ગત માર્ચમાં રેકોર્ડ બ્રેક 95.6 લાખ તીર્થયાત્રીઓ વારાણસીની મુલાકાત

(એજન્સી) નવી દિલ્હી | તા 18

અગાઉના ઉનાળું વેકેશનમાં એવું જોવા મળતું હતું કે, લોકો ઠંડા પ્રદેશોમાં સહેલગાહની મોજ માળવાનું વધુ પસંદ કરતા હતા. જેથી અંગ દઝાડતી ગરમીમાંથી થોડા સમય માટે રાહત મળી શકે. પણ હવે પ્રવાસન મામલે સહેલાણીઓનો મિજાજ બદલાયેલો દેખાય છે. કેમ કે, આ વખતે ગરમીઓની રજાઓમાં પ્રવાસીઓએ ધાર્મિક સ્થળોની યાત્રા કરવાનું વધુ પસંદ કર્યું છે. જેનો પુરાવો છે સોશિયલ મીડિયા પર વ્યાપક પ્રમાણમાં વાયરલ થઈ રહેલા વીડિયો.

હાલના સમયમાં સોશિયલ મીડિયા પર એવા ઘણાં વીડિયો વાયરલ થયા છે, જેમાં જોઈ શકાય છે કે, પવિત્ર ધાર્મિક સ્થળ કેદારનાથ ખાતે સહેલાણીઓનું ઘોડાપૂર આવ્યું છે. ધાર્મિક સ્થળ ખાતે પ્રવાસીઓનું કિડીયારૂ ઊભરાયું છે.પવિત્ર ધાર્મિક સ્થળોની યાત્રા માટેની પૂછપરછમાં છેલ્લા બે વર્ષમાં 97 ટકાનો ઉછાળો નોંધાયો.વર્ષ 2022ની સરખામણીએ વર્ષ 2023માં અયોધ્યાના પ્રવાસ માટેની પૂછપરછમાં 585 ટકાનો ઉછાળો આવ્યો છે. જ્યારે ઉજ્જૈન અને કેદારનાથ માટેની યાત્રાની ઈન્કવાયરીમાં વર્ષ 2022ની તુલનાએ વર્ષ 2023માં અનુક્રમે 359 ટકા અને 343 ટકાનો વધારો નોંધાયો છે, એવી હકીકત એક રિપોર્ટના આધારે બહાર આવી હતી. આ જ પ્રકારે અમરનાથના પ્રવાસ માટે પૂછપરછમાં 329 ટકાની વૃદ્ધિ થઈ છે. જ્યારે કેદાનાથ માટે 322 ટકા, મથુરા માટે 223 ટકા, દ્વારકાધીષ માટે 193 ટકા, શિરડી માટે 181 ટકા, હરિદ્વાર માટે117 ટકા અને બોદ્ધગયા માટે પૂછપરછમાં 114 ટકાનો વધારો થયો છે.હરિદ્વાર અને ઋષિકેશમાં ચારધામ યાત્રા માટેના ઓફલાઈન નોંધણી કેન્દ્રો લાંબા સમયથી અલગ નથી, જ્યાંની મુલાકાત પહેલાથી જ 14 લાખ સહેલાણીઓ લઈ ચૂકયા છે અને નોંધણીની સાપ્તાહિક સરેરાશ મર્યાદા25,000ના આંકને વટાવી ગઈ છે.

# સાઈબર આતંક : ભારતીયોને રૂ.25,000 કરોડનો ફટકો

(એજન્સી) નવી દિલ્હી | તા 18

નવી દિલ્હી: ભારતમાં છેલ્લા ત્રણ વર્ષમાં થયેલા સાઈબર ક્રાઈમના લીધે સામાન્ય લોકોને થયેલું નુકસાન રુ. ૨૫,૦૦૦ કરોડને પણ વટાવી ગયું છે. આ રકમ કેટલાક રાજ્યોના વાર્ષિક બજેટ જેટલી થાય છે, જ્યારે સિક્કિમ જેવા રાજ્યના તો બજેટ કરતાં પણ બમણી રકમ થાય છે. મિનિસ્ટ્રી ઓફ ઈલેક્ટ્રોનિક્સ એન્ડ ઈન્ફોર્મેશન ટેકનોલોજી વિભાગની ઉચ્ચસ્તરીય બેઠકમાં ગૃહ મંત્રાલય અને ઈલેક્ટ્રોનિક્સ મંત્રાલય વિવિધ સોશિયલ મીડિયા ઈન્ટરમીડિઅરીઝ ઈન્સ્ટાગ્રામ, વોટ્સએપ અને ગૂગલ અંગે ચિંતા વ્યક્ત કરી હતી. આ બેઠકમાં તે વાતની સમીક્ષા કરવામાં આવી હતી કે છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન લગભગ ૨૫,૦૦૦ કરોડ રુપિયાના સાઈબર ફ્રોડ થઈ ચૂક્યા છે. ગયા વર્ષે જ દૈનિક ધોરણે ૨૭ સાઈબર ફ્રોડની એફઆઈઆર નોંધાઈ હતી. વાસ્તવમાં આ આંકડો થયેલા સાઈબર ફ્રોડની સામે કેસ નોંધાયો હોય તેવા સાઈબર ફ્રોડ વચ્ચે તુલના કરીએ તો ઘણો ઓછો લાગે છે. આ આંકડા દર્શાવે છે કે જાન્યુઆરી ૨૦૨૪થી જુન ૨૦૨૪ સુધી સેન્ટ્રલ સાઈબર ફ્રોડ એજન્સીએ ૭૯૯ એવી ફરિયાદ મેળવી હતી જેમા પીડિતે એક કરોડ રુપિયા કરતાં વધુ રકમ ગુમાવી હતી. આમ એક કરોડથી વધુ રકમ ગુમાવતી ફરિયાદો અને તેની રકમનો કુલ સરવાળો જ રુ. ૧,૪૨૧ કરોડ થાય છે. બેઠકમાં હાજર રહેલા વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે સરકાર તે પ્રણાલિ પર કામ કરી રહી છે જે મુજબ માહિતીનો પ્રવાહ અત્યંત ઝડપી હોય. હાલમાં તો કંપનીઓ પ્રારંભિક તબક્કામાં વિવિધ પ્રકારની વિગતો માંગે છે. તેના લીધે સાઈબર ફ્રોડને અટકાવવાની પ્રક્રિયામાં વિલંબ થાય છે. ફ્રોડસ્ટર્સ પીડિતોને સરળથી છટકામાં સપડાવવા માટે સોશિયલ મીડિયા એપનો ઉપયોગ કરે છે.

### લાલચ તો બૂરી બલા હૈ!સમુહ લગ્નમાં બે સંતાનોના પિતાના ફરીલગ્ન

(એજન્સી) છત્તીસગઢ | તા 18

છત્તીસગઢના દુર્ગ જિલ્લામાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. સામૂહિક લગ્નમાં બે સંતાનોના પિતાએ પૈસાની લાલચમાં ફરી લગ્ન કરી લીધા. સમૂહ લગ્નનું આયોજન કરતી સંસ્થાનું કહેવું છે કે મામલો પ્રકાશમાં આવતા જ સગીર અને પરિણીત લોકોને બહાર કરી દેવામાં આવ્યા હતા. પરિણીત દંપતી સામે એફઆઈઆર પણ દાખલ કરશે. વાસ્તવમાં દુર્ગમાં આસ્થા બહુહેતુક કલ્યાણ સંસ્થાએ 300 વિકલાંગ યુગલો માટે સમૂહ લગ્નનું આયોજન કર્યું હતું. આ સંસ્થા સેંકડો યુવક-યુવતીઓના લગ્ન કરાવી ચૂકી છે. પરંતુ, આ વખતે એવું કહેવામાં આવ્યું હતું કે સંસ્થા દરેક યુગલને એક લાખ રૂપિયા આપશે. જેને લઈને છત્તીસગઢના સુરગુજા, અંબિકાપુર, સૂરજપુર, બિલાસપુર અને બસ્તરના યુગલો દુર્ગ પહોંચ્યા હતા. છત્તીસગઢના મુખ્યમંત્રી વિષ્ણુ દેવ સાઈ અને દુર્ગના સાંસદ વિજય બઘેલ પોતે પહોંચ્યા હતા. ત્યારબાદ વિકલાંગ વર-કન્યાને આશીર્વાદ આપ્યા હતા.

# દરેક ડીવાઈસ હેક થઈ શકે : ઈલોન મસ્ક, તો ટેસ્લા પણ હેક થઈ શકે : ચંદ્રશેખર

■ ઈવીએમ મુદ્દે મસ્ક અને ભાજપના નેતાઓ વચ્ચે સામ-સામા નિવેદનો

(એજન્સી) નવી દિલ્હી | તા 18

ઈલોન મસ્કે ભારતમાં ઈવીએમના વિવાદને હવા આપી છે - એવું ફોર્બ્સે લખ્યું હતું. ઈલોન મસ્કે બીજા સંદર્ભમાં અગાઉ પોસ્ટ કરી હતી કે ઈવીએમ હેક થઈ શકે છે. એ પછી ભારતમાં એની ચર્ચા જાગી હતી. પૂર્વ આઈટી મંત્રી રાજીવ ચંદ્રશેખરે બચાવમાં પોસ્ટ કરી એ પછી રાહુલે પણ ઈવીએમનો મુદ્દો ઉઠાવ્યો હતો. પછી ફરીથી મસ્કનું નિવેદન આવ્યું, તેની સામે ફરીથી રાજીવ ચંદ્રશેખર બચાવમાં ઉતર્યા. ઈવીએમના મુદ્દે મસ્ક અને ભાજપના નેતાઓ સામ-સામા આવી ગયા છે.

ઈલોન મસ્કે કહેલું કે ઈવીએમ એઆઈથી કે માણસની હેક થઈ શકે છે. એ પછી રાજીવ ચંદ્રશેખરે કહ્યું કે અમેરિકાના ઈવીએમ અને ભારતના ઈવીએમમાં તફાવત છે. ભારતમાં ઈવીએમ ઈન્ટરનેટ સાથે કનેક્ટેડ નથી હોતા. કેલ્યુલેટર, ઓવન જેવા ડિવાઈસ હેક ન થઈ શકે. એવી જ રીતે ઈવીએમ પણ હેક થઈ શકે નહીં. જો મસ્ક એનું ડેમોન્સ્ટ્રેશન માંગે તો અમે આપી શકીએ તેમ છીએ.



વળતા જવાબમાં મસ્કે કહ્યું કે બધું જ, યાને જે ઈલેક્ટ્રિક ડિવાઈસ છે એ હેક થઈ શકે છે. એમાં કંઈ બાકાત નથી. એ પછી રાજીવ ચંદ્રશેખર ફરીથી મેદાનમાં આવ્યા છે. તેમણે મસ્ક પર કટાક્ષ કર્યો હતો અને પૂછ્યું હતું કે એ દલીલ પ્રમાણે તો ટેસ્લા પણ હેક થઈ શકે છે. ઈલોન મસ્કની ટેસ્લા કંપની ઈલેક્ટ્રિક કારની સૌથી મોટી ઉત્પાદક કંપની છે. ટેસ્લાની ઈલેક્ટ્રિક કારને અત્યારે કોઈ સ્પર્ધા આપી શકતું એવો દાવો થઈ રહ્યો છે. ટેસ્લા ભારતમાં પ્રોડક્શન યુનિટ બનાવવાનું વિચારે છે. અત્યારે ચીનમાં ટેસ્લાનું પ્રોડક્શન થઈ રહ્યું છે એટલે ભારતમાં એનું વેચાણ થતું નથી. ચીનમાં ઉત્પાદિત કારને ભારતમાં પરવાનગી આપવામાં આવશે નહીં એવું અગાઉ સરકારે કહેલું. ટેસ્લાના સંદર્ભમાં આવો કટાક્ષ કરીને ચંદ્રશેખરે તેની વિશ્વસનીયતા સામે પણ સવાલ ખડો કર્યો કહેવાય. આ વિવાદ વચ્ચે રાહુલ ગાંધીએ ફરીથી કહ્યું હતું કે ચૂંટણી પંચે ઈવીએમના મુદ્દે વિપક્ષોમાં, લોકોમાં પારદર્શકતા આવે તે માટે પ્રયાસો કરવા જોઈએ. ચૂંટણી પંચે એવી એક સિસ્ટમ ગોઠવવી જોઈએ કે જેનાથી ચૂંટણી પ્રક્રિયા સામે કોઈ સવાલ ખડા ન થાય. કપિલ સિબ્બલે પણ ચૂંટણી કમિશ્નરને બોલો ઓછું, કામ વધુ કરો એવી સલાહ આપીને ચર્ચા જગાવી છે. મસ્કે ઈવીએમનો મુદ્દો ઉઠાવ્યો ત્યારથી દેશમાં વિપક્ષોએ પણ એને મુદ્દો બનાવી દીધો છે.બચાવમાં ઉતરેલા ભાજપના નેતાઓ અને કાર્યકરોએ તો ચેટજીપીટીના સવાલ-જવાબોને ટાંકીને ઈવીએમ હેક થતા નથી એવો દાવો કર્યો છે. ઘણાંએ ચેટજીપીટીને પૂછ્યું કે ભારતમાં ઈવીએમ હેક થાય છે? ચેટજીપીટી તેના જવાબમાં કહે છે કે ઈવીએમ હેક થતા નથી.

# પશ્ચિમ રેલવેના વરિષ્ઠ અધિકારી શ્રી સચિન શર્માએ દક્ષિણ આફ્રિકામાં કોમરેડ્સ મેરેથોન પૂર્ણ કરી

અમદાવાદ | તા.18

પશ્ચિમ રેલવે ના મહાપ્રબંધક ના સચિવ શ્રી સચિન અશોક શર્માએ દક્ષિણ આફ્રિકામાં તાજેતરમાં પૂર્ણ થયેલી કોમરેડ્સ મેરેથોન 2024માં નોંધપાત્ર સફળતા હાંસલ કરી છે. કોમરેડ્સ મેરેથોન એ વિશ્વની સૌથી પડકારરૂપ લાંબા અંતરની રેસમાંની એક છે. શ્રી શર્માએ દક્ષિણ આફ્રિકાના ડરબનથી પીટરમેરિટ્ઝબર્ગ સુધીની 86 કિલોમીટરની મેરેથોન 11 કલાક અને 24 મિનિટમાં પૂરી કરી હતી. વિશ્વની સૌથી જૂની અને અઘરી મેરેથોન તરીકે જાણીતી કોમરેડ્સ મેરેથોનમાં વિવિધ દેશોના 20,000 દોડવીરોએ ભાગ લીધો હતો, જેણે તેને વિશ્વની સૌથી મોટી મેરેથોન બનાવી દીધી. 1921માં શરૂ થયેલી આ ઐતિહાસિક રેસમાં 1,800 મીટરની ઊંચાઈ સાથે કઠિન ચઢાણનો સમાવેશ થાય છે. સચિન શર્માની



સિદ્ધિ એક નિયમિત ફિટનેસ ઉત્સાહી તરીકે તેમના સમર્પણ અને સહનશક્તિનો પુરાવો છે. તેઓ તેમના શાળાના દિવસો (સિંધિયા સ્કૂલ, ગ્વાલિયર) થી જ રમતગમત અને આઉટડોર પ્રવૃત્તિઓમાં સક્રિયપણે સામેલ રહ્યા છે જેમાં એથ્લેટિક્સ, ક્રિકેટ, ફૂટબોલ, બોક્સિંગ, સ્કેટિંગ, બેડમિન્ટન, શૂટિંગ વગેરેમાં વિશેષ રુચિ રહી છે. કોલેજમાં તેમ ણે વેઈટ ટ્રેનિંગ અને ટૂંકા અંતરની દોડની પ્રેક્ટિસ કરી હતી. સિવિલ સર્વિસીસની તૈયારીના દિવસો દરમિયાન, તેમણે દરરોજ જોગિંગ કર્યું અને એકેડેમીમાં રહીને તેમને ક્રોસ કન્ટ્રીમાં ગોલ્ડ મેડલ જીત્યો. શ્રી સચિને તેમના વ્યસ્ત કાર્ય શેડ્યૂલ હોવા છતાં, જીમમાં નિયમિત સ્ટ્રેન્થ ટ્રેનિંગ ની સાથે -સાથે થોડુંક દોડવાનું પણ ચાલુ રાખ્યું. તેઓએ કોવિડ રોગચાળાના લોકડાઉન ના દિવસોમાં યોગ અને કિક બોક્સિંગ શરૂ કર્યું. પાછલા કેટલાક વર્ષો માં શ્રી સચિન શર્માએ ઘણી 10km રેસ, હાફ અને ફુલ મેરેથોન, અલ્ટ્રા મેરેથોન, ટ્રાયથલોનમાં ભાગ લીધો છે.

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**પાર્સલ જગ્યા લીઝ આપવા માટે ઈ-ઓક્શન**

ઉપરોક્ત સંદર્ભમાં, નીચેની યાદી મુજબ અમદાવાદ ડિવિઝનમાંથી ચાલતી પેસેન્જર ટ્રેનોમાં પાર્સલ જગ્યા લીઝઆપવા માટે ઈ-ઓક્શન પર બિડ મંગાવવામાં આવે છે, જે IREPS વેબસાઈટ પર પહેલેથી જ પ્રકાશિત કરવામાં આવી છે. વિગતો નીચે મુજબ રજૂ કરવામાં આવી છે:-

| કેટલોગ નં. | કરારના પ્રકારો | કેટેગરી | હરાજીની તારીખ અને સમય |
|---|---|---|---|
| ADI-Lease-20-24 | પાર્સલ | પાર્સલ SLR &પાર્સલ વેન | તમામ લોટ માટે ઇ-ઓક્શન તારીખ 01-07-24 ના રોજ બપોરે 10:00 વાગ્યે શરૂ થશે. |

**નોંધ :** સંભવિત બિડર્સને IREPS વેબસાઇટ (www.ireps.gov.in) પર ઇ-ઓક્શન લીઝિંગ મોડ્યુલની મુલાકાત લેવા વિનંતી કરવામાં આવે છે. લોટ મુજબની વિગતો ત્યાં દર્શાવેલ શ્રેણી નંબર હેઠળ ઉપલબ્ધ છે. પ્રારંભિક ઠંડકનો સમયગાળો 30 મિનિટ છે. સળંગ લોટ બંધ થવાનું અંતરાલ 10 મિનિટ છે. IREPS માં ઈ-ઓક્શન મોડ્યુલમાં લોટ-વાઈઝ ક્લોઝિંગ ટાઈમ જોઈ શકાશે. 73

અમને ફોલો કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**ઉત્તર મધ્ય રેલવે**

ઈ-ટેન્ડર સૂચના નંબર :- JHS-N-W-37-24

**ઈ-ટેન્ડરિંગ ટેન્ડર નોટિસ**

સિનિયર ડિવિઝનલ સિગ્નલ અને ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર, નોર્થ સેન્ટ્રલ રેલ્વે ઝાંસી નીચેના કામ માટે ભારતના રાષ્ટ્રપતિ માટે અને તેના વતી ઓનલાઈન (ઈ-ટેન્ડરિંગ) દ્વારા ઓપન ટેન્ડર આમંત્રિત કરે છે.

કાર્યનું અંદાજીત ખર્ચ :- રૂ : 17766179.60 | અનામત રકમ :- રૂ : 238800/-

કામનું નામ:- ડીઆરએમ કોન્ફરન્સ રૂમનું અપગ્રેડેશન ડીવીઝનની ડીઆરએમ ઓફિસમાં સ્થાપિત થયેલ છે.

ટેન્ડર ફોર્મની કિંમત :- શૂન્ય, ટેન્ડર ખુલવાની તારીખ :- 10-07-2024 , સમય :- 15:00, સ્વીકૃતિ પત્ર મળ્યાથી કાર્ય પૂર્ણ કરવાનો સમયગાળો :- 06 મહિના, • ટેન્ડર તારીખ 10-07-2024 એ 15:00 કલાક સુધી ઓનલાઇન સબમિટ કરી શકાય છે . • સંપૂર્ણ માહિતી તેમજ ટેન્ડર પ્રસ્તુત કરવા માટે ભારતીય રેલ્વેના વેબસાઇટ www.ireps.gov.in (ઉત્તર મધ્ય રેલવે/ઝાંસી વિભાગ -S &T) પર જુઓ .

1049/24 (P)

North central railways www.ncr.indianrailways.gov.in @northcentralrailway @CPRONCR

**AVAILABLE FOR SALE**

| MAKE | MODEL | REG NO |
|---|---|---|
| MAHINDRA/BOLERO MAXX CITY PIK-UP | 2023 | GJ-27-TD-6637 |
| TATA/ACE GOLD | 2023 | GJ-01-KT-7277 |
| MAHINDRA/BOLERO MAXI TRUCK | 2023 | GJ-27-TD-6182 |
| MARUTI/SUPER CARRY | 2022 | GJ-07-TU-2837 |
| MARUTI/SUPER CARRY | 2023 | GJ-38-TA-1257 |

IN “AS IS WHERE IS CONDITION”
CONTACT: - WITHIN 5 DAYS
SUNDARAM FINANCE LTD.
212 A 214, B WING, WESTBANK, OPP VALLABH SADAN,
ASHRAM ROAD, AHMEDABAD-380009 GUJARAT
PH: 9723708989

### TET-TAT પાસ ઉમેદવારોનો હલ્લાબોલ

ગુજરાતમાં રાજ્ય સરકારે કાયમી શિક્ષકોની ભરતી કરવાના બદલે કરાર આધારિત જ્ઞાનસહાયકોની ભરતી શરૂ કરી છે. ત્યારે આજે વધુ એકવાર ગાંધીનગર ટેટ-ટાટ પાસ થયેલા ઉમેદવારો કાયમી ભરતી કરવાની માગ સાથે એકઠા થયા હતા અને હલ્લાબોલ કર્યો હતો. ગાંધીનગરના પથિકાશ્રમ પાસે આંદોલન કરી રહેલા ઉમેદવારોની પોલીસે ટીંગાટોળી કરી અટકાયત કરી હતી.જ્ઞાનસહાયક નહીં કાયમી શિક્ષકની ભરતી કરવા માગ રાજ્યની શાળાઓમાં સરકાર દ્વારા કરાર આધારિત જ્ઞાનસહાયક તરીકે શિક્ષકોની ભરતી કરવામાં આવી રહી છે.


# સિટી એક્સપ્રેસ

WEDNESDAY 19 JUNE-2024

AHMEDABAD


### ગાંધીનગરના નવા મેયર તરીકે મીરા પટેલની વરણી

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં છેલ્લા કેટલાય દિવસોથી ઉત્તર-દક્ષિણની વર્ચસ્વની લડાઈના ટલ્લે ચડેલી મેયર, ડેપ્યુટી મેયર તેમજ સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેનની નિમણૂકની પસંદગીના સસ્પેન્સનો અંત આવી ગયો છે. ગઈકાલે મોડી સાંજે શરૂ થયેલી પાર્લામેન્ટરી બોર્ડની બેઠકમાં પણ રાત સુધી કોકડું ગૂંચવાતાં સસ્પેન્સ યથાવત્ રહ્યું હતું. ત્યારે આજે મળેલી સામાન્ય સભામાં સંગઠન દ્વારા સીધો જ મેન્ડેટ મોકલી આપવામાં આવતાં સૌના આશ્ચર્ય વચ્ચે મેયર તરીકે મીરાબેન પટેલની વરણી કરવામાં આવી છે. મીરાબેન પટેલ વોર્ડ નંબર 10નાં કાઉન્સિલર છે.



### ગુજરાતમાં ધીમા પગલે ચોમાસું પ્રવેશી રહ્યું છે, રાજ્યના અનેક જિલ્લામાં વરસાદની આગાહી

# ગુજરાતમાં મેઘ મહેર: અમરેલીમાં ધોધમાર વરસાદ, નવસારીમાં એલર્ટ

(એજન્સી) અમદાવાદ । તા.18

ગુજરાતમાં ધીમા પગલે ચોમાસું પ્રવેશી રહ્યું છે. સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં ઘણાં દિવસોથી અવરિત મેઘ મહેર થઈ રહી છે. ત્યારે આજે (18મી જૂન) પણ અમરેલી જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો હતો. આ ઉપરાંત નવસારી. જૂનાગઢ, ભરૂચ, ગીર સોમનાથ, સુરત સહિતના જિલ્લામાં ધોધમાર વરસાદ પડ્યો હતો. આજે સવારથી જ દક્ષિણ ગુજરાતના કેટલાક વિસ્તારોમાં વરસાદે પધરામણી કરી હતી. સુરત જિલ્લામાં આવેલા પીપલોદ, ઉમરા, રાંદેર, ડુમસ, અઠવા ગેટ સહિતના વિસ્તારોમાં વરસાદ વરસ્યો હતી. ભરૂચ જિલ્લામાં પણ મેઘરાજાએ પધરામણી કરી હતી. અંકલેશ્વર પંથકમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. જેમાં કાપોદ્રા, ગડખોલ, ભડકોદ્રા, પીરમાણ, કોસમડી સહિતના વિસ્તારોનો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે વાવણીલાયક વરસાદ શરૂ થતાં જ જગતના તાતમાં ખુશીની લહેર છવાઈ ગઈ છે.



## આ જિલ્લામાં વરસાદની આગાહી

હવામાન વિભાગની આગાહી અનુસાર, 19મી જૂનના રોજ ખેડા, આણંદ, મહિસાગર, પંચમહાલ, દાહોદ, વડોદરા, ભરૂચ, નર્મદા, છોટા ઉદેપુર, સુરત, તાપી, ડાંગ, નવસારી અને વલસાડમાં ગાજવીજ સાથે જ્યારે જૂનાગઢ, અમરેલી, ભાવનગર અને ગીર સોમનાથમાં હળવોથી મધ્યમ વરસાદ થઈ શકે છે. જ્યારે 20મી અને 21મી જૂનના રોજ વડોદરા, ભરૂચ, છોટા ઉદેપુર, નર્મદા, સુરત, તાપી, નવસારી, ડાંગ અને વલસાડમાં ગાજવીજ સાથે વરસાદ જ્યારે જૂનાગઢ, ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગરમાં હળવો વરસાદ થવાની શક્યતા છે. અમરેલી જિલ્લામાં સતત ત્રણ દિવસથી વરસાદ હવામાન વિભાગની આગાહી વચ્ચે અમરેલી જિલ્લામાં સતત ત્રણ દિવસથી વરસાદ વરસી રહ્યો છે. ધારી, ચક્કરગઢ, દેવભૂમિ દેવળીયા સહિત ગામોમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. જેના પગલેદેવભૂમિ દેવળીયાની નદીમાં પૂર આવ્યું છે.

NEWS BRIEF

### ગાંધીનગર ખાતેથી TD અને DPT રસીકરણ અભિયાનનો કરાયો રાજ્યવ્યાપી પ્રારંભ



અમદાવાદ । આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે આજે ગાંધીનગર ખાતેથી TD (ટિટેનસ અને ડિપ્થેરીયા) અને DPT (ત્રિગુણી) રસીકરણ અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો હતો. જુન-જુલાઈ-ઓગષ્ટ મહિના દરમિયાન રાજ્યના અંદાજીત 23 લાખ બાળકોનું રસીકરણ હાથ ધરાશે. આ વેક્સિન ધનૂર અને ડિપ્થેરીયા સહિતના 11 પ્રકારના ઘાતક રોગો સામે પ્રતિરોધક છે. આરોગ્યમંત્રી ઋષિકેશ પટેલે કહ્યું નિ:શુલ્ક રસીકરણ અભિયાનનો મહત્તમ લાભ લઈએ રસીકરણનો પ્રારંભ કરાવતા તેમણે ધનૂર અને ડિપ્થેરીયા ઉપરાંત ઝેરી કમળો, બાળ ટી.બી., પોલીયો, ઓરી, રૂબેલા, ન્યુમોનિયા અને મગજના તાવ જેવા ઘાતક રોગો સામે પ્રતિરોધક આ રસીનો રાજ્યના મહત્તમ બાળકોને લાભ લેવા અનુરોધ કર્યો હતો.

### ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે 44 રિચાર્જ બોરવેલનું લોકાર્પણ



અમદાવાદ । મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વલ્લભ યુથ ઓર્ગેનાઈઝેશન-VYO દ્વારા રાજ્યમાં નિર્મિત ૪૪ રિચાર્જ બોરવેલનું ગાંધીનગરથી લોકાર્પણ કર્યું હતું. વલ્લભ કુલભૂષણ વૈષ્ણવાચાર્ય વ્રજેશકુમારજીની પ્રેરણાથી VYO એ જળ સંરક્ષણ અભિયાન અંતર્ગત આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે રાજ્યનાં ૭૫ ગામોમાં રિચાર્જ બોરવેલનું આયોજન કર્યું હતું. આ અગાઉ ૩૧ રીચાર્જ બોરવેલના સફળતાપૂર્વક લોકાર્પણ બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે મંગળવારે ૧૮ મી જુને વધુ ૪૪ રિચાર્જ બોરવેલના લોકાર્પણ કર્યા હતા.

### પકવાન બ્રિજથી રોંગ સાઈડમાં યુ ટર્ન લઇને લક્ઝરી બસે લોકોના જીવને જોખમમાં મૂક્યા



અમદાવાદ । અમદાવાદના એસ.જી. હાઇ-વે પર લોકોના જીવના જોખમમાં મૂકીને બસ ચલાવનાર ડ્રાઈવરનો વીડિયો સોશિયલ મીડિયામાં વીડિયો વાઈરલ થતાં ટ્રાફિક પોલીસે વીડિયોના આધારે લક્ઝરીના ડ્રાઈવર સામે ગુનો નોંધી ધરપકડ કરી છે. આ વીડિયો મુજબ શ્રી રામ ટ્રાવેલ્સની લક્ઝરી બસનો ચાલક પકવાન બ્રિજ પાસેથી રોંગ સાઈડમાં યુ ટર્ન લઈને લોકોના જીવને જોખમમાં મૂકી લક્ઝરી બસ ચલાવી રહ્યો હતો.ડ્રાઈવરની ધરપકડ કરીને બસને ડીટેન કરી સોશિયલ મીડિયા પર વાઈરલ થયેલા વીડિયોમાં સફેદ કલરની શ્રી રામ લખેલી ટ્રાવેલ્સની લક્ઝરી બસ પકવાન બ્રિજના છેડાથી યૂ ટર્ન લઈ રોંગ સાઈડમાં આવી રહી હતી.

### એક કારમાંથી શંકાસ્પદ ડિવાઈસ મળ્યુ

## વડોદરા એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી



(એજન્સી) વડોદરા । તા.18

દેશમાં લોકસભાની ચૂંટણીના મતદાન સમયે સ્કૂલોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકીઓ મળી હતી. તે ઉપરાંત અમદાવાદ સહિત ભોપાલના રાજાભોજ એરપોર્ટ, દિલ્હી, જયપુર, અમદાવાદ, લખનઉ, પટના, અગરતલા, ગુવાહાટી, જમ્મૂ, ઔરંગાબાદ, બાગડોગરા અને કાલીકટ એરપોર્ટને પણ બોમ્બથી ઉડાડવાની ધમકી ભરેલો ઈ-મેઈલ મળ્યો હતો. હવે વડોદરા એરપોર્ટને ઉડાવી દેવાની ધમકી મળી છે. એરપોર્ટ ઓથીરિટીને મેઈલ દ્વારા ધમકી અપાઈ છે. ધમકીને પગલે CISF અને પોલીસ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. તપાસમાં એક કારમાંથી શંકાસ્પદ ડિવાઈસ પણ મળી આવ્યું છે.

#### એરપોર્ટમાં પ્રવેશતા દરેક વાહનોનું ચેકિંગ

વડોદરાના એરપોર્ટને બોમ્બથી ઉડાડી દેવાની ધમકીભર્યો મેઈલ એરપોર્ટ ઓથોરિટીને મળ્યો છે. એરપોર્ટ ઓથોરિટીને ધમકી ભર્યો મેઈલ મળતાં એરપોર્ટ તંત્ર દોડતું થયું છે. બોમ્બથી ઉડાડી દેવાની ધમકીને પગલે સ્થાનિક પોલીસને પણ જાણ કરવામાં આવી છે. પોલીસ અને સીઆઈએસએફ દ્વારા ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે.પોલીસ કાફલો ખડકી દેવાયો છે. એરપોર્ટમાં પ્રવેશતા દરેક વાહનોનું ચેકિંગ કરવામાં આવી રહ્યું છે. હરણી પોલીસ સહિતની તપાસ એજન્સીઓ સક્રિય બની છે. એરપોર્ટ આવતા દરેક પેસેન્જરનું ચેકિંગ કરીને બાદમાં પ્રવેશ આપવામાં આવે છે. એરપોર્ટ પર સઘન ચેકિંગ હાથ ધરાયું છે.

### ગુજરાત કોલેજમાં MA અને MSCના કોર્ષ બંધ

**ABVP એ આક્ષેપ કરતા કહ્યું - સેલ્ફ ફાયનાન્સ કોલેજને ફાયદો કરાવવાનો કારસો છે**

(એજન્સી) અમદાવાદ । તા.18

આઝાદી પૂર્વે 1845માં શરૂ થયેલી ગુજરાત કોલેજમાં MA અને MSCના કોર્ષ બંધ કરવામાં આવ્યા છે. વર્ષો જૂની સંસ્થામાં ગ્રાન્ટેડ કોલેજના વર્ગ બંધ કરવામાં આવતા વિદ્યાર્થીઓ અને ABVP દ્વારા વિરોધ કરવામાં આવ્યો છે. ABVP એ આક્ષેપ કર્યો છે કે, સેલ્ફ ફાયનાન્સ કોલેજને ફાયદો કરાવવા ગ્રાન્ટેડ કોલેજ બંધ કરવાનો કારસો છે. ABVP એ કુલપતિને આ અંગે રજૂઆત કરી હતી. બિલ્ડિંગ જર્જરિત હોવાનું કહી કોલેજે કોર્ષ બંધ કર્યા અમદાવાદની 179 વર્ષ જૂની ગુજરાત કોલેજમાં MA અને MSCના કોર્ષ ચાલી રહ્યા હતા પરંતુ, બિલ્ડિંગ જર્જરિત હોવાનું કહીને કોલેજે કોર્ષ બંધ કર્યા છે, જેના કારણે આ વર્ષે MAના 250 અને MSCના 100 જેટલા વિદ્યાર્થીઓને ગુજરાત કોલેજમાં પ્રવેશ નહિ મળે. જેથી, વિદ્યાર્થીઓ સાથે ABVP દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. ABVP એ માંગ કરી છે કે, કોર્ષ બંધ ન કરીને વિદ્યાર્થીઓને બીજે અભ્યાસ કરાવવામાં આવે.

## સ્કૂલવર્ધી એસો.ની હડતાલ

### વાલીઓએ નોકરી પરથી સમય કાઢી બાળકને લેવા જવું પડશે, ઝડપથી નિકાલ માટે RTOને જાણ કરીશું: શિક્ષણમંત્રી



(એજન્સી) અમદાવાદ । તા.18

આજથી સ્કૂલવર્ધી એસોસિએશન હડતાળ પર ઉતર્યું છે જેના કારણે વાલીઓએ પોતાના બાળકોને જાતે સ્કૂલે મૂકવા આવવું પડ્યું છે, જેના કારણે વાલીઓ મુશ્કેલીમાં મુકાયા છે. સ્કૂલની બહાર ટ્રાફિક જામના દૃશ્યો તથા વાલીઓના વાહનોની લાંબી લાઈન જોવા મળી હતી. જ્યારે વર્ધી એસોસિએશનનું કહેવું છે કે, અમે દિલગીર છીએ, પરંતુ સરકારે અમને મુદત આપવી જોઈએ. ખોડીદાસ પટેલ નામના વાલીએ જણાવ્યું હતું કે, સ્કૂલ વાન અને રિક્ષાચાલકોને નિયમોનું પાલન કરવું જોઈએ. એક સાથે વધુ સંખ્યામાં બાળકોને ના બેસાડવા જોઈએ. સરકારે અને વર્ધી એસોસિએશને સાથે મળીને બેઠક કરીને નિર્ણય કરવો જોઈએ. અમે સવારે તો બાળકને મૂકવા આવી શક્યા છીએ, પરંતુ નોકરી-ધંધે જવાનું હોવાથી હવે બાળકને સમય બગાડીને લેવા પણ આવવું પડશે. બસમાં પણ બાળકને મોકલી તો ટ્રાફિક નડે છે.

# નેટફ્લિક્સની ‘મહારાજ’ ફિલ્મ પર સ્ટે યથાવત

### દલીલોમાં ફુલનદેવી-ગંગુબાઇ ફિલ્મોનો ઉલ્લેખ, કોર્ટને કહ્યું- ’એક વાર ફિલ્મ જોઇ તો લો...પછી નિર્ણય કરો ’: કાલે ફરી સુનાવણી

(એજન્સી) અમદાવાદ । તા.18

બોલિવૂડ એક્ટર આમિર ખાનના પુત્ર જુનૈદ ખાનની ‘મહારાજ’ ફિલ્મ પર લાગેલા સ્ટેને લઈને ગુજરાત હાઈકોર્ટમાં આજે જજ સંગીતા વિશેનની બેંચ સમક્ષ સુનાવણી હાથ ધરવામાં આવી હતી, જેમાં નેટફ્લિક્સ વતી સિનિયર એડવોકેટ મુકુલ રોહતગી ઓનલાઈન હાઈકોર્ટની કાર્યવાહીમાં જોડાયા હતા. યશરાજ બેનર વતી સિનિયર એડવોકેટ જાલ ઉનવાલા અને શાલીન મહેતા કોર્ટમાં ઉપસ્થિત રહ્યાં હતાં, જોકે અઢી કલાક ચાલેલી સુનાવણી દરમિયાન બંને પક્ષકારો દ્વારા દલીલો કરવામાં આવી હતી, પરંતુ કોર્ટનો સમય પૂર્ણ થતાં વધુ સુનાવણી આવતીકાલે 2.30 વાગ્યે હાથ ધરાશે. ત્યાં સુધી ફિલ્મ પર સ્ટે યથાવત્ રાખવામાં આવ્યો છે. નેટફ્લિક્સ વતી એડવોકેટ મુકુલ રોહતગીએ જણાવ્યું હતું





કે આ ફિલ્મ પરનો વચગાળાનો સ્ટે દૂર કરાય, ભલે બાદમાં હાઈકોર્ટમાં સુનાવણી ચાલે, ફરિયાદીએ તેની અરજીમાં જણાવ્યું છે કે આ ફિલ્મ બદનક્ષી અને ધાર્મિક લાગણીઓ દુભાવનારી છે. સુપ્રીમ કોર્ટના ફૂલનદેવી કેસનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં જણાવ્યું છે કે ફૂલનદેવી એક ડાકુ રાણી હતી. એમાં તેને કેટલી વખત રેપ કરાય છે એ દર્શાવ્યું છે. તે એક પછાત જાતિથી હતી. તે કેસમાં કોર્ટે કહ્યું હતું કે એક કલાકારે સમાજને દર્પણ બતાવ્યું છે. ‘કાયપો છે’ ફિલ્મને લગતી અરજી પરનો ચુકાદો અને પદ્માવત ફિલ્મના કેસનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે. OTT માટે CBFC સર્ટિફિકેટની જરૂર નહીં: યશરાજ ફિલ્મના વકીલ યશરાજ ફિલ્મના વકીલે જણાવ્યું હતું કે OTT માટે CBFC સર્ટિફિકેટની જરૂર નહીં. આખી ફિલ્મ સંપૂર્ણ જજમેન્ટને રજૂ કરતી નથી, કોર્ટ ફિલ્મ જોવા માગે તો અમે તૈયાર છીએ. જજમેન્ટ ફિલ્મમાં વંચાયું નથી, ફક્ત કેસ ડિસમિસ કરાયો એવું જ બતાવાયું છે. કોર્ટ ઈચ્છે ત્યારે અરજી આધારે સ્ટે આપી શકે: ફરિયાદીના વકીલ ફરિયાદી વતી સિનિયર એડવોકેટ મિહિર જોશીએ દલીલ કરતાં જણાવ્યું હતું કે કોર્ટ ઈચ્છે ત્યારે અરજી આધારે સ્ટે આપી શકે, ફિલ્મ રિલીઝના આગળના દિવસે સ્ટે અપાયો હતો.

### સોલા સિવિલનો રેસિડેન્ટ ડોક્ટર SVP હોસ્પિટલમાં શંકાસ્પદ ઝડપાયો, ડ્રગ્સ લેવા ઉપયોગ થતાં ઇન્જેક્શન લેવા આવ્યો હોવાની શંકા

(એજન્સી) અમદાવાદ । તા.18

શહેરના એલિસબ્રિજ વિસ્તારમાં આવેલી સરદાર વલ્લભભાઈ પટેલ (SVP) હોસ્પિટલમાં સોલા સિવિલ હોસ્પિટલનો રેસિડેન્ટ ડોક્ટર શંકાસ્પદ હાલતમાં ઝડપાયો હતો. સિક્યુરિટી ગાર્ડ દ્વારા શંકાસ્પદ હાલતમાં ઝડપેલા રેસિડેન્ટ ડોક્ટરની તપાસમાં બહાર આવ્યું હતું કે, સોલા સિવિલ હોસ્પિટલનો ડોક્ટર ઈન્જેક્શન લેવા માટે SVP હોસ્પિટલ ખાતે આવ્યો હતો. આ ડોક્ટરના શરીર પર ઈન્જેશનના નિશાન જોવા મળ્યા હતા. ડ્રગ્સ જેવા માદક પદાર્થો લેતા હોય તેવા નિશાન હતા. આ મામલે SVP હોસ્પિટલ દ્વારા સોલા સિવિલ મેડિકલ કોલેજના ડીનને પત્ર લખી સમગ્ર બાબત અંગે ખુલાસો માંગવામાં આવ્યો છે. હોસ્પિટલમાં ઈન્જેશન લેવા માટે આવ્યો હતો હોસ્પિટલના કોઈ ડોક્ટરની સાથે મળ્યો હતો કે કેમ? રેસિડેન્ટ ડોક્ટર



દ્વારા કોઈ ડ્રગ્સ જેવા માદક પદાર્થનું સેવન કરવામાં આવ્યું હોય અથવા તેની પાસેથી કોઈ એવો પદાર્થ મળી આવ્યો નહોતો. જોકે, સોલા સિવિલ મેડિકલ કોલેજનો રેસિડેન્ટ ડોક્ટર હોવાથી ત્યાંના ડીનને જાણ કરવામાં આવી છે. તમામ પ્રકારની વિગતો પણ માંગવામાં આવી છે. સમગ્ર મામલાની તપાસ સોલા સિવિલ મેડિકલ કોલેજ તરફથી કરવામાં આવી રહી છે. અગાઉ એસવીપી હોસ્પિટલમાં આવી ચૂક્યો છે. ત્યારે હોસ્પિટલના કોઈ ડોક્ટરની સાથે મળ્યો હતો કે કેમ તે વગેરે અંગેની તપાસ કરવામાં આવી રહી છે.

## આખરે ગુજરાત યુનિ.એ પ્રોફેસરને ટર્મિનેટ કર્યા

### પ્રોફેસર સામે મહિલા પ્રોફેસરે જાતીય ઉત્પીડનની ICCમાં ફરિયાદ કરી હતી, હાઇકોર્ટમાં અરજી પેન્ડિંગ

(એજન્સી) અમદાવાદ । તા.18

ગુજરાત યુનિવર્સિટીમાં સમાજવિદ્યા ભવનના પ્રોફેસર મુકેશ ખટીક વિરુદ્ધ થયેલી જાતીય સતામણી અને માનસિક ત્રાસ આપવાની ફરિયાદને લઈને તપાસ ચાલી રહી હતી. જેનો રિપોર્ટ 24 મેના રોજ આવતાં જ બીજા દિવસે મીડિયાને આ પ્રોફેસરને ટર્મિનેટ કરાશે તેમ જણાવાયું હતું. પ્રોફેસર ગુજરાત હાઈકોર્ટ પહોંચ્યા હતા. તેમને આ તપાસને પડકારી છે. તેમજ યુનિવર્સિટી તેમના વિરુદ્ધ નકારાત્મક પગલાં ના લે તે માટે દાદ માગી હતી. કોર્ટે જણાવ્યું હતું કે, પ્રોફેસર સામે ગંભીર આક્ષેપો થયા હતા, જે તપાસમાં બહાર આવતા તેમને હટાવાઈ રહ્યા છે. આજે આ મુદ્દે હાઈકોર્ટમાં વધુ સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જેમાં કોર્ટને જણાવ્યું હતું કે, યુનિવર્સિટીની એક્ઝિક્યુટિવ કાઉન્સિલે પ્રોફેસરને 14 જૂનના રોજ ટર્મિનેટ કરી નાખ્યા છે. આથી હવે હાઈકોર્ટ સમક્ષ કરાયેલી માગ પણ બદલવી પડે તેવી શક્યતા છે. જેથી હવે નવેસરથી પિટિશન મેમો ફાઈલ કરવામાં આવશે. જોકે, આવતીકાલે આ મુદ્દે વધુ સુનાવણી હાથ ધરાશે. અરજદારને ટર્મિનેટ ના કરાય તેવી માગ કરી હતી આ કેસની સુનવણીમાં અગાઉ અરજદારના વકીલે જણાવ્યું હતું કે, તેમને 3 જૂનના રોજ ઓથોરિટીનો પત્ર મળ્યો હતો. જેમાં અરજદારનો ખુલાસો માંગવામાં આવ્યો છે. તેનો જવાબ આપી દેવાયો છે, ઓથોરિટી નિર્ણય લઈને અરજદારને સેવામુક્ત કરશે. અરજદારને જવાબ આપવા ફક્ત 5 દિવસ આપવામાં આવ્યા હતો.

## નિર્જળા એકાદશી: અમદાવાદના જમાલપુર જગન્નાથ મંદિરે ભક્તોની ભીડ; માટીના ઘડામાં પાણી, કેરી અને પંખો ભગવાનને અર્પણ

(એજન્સી) અમદાવાદ । તા.18

નિર્જળા એકાદશી એટલે કે, ભીમ અગિયારસ છે. વર્ષની 24 એકાદશીમાંથી સૌથી શ્રેષ્ઠ અને ફળ આપનારી આ એકાદશી છે. અષાઢી સુદ બીજના દિવસે નીકળનારી ભગવાન જગન્નાથની રથયાત્રાની તમામ તૈયારીઓ અને કાર્યક્રમો આજે નિર્જળા એકાદશીથી શરૂ થાય છે. જમાલપુર જગન્નાથ મંદિરે આજે મોટી સંખ્યામાં ભક્તો માથા પર પાણીની માટલી, કેરી અને પંખો લાવી ભગવાનને અર્પણ કર્યાં હતાં. આજની એકાદશીએ મંદિરમાં મોટી સંખ્યામાં ભક્તોએ ભગવાનનાં દર્શન કર્યાં હતાં. અહીં ઉલ્લેખનીયે છે કે, 7 જુલાઈએ ભગવાન



જગન્નાથજી નગરચર્યાએ નીકળશે, તે પહેલાં 22 જૂને જળયાત્રાનું આયોજન કરવામાં આવશે. રથયાત્રાને લઈને 22 જૂનથી શરૂ થનારા વિવિધ કાર્યક્રમો 30 જૂન સુધી ચાલશે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, આજે નિર્જળ વ્રત કરીને ભક્તો માટીના ઘડામાં જળ, પંખો, કેરી વગેરે ભગવાનને અર્પણ કરતા હોય છે. આજે જમાલપુર જગન્નાથ મંદિર ખાતે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો ઊમટી પડ્યા છે. એકાદશીના દિવસે ભગવાનનાં દર્શન કરવા અને ભગવાનને પાણીનો ઘડો અર્પણ કરવા ભક્તોની ભીડ ઊમટી પડી છે. હિન્દુધર્મમાં એકાદશી તિથિનું ખૂબ જ મહત્ત્વ હોય છે. દર મહિનામાં બે વખત એકાદશી આવે છે. એક કૃષ્ણ પક્ષમાં અને એક શુક્લ પક્ષમાં. વર્ષમાં કુલ 24 એકાદશી આવે છે.